# BVU, BVV, BVW, BVX, BVY

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | Junior Staff Officer(Administration), Class-2,<br>General Manager, Class-1(GMB) (Special Recruitment Drive For Divyang),<br>Deputy General Manager, Class-1(GMB)(Special Recruitment Drive For Divyang),<br>Manager, Class-1(GMB) (Special Recruitment Drive For Divyang),<br>Administrative Officer, Class-2, (VARIOUS MUNICIPALITIES) |
| **Advertisement No.** | **14,15, 16, 17, 38/2026-27** |
| **Preliminary Test Held On** | **06-09-2026** |
| **Que. No** | **001-200** |
| **Publish Date** | **09-09-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **16-09-2026 (Till 04:00 PM)** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 10-09-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

(8) Objections must be supported by authentic references or documentary evidence. Objections based solely on AI, GPT, or similar tools without supporting evidence shall not be considered. For calculation-based, mathematical, statistical, or reasoning questions, candidates shall provide the relevant calculation, methodology, or logical basis in support of the objection.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શકશે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેકશન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી(માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાવ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

(8) વાંધો પ્રમાણભૂત અને અધિકૃત સંદર્ભો અથવા દસ્તાવેજી પુરાવાથી સમર્થિત હોવો આવશ્યક છે. માત્ર AI, GPT અથવા સમાન સાધનો દ્વારા જનરેટ કરાયેલ અને આધારભૂત પુરાવા વિનાના વાંધાઓની વિચારણા કરવામાં આવશે નહીં. ગણતરી આધારિત, ગાણિતિક, આંકડાશાસ્ત્રીય અથવા તાર્કિક પ્રશ્નોના કિસ્સામાં ઉમેદવારે સબંધિત ગણતરી, પદ્ધતિ અથવા તાર્કિક આધાર રજૂ કરવાનો રહેશે.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. જાહેર વહીવટ (Public Administration) ના વ્યાપક (Broad) અને સંકુચિત (Narrow) અભિગમના સંદર્ભમાં નીચેના નિવેદનો પર વિચાર કરો:

   1. વ્યાપક અભિગમ મુજબ જાહેર નીતિના અમલીકરણમાં સંકળાયેલા તમામ કર્મચારીઓ—લિપિકીય સ્ટાફથી લઈને ઉચ્ચસ્તરીય વ્યવસ્થાપન સુધી—જાહેર વહીવટનો ભાગ ગણાય છે.
   2. સંકુચિત અભિગમ જાહેર વહીવટને માત્ર ઉચ્ચસ્તરીય અધિકારીઓ દ્વારા કરવામાં આવતા આયોજન, સંગઠન અને દિશાનિર્દેશન જેવી પ્રવૃત્તિઓ સુધી મર્યાદિત રાખે છે.
   3. આધુનિક શાસનવ્યવસ્થા કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા માટે માત્ર સંકુચિત અભિગમ પર જ આધાર રાખે છે.

   ઉપરોક્ત પૈકી કયા નિવેદન(નો) સાચા છે?

   (A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3
   (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

2. વિધાન (Assertion - A): આધુનિક જાહેર વહીવટમાં રાજકારણ અને વહીવટ વચ્ચે સંપૂર્ણપણે સ્પષ્ટ અલગાવ જાળવી રાખવો મુશ્કેલ છે.

   કારણ (Reason - R): વહીવટી અધિકારીઓ માત્ર સરકારી નીતિઓના અમલ પૂરતા મર્યાદિત નથી રહેતા, પરંતુ તેઓ મંત્રીઓને સલાહ આપે છે, તકનીકી નિષ્ણાતી પૂરી પાડે છે તથા નીતિ ઘડતરની પ્રક્રિયામાં પણ સહભાગી બને છે.

   નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો:

   (A) (A) અને (R) બંને સાચા છે તથા (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.
   (B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.
   (C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.
   (D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

3. નીચેના પૈકી કયું લક્ષણ જાહેર વહીવટ (Public Administration) ને ખાનગી વહીવટ (Private Administration) થી મૂળભૂત રીતે અલગ પાડે છે?

   (A) હિસાબી પદ્ધતિ તથા નાણાકીય ઑડિટની આવશ્યકતા.
   (B) ઉચ્ચ સ્તરની જાહેર જવાબદારી (Public Accountability) તથા કાનૂની નિયંત્રણોનું પાલન.
   (C) આયોજન, સંગઠન અને સંકલન જેવી વ્યવસ્થાપકીય કુશળતાઓનો ઉપયોગ.
   (D) અધિક્રમિક (Hierarchical) સંગઠનાત્મક માળખા પર આધાર.

 [Contd.

4. સંગઠનાત્મક માળખાના સંદર્ભમાં "સ્ટાફ એજન્સી (Staff Agency)" નું મુખ્ય કાર્ય શું છે?

(A) સરકારી નીતિઓનો સીધો અમલ કરવો અને નાગરિકો સાથે સીધો સંપર્ક રાખવો.

(B) મુખ્ય કાર્યપાલકને સલાહ, સંશોધન તથા વિશિષ્ટ તકનીકી સહાય પૂરી પાડવી.

(C) ખરીદી, સ્ટેશનરી અને અન્ય આંતરિક વહીવટી વ્યવસ્થાઓ (Housekeeping Functions) સંભાળવી.

(D) ખાનગી સંસ્થાઓ પર અર્ધ-ન્યાયિક (Quasi-Judicial) સત્તાઓનો ઉપયોગ કરવો.

5. અલગ "જનજાતિ બાબતો વિભાગ (Department of Tribal Affairs)" ની સ્થાપના એ વિભાગીકરણ (Departmentalization) ના કયા આધારનું ઉદાહરણ છે?

(A) કાર્ય (Function) - વિભાગોનું સંગઠન કરવામાં આવતી કામગીરીના સ્વરૂપના આધારે કરવામાં આવે છે.

(B) પ્રદેશ (Territory) - વિભાગોનું સંગઠન ભૌગોલિક વિસ્તારોના આધારે કરવામાં આવે છે.

(C) લાભાર્થી વર્ગ (Clientele) - વિભાગોનું સંગઠન કોઈ ચોક્કસ વર્ગ અથવા સમુદાયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

(D) પ્રક્રિયા (Process) - વિભાગોનું સંગઠન વિશિષ્ટ તકનીકી પ્રક્રિયા અથવા નિષ્ણાતીના આધારે કરવામાં આવે છે.

6. વિધાન (Assertion - A): આધુનિક કલ્યાણકારી રાજ્ય (Welfare State) ના ઉદય સાથે જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર નોંધપાત્ર રીતે વિસ્તર્યું છે.

કારણ (Reason - R): સરકારો હવે માત્ર કરવેરાની વસૂલાત અને કાયદો તથા વ્યવસ્થાની જાળવણી સુધી મર્યાદિત રહી નથી, પરંતુ શિક્ષણ, આરોગ્યસેવા અને સામાજિક સુરક્ષા જેવી કલ્યાણકારી સેવાઓ પણ સક્રિયપણે પૂરી પાડે છે.

નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો:

(A) (A) અને (R) બંને સાચા છે તથા (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

7. સરકારી સંગઠનના સંદર્ભમાં "સહાયક એજન્સી (Auxiliary Agency)" નું શ્રેષ્ઠ વર્ણન નીચેના પૈકી કયું છે?

(A) વિદેશ નીતિ ઘડવાનું કાર્ય કરતી એજન્સી.

(B) અન્ય સરકારી વિભાગોને કેન્દ્રીય જાહેર બાંધકામ, સરકારી મુદ્રણ (Printing), ખરીદી વગેરે જેવી સામાન્ય આંતરિક વહીવટી સેવાઓ પૂરી પાડતી એજન્સી.

(C) નાગરિક સેવા (Civil Service) ની પરીક્ષાઓ યોજતી સ્વતંત્ર આયોગ.

(D) માત્ર વડાપ્રધાનને આર્થિક બાબતો અંગે સલાહ આપતી એજન્સી.

8. નીચેના પૈકી કયું ઉદાહરણ સહભાગી શાસન (Participatory Governance) પ્રત્યેના માત્ર ઔપચારિક અથવા દેખાવ પૂરતા (Tokenistic) અભિગમને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?

(A) નિર્ણય પ્રક્રિયામાં ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા વર્ગોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

(B) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને અર્થપૂર્ણ અને સ્વાયત્ત નિર્ણયો લેવા માટે વધુ સશક્ત બનાવવી.

(C) જવાબદારી (Accountability) જાળવી રાખીને હિતધારકો (Stakeholders) સાથે સહયોગી રીતે નિર્ણય પ્રક્રિયા હાથ ધરવી.

(D) માત્ર ઔપચારિકતા ખાતર લોકોના અભિપ્રાયો મેળવવા, પરંતુ અંતિમ નિર્ણયમાં તેનો સમાવેશ ન કરવો.

9. વિધાન (Assertion - A): આધુનિક વહીવટી માળખાંમાં નિર્વ્યક્તિકતા (Impersonality) અને લેખિત નિયમોના કડક પાલનના સિદ્ધાંત પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

કારણ (Reason - R): નિર્વ્યક્તિકતા એ સુનિશ્ચિત કરે છે કે તમામ નાગરિકો સાથે સમાન અને ન્યાયસંગત વર્તન થાય, જેના કારણે પક્ષપાત અથવા મનસ્વી નિર્ણયોની શક્યતા ઘટે છે.

નીચે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો:

(A) (A) અને (R) બંને સાચા છે તથા (R), (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચા છે, પરંતુ (R), (A) નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

10. જાહેર વહીવટમાં "સામાજિક સમાનતા (Social Equity)" પર ભાર મૂકવાનો મુખ્ય અર્થ શું થાય છે?

(A) તમામ નાગરિકો સાથે તેમની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને અવગણીને એકસરખો વ્યવહાર કરવો.

(B) વહીવટે સમાજના વંચિત, પછાત અને નબળા વર્ગોના સંરક્ષણ તથા સર્વાંગી વિકાસ માટે સક્રિયપણે કાર્ય કરવું.

(C) બજાર આધારિત સમાનતા જાળવવા માટે તમામ જાહેર સેવાઓની કિંમત દરેક નાગરિક માટે સમાન રાખવી.

(D) સરકારી સંસાધનોનું તમામ વહીવટી વિભાગોમાં સમાન પ્રમાણમાં વિતરણ કરવું.

11. સરકારના વહીવટમાં પરંપરાગત સરકારી વિભાગની તુલનામાં "જાહેર નિગમ (Public Corporation)" નું સ્વરૂપ સામાન્ય રીતે કઈ પરિસ્થિતિમાં પસંદ કરવામાં આવે છે?

(A) જ્યારે કાર્યમાં રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત અત્યંત સંવેદનશીલ બાબતોનો સમાવેશ થતો હોય.

(B) જ્યારે મુખ્ય હેતુ સંસદ માટે કાયદાનો મુસદ્દો (Draft Legislation) તૈયાર કરવાનો હોય.

(C) જ્યારે કાર્ય માટે કાર્યસંચાલનની લવચીકતા (Operational Flexibility), નાણાકીય સ્વાયત્તતા (Financial Autonomy) અને વ્યાવસાયિક અભિગમ (Commercial Approach) જરૂરી હોય.

(D) જ્યારે મંત્રી દ્વારા દૈનિક ધોરણે કડક રાજકીય નિયંત્રણ જરૂરી હોય.

12. સંસ્થાના માળખામાં "નિયંત્રણનો વ્યાપ (Span of Control)" નો અર્થ શું થાય છે?

(A) એક અધિકારીને મંજૂર કરવાની સત્તા ધરાવતું મહત્તમ નાણાકીય બજેટ.

(B) મુખ્ય કાર્યાલય અને ક્ષેત્રિય કચેરી વચ્ચેનું ભૌગોલિક અંતર.

(C) એક જ અધિકારી અસરકારક રીતે માર્ગદર્શન આપી શકે અને દેખરેખ રાખી શકે તેવા અધિનસ્ત કર્મચારીઓની સંખ્યા.

(D) કોઈ વિભાગને નાગરિકની ફરિયાદનો નિકાલ કરવામાં લાગતો સમય.

13. વિધાન (Assertion - A): કોઈપણ દેશની જાહેર વહીવટ પ્રણાલી કેવી રીતે કાર્ય કરે છે તે તેના પર્યાવરણીય અને સામાજિક-આર્થિક પરિબળોથી ઊંડો પ્રભાવિત થાય છે.

કારણ (Reason - R): વહીવટી પ્રણાલીઓ શૂન્યાવકાશમાં કાર્ય કરતી નથી; તેઓ જે સમાજને સેવા આપે છે તેના સાંસ્કૃતિક મૂલ્યો, રાજકીય દબાણો અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ પોતાને અનુકૂલિત કરે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

14. "પ્રત્યાયોજિત કાનૂન નિર્માણ (Delegated Legislation)" જાહેર વહીવટના ક્ષેત્રને નીચે મુજબ પ્રભાવિત કરે છે:

(A) વિધાનમંડળ દ્વારા ઘડાયેલા વ્યાપક કાયદાકીય માળખાની અંદર વહીવટી સંસ્થાઓને વિગતવાર નિયમો અને નિયમાવલીઓ બનાવવાની સત્તા આપે છે.

(B) કાયદા બનાવવાની તમામ સત્તા સંસદ પાસેથી ન્યાયતંત્રને સોંપી દે છે.

(C) લોકસેવકોની કાનૂની જવાબદારી સંપૂર્ણપણે દૂર કરે છે.

(D) અમલદારોને કોઈપણ પ્રકારનો વિવેકાધિકાર વાપરવાથી રોકે છે.

15. જાહેર વહીવટના ક્ષેત્રને સમજવામાં "વ્યવસ્થાપકીય (Managerial) અભિગમ"ની શ્રેષ્ઠ વ્યાખ્યા કઈ છે?

(A) તે સંપૂર્ણપણે સરકારના વિવિધ અંગો વચ્ચેના રાજકીય સંઘર્ષ પર કેન્દ્રિત છે.

(B) તે વહીવટને લક્ષ્યપ્રાપ્તિ માટે આયોજન, સંગઠન, સંકલન અને નિયંત્રણ દ્વારા સંસાધનોના કાર્યક્ષમ સંચાલનની પ્રક્રિયા તરીકે જુએ છે.

(C) તે વહીવટના અભ્યાસને માત્ર કાયદાઓના ઐતિહાસિક વિકાસ સુધી મર્યાદિત રાખે છે.

(D) તે દલીલ કરે છે કે સમગ્ર વહીવટ ખાનગી ક્ષેત્રને સોંપી દેવો જોઈએ.

16. "આદેશની એકતા (Unity of Command)" નો સિદ્ધાંત મુખ્યત્વે કઈ વહીવટી સમસ્યાને અટકાવવા માટે રચાયો છે?

(A) એક કરતાં વધુ ઉચ્ચ અધિકારીઓ પાસેથી વિરોધાભાસી સૂચનાઓ મળવી.

(B) નાણાકીય સત્તાઓનું અતિશય પ્રત્યાયોજન થવું.

(C) વિભાગીય અંદાજપત્રોમાં પુનરાવર્તન થવું.

(D) વહીવટી સત્તાનું અતિ કેન્દ્રીકરણ થવું.

17. વૈશ્વિકીકરણના યુગમાં જાહેર વહીવટના બદલાતા "ક્ષેત્ર (Domain)"નું શ્રેષ્ઠ ઉદાહરણ કયું છે?

(A) રાજ્ય સરકાર દ્વારા તમામ ખાનગી હોસ્પિટલોના રાષ્ટ્રીયકરણ કરીને સરકારી એકાધિકાર સ્થાપિત કરવો.

(B) રાજ્ય દ્વારા ટેલિકોમ સેવાઓ સીધી પૂરી પાડવાને બદલે ખાનગી ટેલિકોમ કંપનીઓનું નિયમન (Regulation) કરવું.

(C) નાગરિક સમિતિઓના પક્ષમાં સમગ્ર નાગરિક સેવાનો ઉચ્છેદ કરવો.

(D) સરકારી કચેરીઓમાં ટેકનોલોજીના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો.

18. વિધાન (Assertion - A): ખાનગી વ્યવસાયનો મુખ્ય હેતુ નફામાં વૃદ્ધિ કરવાનો હોય છે, જ્યારે જાહેર વહીવટનો મુખ્ય હેતુ જાહેર મૂલ્ય (Public Value) અને સામાજિક કલ્યાણમાં વધારો કરવાનો હોય છે.

કારણ (Reason - R): જાહેર વહીવટ કરદાતાઓના નાણાંથી સંચાલિત થાય છે અને સમાજના સામૂહિક હિતોની સેવા કરવાનો તેને બંધારણીય આદેશ પ્રાપ્ત છે.

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

19. વિધાન (Assertion - A): ડિજિટલ ગવર્નન્સ પહેલોની સફળતા માત્ર ટેકનોલોજી પર જ નહીં, પરંતુ વહીવટી માનસિકતા અને કાર્યપદ્ધતિમાં પરિવર્તન પર પણ આધારિત છે.

કારણ (Reason - R): જ્યારે ડિજિટલ સાધનોને જડ અને અપરિવર્તનશીલ અમલદારશાહી પ્રણાલીમાં અમલમાં મૂકવામાં આવે છે, ત્યારે તે ઘણીવાર પરંપરાગત વિલંબ અને પ્રક્રિયાત્મક જટિલતાઓને માત્ર ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં પુનઃઉત્પન્ન કરે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ કરે છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું પૂરતું સ્પષ્ટીકરણ કરતું નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) અને (R) બંને ખોટાં છે.

20. વહીવટી સ્વરૂપ તરીકે "વિકેન્દ્રીકરણ (Decentralization)" અંગે નીચેના વિધાનો પર વિચાર કરો:

1. તેમાં સરકારના ઉચ્ચ સ્તરેથી નીચલા અથવા સ્થાનિક સ્તરે સત્તા અને જવાબદારીઓનું હસ્તાંતરણ કરવામાં આવે છે.

2. તે કેન્દ્રીય સંકલન સત્તાની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરે છે.

3. તે લોકશાહી સહભાગિતાને પ્રોત્સાહિત કરે છે અને વહીવટને સ્થાનિક જરૂરિયાતો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવે છે.

ઉપરોક્તમાંથી કયું/કયા વિધાન સાચું/સાચાં છે?

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

21. તાજેતરના સમયમાં સરકાર દ્વારા છુપાયેલી જવાબદારીઓ (Hidden Liabilities) અને ઓફ-બજેટ ઉધારી (Off-Budget Borrowings) ને સત્તાવાર હિસાબોમાં સમાવવાનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે, તેનો મુખ્ય હેતુ જાહેર નાણાકીય વ્યવસ્થાપન (Public Financial Management)માં કયા પાસાને વધુ મજબૂત બનાવવાનો છે?

(A) નાણાકીય નિર્ણય પ્રક્રિયામાં વહીવટી ગોપનીયતા (Administrative Secrecy) વધારવી.

(B) નાણાકીય અહેવાલોની (Fiscal Reporting) ચોકસાઈ અને બજેટ વ્યવસ્થાપનની વિશ્વસનીયતા (Credibility of Budget Management) મજબૂત બનાવવી.

(C) વિકાસલક્ષી યોજનાઓ માટે સરકાર દ્વારા લેવાતી તમામ ઉધારીનો સંપૂર્ણ અંત લાવવો.

(D) નાણાકીય સત્તા સરકાર પાસેથી ખાનગી સંસ્થાઓને સંપૂર્ણપણે સોંપી દેવી.

22. જાહેર વહીવટમાં "સહભાગી નિર્ણય-નિર્માણ (Participatory Decision-Making)" માટે જરૂરી ક્ષમતાઓ અંગે નીચેના વિધાનો પર વિચાર કરો:

1. તેમાં વહીવટકર્તાએ પોતાની કાનૂની નિર્ણય સત્તા સ્થાનિક દબાણ જૂથોને કાયમી રીતે સોંપી દેવી પડે છે.

2. તેમાં એવી પરામર્શ પ્રક્રિયાનું આયોજન કરવામાં આવે છે કે જેમાં માત્ર પ્રભાવશાળી વર્ગો જ નહીં પરંતુ વંચિત અને હાંસિયામાં રહેલા સમુદાયોના અવાજને પણ નીતિ-નિર્માણમાં અસરકારક સ્થાન મળે.

3. તેમાં વિવિધ હિતધારકો વચ્ચેના વિરોધાભાસી હિતોનું સંચાલન કરવા માટે સંઘર્ષ-નિવારણ (Conflict Resolution) કૌશલ્યની આવશ્યકતા રહે છે.

ઉપરોક્તમાંથી કયું/કયા વિધાન સાચું/સાચાં છે?

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3

(D) 1, 2 અને 3

23. એક જિલ્લા વહીવટકર્તા નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ (Highway) ના માર્ગનું આયોજન કરી રહ્યા છે. માહિતી-વિશ્લેષણ (Data Analytics) દર્શાવે છે કે માર્ગ X સૌથી ઓછા ખર્ચે અને ઝડપથી બની શકે છે, પરંતુ તેના કારણે મોટી સંખ્યામાં આર્થિક અને સામાજિક રીતે નબળા પરિવારોનું સ્થળાંતર કરવું પડે છે. જ્યારે માર્ગ Y વધુ ખર્ચાળ છે, પરંતુ તેનાથી સ્થળાંતરનું પ્રમાણ ઘણું ઓછું થાય છે. જો વહીવટકર્તા સ્થાનિક સમુદાય સાથે પરામર્શ કર્યા પછી માર્ગ Y પસંદ કરે, તો તે શું દર્શાવે છે?

(A) જાહેર વહીવટમાં તર્કસંગત નિર્ણય-પ્રક્રિયામાં ખર્ચ કાર્યક્ષમતા (Cost Efficiency) સાથે સામાજિક સમાનતા (Social Equity) અને નૈતિક મૂલ્યો (Ethical Considerations) નો પણ સમાવેશ થવો જોઈએ.

(B) વહીવટકર્તાએ તર્કસંગત નિર્ણય-પ્રક્રિયાનો સંપૂર્ણ ત્યાગ કરીને માત્ર ભાવનાત્મક પૂર્વગ્રહના આધારે નિર્ણય લીધો છે.

(C) આધુનિક વહીવટી નિર્ણય-પ્રક્રિયામાં નાણાકીય મર્યાદાઓનું કોઈ મહત્વ નથી.

(D) સહભાગિતાપૂર્વક લેવાયેલા નિર્ણયો હંમેશા સૌથી વધુ ખર્ચ-કાર્યક્ષમ માળખાકીય વિકલ્પો આપે છે.

24. વહીવટી નિર્ણય-પ્રક્રિયાના સંદર્ભમાં, સંપૂર્ણ "તર્કસંગત-સર્વગ્રાહી (Rational-Comprehensive)" અભિગમ વાસ્તવિક શાસનમાં અમલમાં મૂકવો ઘણીવાર મુશ્કેલ કેમ બને છે?

(A) વહીવટકર્તાઓ પાસે સામાન્ય રીતે અપરિમિત નાણાકીય સંસાધનો હોય છે, પરંતુ ઉકેલ અમલમાં મૂકવાની કાનૂની સત્તા હોતી નથી.

(B) નિર્ણય લેનારાઓ સમયની મર્યાદા, અપૂર્ણ માહિતી અને માનવીય જ્ઞાનાત્મક (Cognitive) મર્યાદાઓ હેઠળ કાર્ય કરે છે, જેના કારણે તેઓ સંપૂર્ણ શ્રેષ્ઠ (Optimal) ઉકેલને બદલે સંતોષકારક (Satisfactory) ઉકેલ પસંદ કરે છે.

(C) જાહેર નીતિઓ સામાજિક દબાણોથી સંપૂર્ણપણે મુક્ત હોવાથી ઊંડા તર્કસંગત વિશ્લેષણની જરૂર રહેતી નથી.

(D) નાગરિકો સરકાર પાસેથી તાત્કાલિક અમલીકરણની માંગ કરે છે, જેના પરિણામે સરકારી યોજનાઓમાંથી આયોજન (Planning) ના તબક્કાને સંપૂર્ણપણે બાકાત રાખવામાં આવે છે.

25. વહીવટી સમય વ્યવસ્થાપનના સંદર્ભમાં, એવી કામગીરીઓ કે જે તાત્કાલિક ધ્યાનની માંગ કરે છે પરંતુ સંસ્થાના દીર્ઘકાલીન લક્ષ્યોમાં નોંધપાત્ર યોગદાન આપતી નથી, તેનું સંચાલન અધિકારીએ મુખ્યત્વે કેવી રીતે કરવું જોઈએ?

(A) ટેબલ પરનું કામ ઝડપથી પૂર્ણ થાય તે માટે તેને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

(B) તેને વ્યક્તિગત રીતે પૂર્ણ કરવા માટે વિશેષ વ્યૂહાત્મક આયોજન સત્રો ફાળવવા જોઈએ.

(C) શક્ય હોય ત્યાં સુધી આવી કામગીરી સક્ષમ ગૌણ અધિકારીઓ અથવા કર્મચારીઓને સોંપવી (Delegation) જોઈએ, જેથી ઉચ્ચ અધિકારીનો સમય વ્યૂહાત્મક કાર્યો માટે ઉપલબ્ધ રહે.

(D) દીર્ઘકાલીન વિકાસલક્ષી કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આવી કામગીરીને સંપૂર્ણપણે અવગણવી જોઈએ.

26. મોટા પાયાના જાહેર માળખાકીય (Infrastructure) પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન, વહીવટતંત્ર સમગ્ર લક્ષ્યને જમીન સંપાદન, ખરીદી (Procurement) અને બાંધકામના તબક્કાઓ જેવા સ્પષ્ટ અને માપી શકાય તેવા ભાગોમાં વહેંચે છે. "કાર્યોના પ્રતિનિધિત્વ (Representation of Tasks)"ની આ પદ્ધતિ મુખ્યત્વે શેમાં મદદરૂપ બને છે?

(A) તમામ કાર્યકારી નિર્ણયોનું સર્વોચ્ચ સ્તરે કેન્દ્રીકરણ કરવામાં.

(B) નિયમિત નાણાકીય ઓડિટની આવશ્યકતા દૂર કરવામાં.

(C) કાર્યાત્મક પરસ્પર નિર્ભરતાઓ (Operational Dependencies) ઓળખવામાં, સમયરેખાનો અંદાજ કરવામાં અને દરેક તબક્કા માટે સ્પષ્ટ જવાબદારી નિર્ધારિત કરવામાં.

(D) સમગ્ર પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલા નાણાકીય બજેટમાં ઘટાડો કરવામાં.

27. જાહેર વહીવટમાં "કાર્ય સમૂહીકરણ (Task Batching)" સમય વ્યવસ્થાપન પદ્ધતિનું શ્રેષ્ઠ ઉદાહરણ કયું છે?

(A) જિલ્લા કલેક્ટર દિવસભર એકસાથે જાહેર ફરિયાદો સાંભળે, અંદાજપત્રોની સમીક્ષા કરે અને બાંધકામ કાર્યોનું નિરીક્ષણ કરે.

(B) અધિકારી રોજબરોજ આવતી દરેક ફાઈલને તરત મંજૂરી આપવાને બદલે બપોરના એક નિશ્ચિત કલાક દરમિયાન તમામ નિયમિત ફાઈલ મંજૂરીઓનું એકસાથે નિરાકરણ કરે.

(C) ઝડપ વધારવા માટે એક જ જટિલ પ્રોજેક્ટ અનેક સ્પર્ધાત્મક વિભાગોને સોંપવો.

(D) આંતરિક ઓડિટ પૂર્ણ કરવા માટે તમામ નાગરિક ફરિયાદોને નાણાકીય વર્ષના અંત સુધી મુલતવી રાખવી.

28. વિધાન (Assertion - A): અચાનક ઊભી થયેલી વહીવટી કટોકટી (જેમ કે કુદરતી આપત્તિ) દરમિયાન વિવિધ વિભાગો વચ્ચે કાર્યભારનું પૂર્વનિર્ધારિત અને કડક સમતોલ વિતરણ જાળવી રાખવાથી સર્વોચ્ચ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે.

કારણ (Reason - R): કર્મચારીઓને બહુવિધ કાર્યો માટે તાલીમ આપવાથી (Cross-training) વહીવટકર્તાઓ જરૂરિયાત અનુસાર માનવ સંસાધનોને વધુ દબાણવાળા વિભાગોમાં સ્થળાંતરિત કરી શકે છે, જ્યારે સરકારના મુખ્ય કાર્યો પણ અસરકારક રીતે ચાલુ રાખી શકાય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

29. સત્તાવાર સંચારના સાધનો (Means of Official Communication) (યાદી-I) ને તેમના વિશિષ્ટ વહીવટી હેતુ (યાદી-II) સાથે યોગ્ય રીતે જોડો.

| | યાદી – I | | યાદી – II |
|---|---|---|---|
| 1. | પરિપત્ર (Circular) | a. | નિયમો, કાયદેસર આદેશો (Statutory Orders) અથવા નિમણૂકોને કાનૂની અમલ માટે રાજપત્ર (Official Gazette) માં પ્રકાશિત કરવામાં આવતો સત્તાવાર આદેશ. |
| 2. | અધિસૂચના (Notification) | b. | સામાન્ય માહિતી તથા નિયમિત વહીવટી સૂચનાઓ માટે એકસાથે અનેક વિભાગોને મોકલવામાં આવતો આંતરિક સત્તાવાર સંદેશ. |
| 3. | અર્ધ-સત્તાવાર પત્ર (Demi-Official / D.O. Letter) | c. | સમકક્ષ હોદ્દો ધરાવતા અધિકારીઓ વચ્ચે વ્યક્તિગત પરંતુ સત્તાવાર પત્રવ્યવહાર, જેનો હેતુ વ્યક્તિગત ધ્યાન દોરવો અને કાર્યમાં ઝડપ લાવવાનો હોય છે. |
| 4. | કાર્યાલય સ્મૃતિપત્ર (Memorandum / Memo) | d. | અભિવાદન (Salutation) અથવા અંતિમ શુભેચ્છા (Complimentary Close) વિના ગૌણ અધિકારીઓને મોકલવામાં આવતો આંતરિક વહીવટી સંદેશ, જે સામાન્ય રીતે આંતરિક વહીવટી બાબતો માટે ઉપયોગમાં લેવાય છે. |

નીચેના પૈકી યોગ્ય જોડણી પસંદ કરો:

(A) 1 – a, 2 – b, 3 – d, 4 – c  (B) 1 – c, 2 – a, 3 – b, 4 – d

(C) 1 – b, 2 – a, 3 – c, 4 – d  (D) 1 – d, 2 – c, 3 – a, 4 – b

30. સરકારી તંત્રના એક અધિક્રમિક (Hierarchical) વિભાગમાં એક ક્ષેત્ર અધિકારી (Field Officer) ઉચ્ચ અધિકારીઓનો ઠપકો (Reprimand) ટાળવા માટે પ્રોજેક્ટ સંબંધિત નકારાત્મક માહિતી ઇરાદાપૂર્વક દબાવી દે છે અને માત્ર હકારાત્મક પાસાઓ જ અહેવાલ સ્વરૂપે મોકલે છે. અસરકારક સંચારમાં આવતી આ વિશિષ્ટ અડચણને શું કહેવાય?

(A) અર્થસંબંધી વિકૃતિ (Semantic Distortion)

(B) ટેકનોલોજીજન્ય વિક્ષેપ (Technological Disruption)

(C) માહિતીનો અતિભાર (Information Overload)

(D) માહિતીનું ગાળણ (Filtering)

31. જ્યારે બે વહીવટી વિભાગો સંસાધનોની ફાળવણી (Resource Allocation) અંગે ગંભીર અધિકારક્ષેત્રીય (Jurisdictional) વિવાદમાં સપડાયેલા હોય, ત્યારે "સક્રિય શ્રવણ" (Active Listening) નામની સંચાર કુશળતા વિવાદના નિરાકરણમાં મુખ્યત્વે કેવી રીતે સહાયરૂપ બને છે?

(A) રાજકીય રીતે પ્રબળ વિભાગને કોઈ લેખિત પુરાવા વિના પોતાની ઇચ્છા લાદવાની તક આપે છે.

(B) નિર્ણય લેવાની વહીવટી જવાબદારી કાયદેસર રીતે ન્યાયતંત્ર અથવા તૃતીય પક્ષીય ટ્રિબ્યુનલને સોંપી દે છે.

(C) બંને પક્ષોની માત્ર કઠોર જાહેર કરેલી માંગણીઓ નહીં, પરંતુ તેમના આંતરિક હિતો, ચિંતાઓ અને ભયોને સમજવામાં મદદ કરે છે.

(D) બેઠક પૂર્ણ થયા પછી કોઈ ઔપચારિક લેખિત કરારની આવશ્યકતા આપોઆપ દૂર કરી દે છે.

32. સંસ્થામાં ફરિયાદ નિવારણ (Grievance Redressal)ની પ્રમાણભૂત પ્રક્રિયાના નીચેના તબક્કાઓને તેમના યોગ્ય તાર્કિક અને ક્રમશઃ વધતા (Escalating) ક્રમમાં ગોઠવો:

1. બાહ્ય વહીવટી ટ્રિબ્યુનલ અથવા અપીલ સત્તા સમક્ષ ફરિયાદનું ઉન્નતીકરણ (Escalation).
2. તાત્કાલિક ઉપરી અધિકારી સાથે અનૌપચારિક ચર્ચા અથવા મધ્યસ્થી (Mediation).
3. આંતરિક ફરિયાદ નિવારણ સમિતિ સમક્ષ ફરિયાદનું ઔપચારિક લેખિત પ્રસ્તુતીકરણ.
4. આંતરિક સમિતિ દ્વારા તપાસ, પુરાવા એકત્રિત કરવા અને ઔપચારિક સુનાવણી.

(A) 3 – 4 – 2 – 1
(B) 2 – 3 – 4 – 1
(C) 3 – 2 – 4 – 1
(D) 2 – 4 – 3 – 1

 [Contd.

33. અનુચિત કોર્પોરેટ પ્રભાવને અટકાવવા અને વહીવટી નિષ્ઠા (Administrative Integrity) જાળવવા માટે સિવિલ સર્વિસની આચારસંહિતામાં વરિષ્ઠ અધિકારીઓ માટે ઘણીવાર "કૂલિંગ-ઓફ પિરિયડ" (Cooling-off Period) ફરજિયાત રાખવામાં આવે છે. આ જોગવાઈનો ચોક્કસ અર્થ શું થાય છે?

(A) વધુ તણાવપૂર્ણ વહીવટી કાર્ય પૂર્ણ કર્યા બાદ માનસિક થાક ટાળવા માટે ફરજિયાત વેતનસહિત રજા.

(B) શિસ્તભંગની કાર્યવાહી ચાલી રહી હોય ત્યારે બઢતી પર તાત્કાલિક પ્રતિબંધ.

(C) નવા નિયુક્ત અધિકારીને અત્યંત ગુપ્ત દસ્તાવેજોની ઍક્સેસ આપવા પહેલાં ફરજિયાત પ્રતીક્ષા અવધિ.

(D) નિવૃત્તિ પછી સરકારની પૂર્વ મંજૂરી વિના તરત જ ખાનગી ક્ષેત્રમાં વ્યાવસાયિક રોજગાર સ્વીકારવા પર પ્રતિબંધ.

34. સરકારી કર્મચારી વિરુદ્ધની શિસ્તભંગની કાર્યવાહી કુદરતી ન્યાય (Natural Justice)ના સિદ્ધાંતો, ખાસ કરીને નિષ્પક્ષ સુનાવણીના અધિકાર (Right to Fair Hearing) પર આધારિત હોય છે. તેમ છતાં, વહીવટી કાયદા (જેમ કે ભારતના બંધારણનો અનુચ્છેદ 311) મુજબ નીચેની કઈ પરિસ્થિતિમાં કર્મચારીને બરતરફ કરતાં પહેલાં ઔપચારિક તપાસ (Formal Inquiry) કાયદેસર રીતે ટાળી શકાય?

(A) કર્મચારી પર નાણાકીય ગેરરીતિનો આરોપ હોય અને તેણે સહકર્મચારી સમક્ષ કબૂલાત કરી હોય.

(B) કર્મચારી બાહ્ય વકીલ દ્વારા પોતાનું પ્રતિનિધિત્વ ઇચ્છે પરંતુ વિભાગ તે મંજૂર ન કરે.

(C) જ્યારે રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલને એવું સંતોષ થાય કે રાજ્યની સુરક્ષાના હિતમાં આવી તપાસ કરવી યોગ્ય અથવા ઇચ્છનીય નથી.

(D) જ્યારે પરીક્ષણકાળ (Probation) પરનો કર્મચારી પ્રથમ વાર્ષિક મૂલ્યાંકનમાં નિર્ધારિત કાર્યલક્ષ્યો હાંસલ કરવામાં નિષ્ફળ જાય.

35. એક કર્મચારી જાહેર માળખાગત (Public Infrastructure) પ્રોજેક્ટમાં ગંભીર સુરક્ષા સંબંધિત ઉલ્લંઘન શોધી કાઢે છે. તે નિયત આંતરિક સતર્કતા (Vigilance) વ્યવસ્થા અથવા વિભાગીય ફરિયાદ પોર્ટલ મારફતે જાણ કરવાની જગ્યાએ તરત જ ગુપ્ત પ્રોજેક્ટ દસ્તાવેજો પ્રેસને આપી દે છે. કાર્યસ્થળની નૈતિકતા (Workplace Ethics) ના ધોરણો અનુસાર આ વર્તનને સામાન્ય રીતે કેવી રીતે જોવામાં આવે છે?

(A) કાયદેસર રીતે સંરક્ષિત વિસલબ્લોઇંગ (Whistleblowing), કારણ કે જાહેર સુરક્ષા સંબંધિત માહિતી જાણવાનો જનતાને મૂળભૂત અધિકાર છે.

(B) આચારસંહિતાનો ભંગ, કારણ કે કર્મચારીએ અધિકૃત આંતરિક ફરિયાદ અને સતર્કતા પ્રણાલીને અવગણીને ગુપ્ત સરકારી માહિતી અનધિકૃત રીતે જાહેર કરી.

(C) માહિતીનો અધિકાર અધિનિયમ (Right to Information Act) હેઠળ પ્રોત્સાહિત વહીવટી પારદર્શિતાનું ઉદાહરણ.

(D) મરામતની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સ્વીકાર્ય અનૌપચારિક ફરિયાદ નિવારણ પદ્ધતિ.

36. આંતરિક ફરિયાદ નિવારણ (Internal Grievance Redressal) પ્રણાલીને નૈતિક રીતે વિશ્વસનીય (Ethically Sound) ગણાવવા માટે તેમાં "પ્રતિશોધ ન લેવાનો સિદ્ધાંત" (Non-Retaliation Principle) અસરકારક રીતે અમલમાં હોવો આવશ્યક છે. વહીવટી દૃષ્ટિએ આ સિદ્ધાંતનો વ્યવહારિક અર્થ શું થાય છે?

(A) ફરિયાદ નિવારણ સમિતિ દ્વારા આપવામાં આવેલા અંતિમ નિર્ણય સામે સંચાલન (Management) અપીલ કરી શકતું નથી.

(B) આરોપી કર્મચારી ફરિયાદીની ઊલટતપાસ (Cross-examination) કરી શકતો નથી અથવા પોતાના બચાવમાં વિરોધી પુરાવા રજૂ કરી શકતો નથી.

(C) જ્યાં સુધી ફરિયાદ પોર્ટલ ખુલ્લું હોય ત્યાં સુધી સંસ્થા વિભાગના કોઈપણ કર્મચારી સામે કોઈપણ પ્રકારની શિસ્તભંગની કાર્યવાહી કરી શકતી નથી.

(D) જે કર્મચારી સદ્ભાવનાપૂર્વક (Good Faith) ફરિયાદ નોંધાવે છે તેને ફરિયાદ કરવાના પરિણામે પદાવનતિ (Demotion), પ્રતિકૂળ બદલી (Hostile Transfer) અથવા અન્ય કોઈ પ્રતિકૂળ સેવાકીય કાર્યવાહીથી કડક સુરક્ષા આપવામાં આવે છે.

37. કોઈપણ સંસ્થામાં અસરકારક અને નૈતિક શિસ્તભંગની કાર્યવાહી આદર્શ રીતે મેનેજમેન્ટના "હોટ સ્ટોવ નિયમ" (Hot Stove Rule) અનુસાર થવી જોઈએ. નીચેના પૈકી કયું લક્ષણ આ નિયમ અનુસાર શિસ્તનું લક્ષણ નથી?

(A) અગાઉથી ચેતવણી આપે છે (કર્મચારીઓને નિયમોની જાણ હોય છે અને તેઓ જાણે છે કે નિયમભંગ કરવાથી દંડ મળશે).

(B) તાત્કાલિક હોય છે (નિયમભંગના પરિણામો અનાવશ્યક વિલંબ વિના લાગુ પડે છે).

(C) કર્મચારીના હોદ્દા અનુસાર અત્યંત વ્યક્તિગત હોય છે (જેમ કે સ્ટોવ જુનિયર કર્મચારીઓને વધુ અને વરિષ્ઠ અધિકારીઓને ઓછું દાઝાડે).

(D) સુસંગત (Consistent) અને નિષ્પક્ષ (Impersonal) હોય છે (સ્ટોવને સ્પર્શ કરનાર દરેક વ્યક્તિને સમાન રીતે દાઝાડે છે, ભલે તે કોઈપણ હોદ્દા પર હોય).

38. એક રાજ્ય સરકાર ઓનલાઈન ફરિયાદ નિવારણ પોર્ટલ શરૂ કરે છે, જેમાં મોટી સંખ્યામાં ફરિયાદો નોંધાય છે. ફરિયાદોની ડિજિટલ નોંધણી અને ટ્રેકિંગ સફળતાપૂર્વક થાય છે, છતાં ફરિયાદોના અસરકારક નિકાલનો દર ખૂબ ઓછો રહે છે. આ પરિસ્થિતિ મુખ્યત્વે શું સૂચવે છે?

(A) સફળ ડિજિટલ ગવર્નન્સ માટે માત્ર ટેક્નોલોજી પૂરતી નથી; તેની સાથે વહીવટી ક્ષમતા (Administrative Capacity) અને પ્રક્રિયાગત સુધારાઓ (Process Reforms) પણ જરૂરી છે.

(B) ઓનલાઈન ફરિયાદ પ્રણાલીઓએ તમામ ઑફલાઇન ફરિયાદ નિવારણ વ્યવસ્થાઓનું સંપૂર્ણ સ્થાન લઈ લેવું જોઈએ.

(C) ડિજિટલ ગવર્નન્સની અસરકારકતા મુખ્યત્વે પોર્ટલ પર મળેલી ફરિયાદોની સંખ્યા પર આધાર રાખે છે.

(D) કેન્દ્રીકૃત ડિજિટલ પ્લેટફોર્મ્સ સેવા પ્રદાનમાં વિભાગીય જવાબદારી (Departmental Accountability) ની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરી દે છે.

39. જ્યારે સરકારી સેવાઓ માત્ર ઇન્ટરનેટ દ્વારા જ ઉપલબ્ધ હોય અને ઇન્ટરનેટની સુવિધા અથવા ડિજિટલ કૌશલ્યના અભાવને કારણે ગરીબ અથવા ગ્રામ્ય વિસ્તારના નાગરિકો તે સેવાઓથી વંચિત રહી જાય, ત્યારે આ સમસ્યાને શું કહેવાય?

(A) અલ્ગોરિધમિક પક્ષપાત (Algorithmic Bias)

(B) ડિજિટલ વિભાજન (Digital Divide)

(C) રાજકોષીય ખાધ (Fiscal Deficit)

(D) માહિતીનું એનક્રિપ્શન (Data Encryption)

40. એક રાજ્ય સરકાર તેની હાલની 15 તબક્કાવાળી કાગળ આધારિત ફાઇલ મંજૂરી પ્રક્રિયામાં રહેલી કોઈપણ બિનજરૂરી મંજૂરીઓ દૂર કર્યા વિના તેને માત્ર 15 તબક્કાવાળી ઇલેક્ટ્રોનિક PDF રૂટિંગ સિસ્ટમમાં રૂપાંતરિત કરે છે. ઈ-ગવર્નન્સના સંદર્ભમાં આ અભિગમનું સૌથી સંભવિત પરિણામ શું હશે?

(A) અલ્ગોરિધમિક પારદર્શિતા (Algorithmic Transparency) અને આગાહી આધારિત ગવર્નન્સ (Predictive Governance) માં તાત્કાલિક વધારો થશે.

(B) "ઈ-પેવિંગ ધ કાઉ પાથ" (E-paving the Cow Path) જેવી સ્થિતિ ઊભી થશે, જેમાં પરંપરાગત અમલદારશાહી વિલંબ અને જડતા માત્ર ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં યથાવત્ રહેશે.

(C) ક્ષેત્ર સ્તરે વહીવટી વિવેકાધિકાર (Administrative Discretion) સંપૂર્ણપણે સમાપ્ત થઈ જશે.

(D) ગ્રામ્ય વિસ્તારોમાં ડિજિટલ વિભાજન આપોઆપ દૂર થઈ જશે.

41. સરકાર "ઓપન ડેટા" (Open Data) પહેલ હેઠળ મ્યુનિસિપલ ખર્ચ સંબંધિત હજારો અસંગઠિત (Unstructured) કાચી સ્પ્રેડશીટ ફાઇલો જાહેર પોર્ટલ પર ઉપલબ્ધ કરાવે છે. તેમ છતાં, નાગરિક સંગઠનો દલીલ કરે છે કે તેનાથી વાસ્તવિક વહીવટી પારદર્શિતા (Administrative Transparency) પ્રાપ્ત થતી નથી. આ ટીકા પાછળનું સૌથી યોગ્ય વહીવટી કારણ કયું છે?

(A) સાચી પારદર્શિતા માટે માહિતીનો યોગ્ય સંદર્ભ (Context) હોવો, સામાન્ય નાગરિકો માટે સરળતાથી ઉપયોગમાં લઈ શકાય તેવી હોવી તથા પ્રતિસાદ (Feedback) અથવા ફરિયાદ નિવારણ (Grievance Redressal) વ્યવસ્થા સાથે સંકલિત હોવી આવશ્યક છે.

(B) સરકારે માહિતી મેળવવા માટે વપરાશ ફી (User Fee) વસૂલ કરી નથી, જેના કારણે તેની મૂલ્યવત્તા ઘટી જાય છે.

(C) કાચા ડેટાનું પ્રકાશન હંમેશા અને દરેક ક્ષેત્રમાં અધિકૃત ગુપ્તતા કાયદા (Official Secrets Act) નું ઉલ્લંઘન ગણાય છે.

(D) ઓપન ડેટા પહેલને કાયદેસર પારદર્શક ગણાવવા માટે તેનો અમલ હંમેશા ખાનગી ટેક્નોલોજી કંપનીઓને જ સોંપવો જરૂરી છે.

42. ઈ-ગવર્નન્સમાં ઉપયોગમાં લેવાતા નીચેના તકનીકી સાધનો (યાદી–I) ને પારદર્શિતા અને સેવા પ્રદાનમાં તેમના મુખ્ય વહીવટી ઉપયોગ (યાદી–II) સાથે યોગ્ય રીતે મેળવો.

| | યાદી – I (તકનીકી સાધન) | | યાદી – II (મુખ્ય વહીવટી ઉપયોગ) |
|---|---|---|---|
| 1. | રિયલ-ટાઇમ ડેટા ડેશબોર્ડ્સ (Real-time Data Dashboards) | a. | મિલકતના રેકોર્ડમાં છેડછાડ ન થઈ શકે તે સુનિશ્ચિત કરવું તથા અત્યંત વિશ્વસનીય ઓડિટ ટ્રેઇલ (Audit Trail) ઉપલબ્ધ કરાવવી. |
| 2. | બ્લોકચેઇન ટેક્નોલોજી (Blockchain Technology) | b. | વિવિધ સરકારી વિભાગો વચ્ચે માહિતીનું સ્વચાલિત આદાન-પ્રદાન કરીને વ્યવહાર ખર્ચ ઘટાડવો; જેમ કે મહેસૂલ વિભાગ દ્વારા જારી કરાયેલ આવકનું પ્રમાણપત્ર શિક્ષણ વિભાગ દ્વારા આપોઆપ ચકાસી શકાય. |
| 3. | જીઓ-ટેગિંગ (Geo-tagging) | c. | ભૌતિક સંપત્તિઓ (જેમ કે ગ્રામ્ય માર્ગો)ના નિર્માણના સ્થાન અને ફોટોગ્રાફ આધારિત પુરાવા ઉપલબ્ધ કરાવી ખોટા બિલિંગ (Ghost Billing)ને અટકાવવું. |
| 4. | આંતરકાર્યક્ષમ માહિતી વિનિમય (Interoperable Data Exchange – APIs) | d. | પ્રોજેક્ટની કામગીરીનું સતત નિરીક્ષણ (Continuous Monitoring) કરી ક્ષેત્ર સ્તરે અમલીકરણમાં રહેલી ખામીઓને વહેલી તકે ઓળખવી. |

યોગ્ય જોડાણ પસંદ કરો:

(A) 1 – b, 2 – a, 3 – d, 4 – c
(B) 1 – d, 2 – a, 3 – c, 4 – b
(C) 1 – d, 2 – b, 3 – a, 4 – c
(D) 1 – c, 2 – a, 3 – d, 4 – b

43. આધુનિક જાહેર વહીવટમાં "કાર્યનિષ્પત્તિ સૂચકો (Performance Indicators)" ની ભૂમિકા અંગે નીચેના નિવેદનો પર વિચાર કરો:

1. તેઓ વહીવટનું કેન્દ્રબિંદુ 'ઇનપુટ્સ (Inputs)' ના નિરીક્ષણમાંથી 'આઉટપુટ્સ (Outputs)' અને 'પરિણામો (Outcomes)' ના માપન તરફ પરિવર્તિત કરે છે.
2. તેઓ સરકારી વિભાગોમાં નાણાકીય તથા કાનૂની ઓડિટની આવશ્યકતાને સંપૂર્ણપણે બદલી નાખે છે.
3. તેઓ બેન્ચમાર્કિંગ (Benchmarking) ને શક્ય બનાવે છે, જેના દ્વારા નાગરિકો અને સરકારો વિવિધ જાહેર એજન્સીઓ અથવા નગરપાલિકાઓની કાર્યક્ષમતાની તુલના કરી શકે છે.

ઉપરોક્ત પૈકી કયા નિવેદનો સાચા છે?

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

44. નિવેદન (Assertion - A): ન્યૂ પબ્લિક મેનેજમેન્ટ (New Public Management – NPM) મુખ્ય નાગરિક સેવાના કદમાં ઘટાડો (Downsizing) અથવા યોગ્ય કદનું પુનર્ગઠન (Rightsizing) કરવાની મજબૂત વકાલત કરે છે.

કારણ (Reason - R): NPM એ માન્યતા ધરાવે છે કે વિશાળ અને કડક અધિક્રમિક (Hierarchical) અમલદારશાહી તંત્ર સ્વભાવથી જ અકાર્યક્ષમ બનવાની શક્યતા ધરાવે છે, જ્યારે પ્રમાણસર અને સુવ્યવસ્થિત સંગઠનાત્મક માળખું વધુ ખર્ચ-અસરકારક અને કાર્યક્ષમ સેવા પ્રદાન કરી શકે છે.

નીચે આપેલ પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A)નું યોગ્ય સમર્થન કરે છે.
(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R), (A)નું યોગ્ય સમર્થન કરતું નથી.
(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.
(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

45. પરંપરાગત જાહેર વહીવટમાં સરકારી સેવાઓ મેળવનાર વ્યક્તિને મુખ્યત્વે લોકશાહી અધિકારો ધરાવતા નાગરિક (Citizen) તરીકે જોવામાં આવે છે. ન્યૂ પબ્લિક મેનેજમેન્ટ (NPM) ના અભિગમ હેઠળ, સેવા પ્રદાનમાં સુધારો લાવવા માટે આ સંબંધને કેવી રીતે પુનઃવ્યાખ્યાયિત કરવામાં આવે છે?

(A) તેમને કડક નિયમન હેઠળ રાખવાની આધીન પ્રજા (Subjects) તરીકે જોવામાં આવે છે.

(B) તેમને જાહેર નીતિ અને કાયદા ઘડતરમાં સક્રિય સહભાગી (Co-producers) તરીકે જોવામાં આવે છે.

(C) તેમને 'ગ્રાહક (Customer)' અથવા 'ક્લાયન્ટ (Client)' તરીકે ગણવામાં આવે છે, જેમનો સંતોષ, પસંદગી અને પ્રતિસાદ વહીવટી કાર્યક્ષમતાના મુખ્ય માપદંડ બને છે.

(D) તેમને રાજ્યની કલ્યાણકારી સહાય પર નિર્ભર નિષ્ક્રિય લાભાર્થી તરીકે જોવામાં આવે છે.

46. ન્યૂ પબ્લિક મેનેજમેન્ટ (NPM) નું એક મુખ્ય કાર્યકારી સૂત્ર છે — "Let Managers Manage" (વ્યવસ્થાપકોને વ્યવસ્થાપન કરવાની સ્વતંત્રતા આપો).

વહીવટી દૃષ્ટિએ આ અભિગમનો મુખ્ય અર્થ શું થાય છે?

(A) સરકારી અધિકારીઓને કોઈપણ પ્રકારના કામગીરી મૂલ્યાંકન અથવા બાહ્ય ઓડિટ વિના કાયમી નોકરીની ખાતરી આપવી.

(B) તમામ નાણાકીય અને વહીવટી નિર્ણયો માત્ર મંત્રાલય અથવા સચિવાલય સ્તરે કેન્દ્રિત રાખવા.

(C) મોખરના વહીવટી અધિકારીઓને કામગીરીમાં જરૂરી સ્વતંત્રતા અને લવચીકતા આપવી, પરંતુ તેના બદલામાં નિર્ધારિત કામગીરી લક્ષ્યો હાંસલ કરવા માટે તેમને કડક જવાબદાર ઠેરવવા.

(D) આર્થિક વિકાસ ઝડપથી હાંસલ કરવા માટે વહીવટી અધિકારીઓને બંધારણીય કાયદાઓની અવગણના કરવાની છૂટ આપવી.

47. ન્યૂ પબ્લિક મેનેજમેન્ટ (NPM) ના માળખા હેઠળ, એક મહાનગરપાલિકા પોતાનો કચરો એકત્રિત કરતો વાહન કાફલો (Garbage Truck Fleet) બંધ કરવાનો નિર્ણય લે છે. તેના બદલે, શહેરના વિવિધ ઝોનમાં ઘન કચરા વ્યવસ્થાપન (Solid Waste Management) માટે સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયા દ્વારા ત્રણ ખાનગી કંપનીઓની નિમણૂક કરે છે.

આ નિર્ણય પાછળનો મુખ્ય વહીવટી તર્ક શું છે?

(A) કાયમી સરકારી કર્મચારીઓની સંખ્યા અને પેન્શન આધારિત રોજગારીમાં વધારો કરવો.

(B) ઘન કચરા વ્યવસ્થાપનમાં સરકારની દેખરેખ અને નિયમનકારી જવાબદારી સંપૂર્ણપણે દૂર કરવી.

(C) સમગ્ર સેવા પ્રદાન પ્રક્રિયાને સરકારના સંપૂર્ણ એકાધિકાર અને કેન્દ્રીકૃત નિયંત્રણ હેઠળ લાવવી.

(D) જાહેર સેવાઓમાં બજાર આધારિત સ્પર્ધા (Market Competition) લાવીને ખર્ચ ઘટાડવો અને સેવા કાર્યક્ષમતામાં સુધારો લાવવો.

48. જો કોઈ વહીવટી અધિકારી જાહેર માળખાગત (Infrastructure) પ્રોજેક્ટ માટે સમયપત્રક આધારિત દૃશ્યાત્મક આયોજન સાધનનો ઉપયોગ કરે છે, જેમાં આડી પટ્ટીઓ (Horizontal Bars) દ્વારા વિવિધ પ્રવૃત્તિઓની શરૂઆતની તારીખ, સમાપ્તિ તારીખ તથા પરસ્પર આવરતી (Overlapping) તબક્કાઓ દર્શાવવામાં આવે છે, તો તે મુખ્યત્વે કયા સાધનનો ઉપયોગ કરી રહ્યો છે?

(A) ફિશબોન (ઇશિકાવા) આલેખ (Fishbone/Ishikawa Diagram)

(B) પેરેટો ચાર્ટ (Pareto Chart)

(C) ગાન્ટ ચાર્ટ (Gantt Chart)

(D) વેન આલેખ (Venn Diagram)

49. ઘનિષ્ઠ અને અત્યંત જટિલ નાણાકીય ઓડિટ અહેવાલનું વિશ્લેષણ કરતી વખતે માનસિક થાક (Cognitive Fatigue) ટાળવા માટે એક અધિકારી 45 મિનિટના સતત, અવરોધરહિત કાર્ય સત્રો રાખે છે અને ત્યારબાદ ફરજિયાત 10 મિનિટનો વિરામ લે છે. આ ચોક્કસ સમય વ્યવસ્થાપન પદ્ધતિનો મુખ્ય હેતુ શું છે?

(A) કાર્યપ્રવાહને ઇરાદાપૂર્વક નાના ભાગોમાં વિભાજિત કરીને સંસ્થાકીય જવાબદારીથી બચવું.

(B) સુનિયોજિત "ટાઇમ-બોક્સિંગ (Time-Boxing)" દ્વારા સતત એકાગ્રતા જાળવવી અને માનસિક થાક (Burnout) અટકાવવો.

(C) કાર્ય પૂર્ણ કરવામાં કાયદાકીય રીતે શક્ય હોય તેટલો વધુ સમય લેવો.

(D) માનસિક કાર્યભારને સરળતાથી કનિષ્ઠ કર્મચારીને સોંપી દેવો.

50. વિધાન (Assertion - A): કર્મચારીના કાર્યભારનું સંતુલન (Workload Balance) માત્ર તેને સોંપવામાં આવેલી ફાઇલો અથવા કેસોની સંખ્યાના આધારે જ મૂલવવું જોઈએ.

કારણ (Reason - R): વિવિધ વહીવટી કાર્યોની જટિલતા અલગ-અલગ હોય છે અને તેમાં માનસિક પ્રયત્ન, હિતધારકો સાથે પરામર્શ તથા સમયની જરૂરિયાત પણ અલગ હોય છે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

51. સરકારી વિભાગમાં, જ્યાં જાહેર ફરિયાદોમાં ઋતુઆધારિત વધારા (જેમ કે કરવેરા સીઝન અથવા ચોમાસા દરમિયાન) નિયમિત રીતે જોવા મળે છે, ત્યાં "કાર્યભારનું સંતુલન (Balance of Workload)" જાળવવા માટે નીચેનીમાંથી કઈ વ્યૂહરચના સૌથી વધુ ટકાઉ (Sustainable) ગણાય?

(A) મોસમી બાકી રહેલી તમામ ફરિયાદોનો નિકાલ ન થાય ત્યાં સુધી તમામ ફ્રન્ટલાઇન કર્મચારીઓ માટે કોઈ મર્યાદા વગર ફરજિયાત ઓવરટાઇમ કરાવવો.

(B) ઓછી વ્યસ્તતાના સમયગાળા દરમિયાન વિવિધ વિભાગોના કર્મચારીઓને ક્રોસ-ટ્રેનિંગ આપવું, જેથી જરૂરિયાત મુજબ જાહેર ફરિયાદોના ભારવાળા વિભાગોમાં તેમને સમયસર તહેનાત કરી શકાય.

(C) માત્ર પીક સીઝનની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિભાગના કર્મચારીઓની સંખ્યા કાયમી રીતે બમણી કરી દેવી, ભલેને ઓફ-પીક સમયગાળા દરમિયાન તેઓ અંશતઃ નિષ્ક્રિય રહે.

(D) જાહેર ફરિયાદો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવા માટે તમામ નિયમિત વહીવટી કામગીરી અને આંતરિક ઓડિટની પ્રક્રિયાઓ સંપૂર્ણપણે બંધ કરી દેવી.

52. ઈ-ગવર્નન્સ અને વહીવટી પારદર્શિતાના સંદર્ભમાં, તાજેતરમાં અમલમાં આવેલ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) અધિનિયમ, 2023 દ્વારા "Purpose Limitation" (હેતુ-મર્યાદા) ના સિદ્ધાંતને ફરજિયાત બનાવવામાં આવ્યો છે. આ સિદ્ધાંત મુજબ નાગરિકોનો વ્યક્તિગત ડેટા એકત્રિત કરતી સરકારી સંસ્થાએ શું કરવું જરૂરી છે?

(A) જો માહિતી સાર્વભૌમ અથવા કલ્યાણકારી કાર્યો માટે હોય તો વિભાગ ડેટા સુરક્ષા નિયમોથી સંપૂર્ણપણે મુક્ત છે અને ડેટાનો અનિશ્ચિત સમય સુધી ઉપયોગ કરી શકે છે.

(B) સંપૂર્ણ પારદર્શિતા માટે તમામ નાગરિકોના ડેટાને કાયમી ધોરણે ખુલ્લી ઍક્સેસ ધરાવતા બ્લોકચેન પર સંગ્રહિત કરવો.

(C) નાગરિકે જે ચોક્કસ હેતુ માટે સંમતિ આપી હોય તે હેતુ માટે જ વ્યક્તિગત ડેટાનો ઉપયોગ કરવો અને સ્પષ્ટ અધિકૃત મંજૂરી વિના અન્ય યોજનાઓ માટે તેનો ઉપયોગ ન કરવો.

(D) આંતર-વિભાગીય કાર્યક્ષમતા અને સેવા પ્રદાન સુધારવા માટે એકત્રિત ડેટા અન્ય કોઈપણ સરકારી વિભાગ અથવા ખાનગી ભાગીદાર સાથે મુક્તપણે વહેંચી શકાય.

53. તાજેતરમાં અનેક ભારતીય આઈટી કંપનીઓ અને વહીવટી સંસ્થાઓએ તેમના રિમોટ વર્કિંગ કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી "Moonlighting" (મુખ્ય નોકરી ઉપરાંત બીજી નોકરી કરવી) સામે કડક શિસ્તભંગની કાર્યવાહી કરી. કાર્યસ્થળની નૈતિકતા (Workplace Ethics) અને માનવ સંસાધન જોખમ વ્યવસ્થાપન (HR Risk Management) ના દૃષ્ટિકોણથી, અનધિકૃત મૂનલાઇટિંગ પર પ્રતિબંધ મૂકવાનો મુખ્ય વહીવટી હેતુ શું છે?

(A) કર્મચારીઓને સંસ્થાની સત્તાવાર તાલીમ વ્યવસ્થા બહાર નવી ડિજિટલ કુશળતાઓ મેળવતા અટકાવવું.

(B) હિતોના સંઘર્ષ (Conflict of Interest), માલિકીહક્ક ધરાવતા ડેટાની ગુપ્તતાના ભંગ (Data Confidentiality Breach) તથા કર્મચારીના મુખ્ય કાર્યભારના સંતુલનમાં બગાડને અટકાવવો.

(C) કરવેરા વિભાગના નિયંત્રણની બહાર રહેલી અનૌપચારિક ગિગ અર્થવ્યવસ્થાના ઝડપી વિસ્તરણને રોકવું.

(D) કર્મચારીઓને વધુ વેતન માટે સત્તાવાર કમાન્ડ શૃંખલાને બાયપાસ કરતા અટકાવવું.

54. એક વહીવટી ભરતી એજન્સીએ સિવિલ સર્વિસ ઉમેદવારો માટે નવી લેખિત અભિરુચિ (Aptitude) પરીક્ષા તૈયાર કરી. જો આ પરીક્ષા એક જ ઉમેદવારને એક મહિનાના અંતરે વારંવાર લેવામાં આવે ત્યારે દર વખતે લગભગ સમાન ગુણ આપે, પરંતુ ભરતી બાદ ઉમેદવારની વાસ્તવિક નોકરીની કામગીરીની આગાહી કરવામાં નિષ્ફળ જાય, તો આ પરીક્ષાને કેવી ગણવામાં આવશે?

(A) અત્યંત વિશ્વસનીય (Highly Reliable) અને અત્યંત માન્ય (Highly Valid).

(B) અત્યંત માન્ય, પરંતુ વિશ્વસનીયતા વિનાની.

(C) ન તો વિશ્વસનીય અને ન તો માન્ય.

(D) અત્યંત વિશ્વસનીય, પરંતુ માન્યતા વિનાની.

55. હેનરી ફેયોલ (Henri Fayol) દ્વારા રજૂ કરાયેલા સામાન્ય વ્યવસ્થાપનના સિદ્ધાંતોમાં "Unity of Command" (આદેશની એકતા) અને "Unity of Direction" (દિશાની એકતા) વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે?

(A) Unity of Command મુજબ કર્મચારીએ માત્ર એક જ તાત્કાલિક અધિકારી પાસેથી આદેશ મેળવવો જોઈએ, જ્યારે Unity of Direction મુજબ એક જ હેતુ ધરાવતી તમામ પ્રવૃત્તિઓ માટે એક જ વડા અને એક જ સંકલિત યોજના હોવી જોઈએ.

(B) Unity of Command સંપૂર્ણપણે નાણાકીય કેન્દ્રીકરણ સાથે સંબંધિત છે, જ્યારે Unity of Direction માનવ સંસાધનના વિકેન્દ્રીકરણ સાથે સંબંધિત છે.

(C) Unity of Command કર્મચારીઓના વેતનમાં સમાનતા સુનિશ્ચિત કરે છે, જ્યારે Unity of Direction કાર્યસ્થળની શિસ્ત સુનિશ્ચિત કરે છે.

(D) બંને સિદ્ધાંતોમાં કોઈ વ્યવહારિક તફાવત નથી; બંને માત્ર Span of Control (નિયંત્રણનો વ્યાપ) મર્યાદિત કરવા અંગે છે.

56. માનવ સંસાધન આયોજન (Human Resource Planning) ના પ્રારંભિક તબક્કામાં "Job Description" (કાર્ય વર્ણન) અને "Job Specification" (કાર્ય લાયકાત વર્ણન) બે અલગ છતાં પરસ્પર સંબંધિત દસ્તાવેજો છે. નીચેના પૈકી કયું નિવેદન બંને વચ્ચેનો સાચો તફાવત દર્શાવે છે?

(A) Job Description પદના નાણાકીય વેતન અને લાભોનું વર્ણન કરે છે, જ્યારે Job Specification કાનૂની જવાબદારીઓનું વર્ણન કરે છે.

(B) Job Description પદ સાથે સંબંધિત ચોક્કસ કાર્યો, ફરજો અને જવાબદારીઓનું વર્ણન કરે છે, જ્યારે Job Specification તે પદ સફળતાપૂર્વક નિભાવવા માટે જરૂરી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, કુશળતા, અનુભવ તથા વ્યક્તિગત ગુણધર્મોનું વર્ણન કરે છે.

(C) Job Description નો ઉપયોગ માત્ર ઉચ્ચ સ્તરીય વહીવટી અધિકારીઓની ભરતી માટે થાય છે, જ્યારે Job Specification નો ઉપયોગ માત્ર કચેરીના કનિષ્ઠ કર્મચારીઓ માટે થાય છે.

(D) Job Description કાર્યસ્થળના ભૌતિક સ્થાન પર કેન્દ્રિત હોય છે, જ્યારે Job Specification માત્ર કાર્યના સમય (Working Hours) પર કેન્દ્રિત હોય છે.

57. સરકારે જલવાયુ પરિવર્તન (Climate Change) માટે એક વિશેષ કાર્યદળ (Task Force) રચ્યું છે, જેમાં વિવિધ વિભાગોના નિષ્ણાતોને સામેલ કરવામાં આવ્યા છે. આ નિષ્ણાતો પોતાના મૂળ વિભાગના વડા તેમજ ટાસ્ક ફોર્સના વડા—બંનેને જવાબદાર છે.

આ પ્રકારની સંસ્થાકીય રચનાને શું કહેવાય?

(A) લાઇન સંગઠન (Line Organization)

(B) મેટ્રિક્સ સંગઠન (Matrix Organization)

(C) પ્રાદેશિક સંગઠન (Territorial Organization)

(D) સ્કેલર ચેઇન સંગઠન (Scalar Chain Organization)

58. જાહેર સંસ્થાઓમાં "Management by Objectives (MBO)" આયોજન અને નિયંત્રણની પદ્ધતિ અંગે નીચેના નિવેદનો પર વિચાર કરો:

1. ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ સંયુક્ત રીતે લક્ષ્યાંકો નક્કી કરે છે જેથી વ્યક્તિગત લક્ષ્યો સંસ્થાના વ્યાપક ઉદ્દેશો સાથે સુસંગત રહે.

2. MBO મુખ્યત્વે પ્રમાણભૂત કાર્યપદ્ધતિ (Standard Operating Procedures) અને દૈનિક હાજરીના કડક પાલન પર ભાર મૂકે છે, પરિણામો પર નહીં.

3. MBO પરસ્પર સહમતિથી નક્કી કરાયેલા લક્ષ્યો સામે વાસ્તવિક સિદ્ધિઓની તુલના કરીને નિષ્પક્ષ કાર્યમૂલ્યાંકન (Performance Appraisal) કરવામાં સહાયરૂપ બને છે.

નીચેના પૈકી કયું નિવેદન/નિવેદનો સાચાં છે?

(A) માત્ર 1 અને 2

(B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3

(D) 1, 2 અને 3

59. સમાન લાયકાત અને સમાન કાર્યભાર ધરાવતા બે વહીવટી અધિકારીઓને ખબર પડે છે કે તેમના કાર્યપ્રદર્શન આધારિત બોનસ (Performance-linked Bonus) માં નોંધપાત્ર અસમાનતા છે. પરિણામે એક અધિકારી પોતાનો કાર્યપ્રયત્ન ઘટાડે છે, ફાઇલોના નિકાલમાં વિલંબ કરે છે અને અસહકારપૂર્ણ વર્તન કરવા લાગે છે.

આ વર્તન કાર્યસ્થળ પરની પ્રેરણાના કયા સિદ્ધાંતને સૌથી સારી રીતે દર્શાવે છે?

(A) કર્મચારીઓ પ્રદર્શન આધારિત પ્રોત્સાહન કરતાં કડક દેખરેખને વધુ પસંદ કરે છે.

(B) નાણાકીય પ્રોત્સાહનો જાહેર ક્ષેત્રના કર્મચારીઓને ક્યારેય પ્રેરિત કરી શકતા નથી.

(C) કર્મચારીઓ પોતાના સહકર્મચારીઓની તુલનામાં મળતા પુરસ્કારોની ન્યાયસંગતતા (Equity) વિશેની ધારણાના આધારે પોતાની કાર્યક્ષમતા અને પ્રયત્નોમાં ફેરફાર કરે છે.

(D) આંતરિક પ્રેરણા (Intrinsic Motivation) હંમેશા બાહ્ય વેતન અસમાનતાની અસરને સંપૂર્ણપણે દૂર કરી દે છે.

60. વિવાદના નિરાકરણ દરમિયાન એક વહીવટી અધિકારી બંને પક્ષોની માંગણીઓ (Demands) કરતાં તેમની વાસ્તવિક જરૂરિયાતો (Interests/Needs) પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ અભિગમને શું કહેવાય?

(A) અધિકૃત નિર્ણય પ્રક્રિયા (Authoritative Decision-making)

(B) સંઘર્ષ ટાળવાની પદ્ધતિ (Conflict Avoidance)

(C) રાજકીય સમાધાન (Political Adjustment)

(D) હિત-આધારિત વાટાઘાટ (Interest-based Negotiation)

61. છેલ્લા એક વર્ષ દરમિયાન વૈશ્વિક જાહેર અને ખાનગી ક્ષેત્રમાં "Quiet Quitting" તરીકે ઓળખાતો કાર્યસ્થળનો એક વલણ જોવા મળ્યો છે, જેમાં કર્મચારીઓ માત્ર તેમની સોંપાયેલી ફરજો જ નિભાવે છે, અધિકૃત સમય પછી કામ કરતા નથી અને અપેક્ષા કરતાં વધુ યોગદાન આપવાનો પ્રયાસ પણ કરતા નથી.

સંસ્થાકીય વર્તન (Organizational Behavior) ના દૃષ્ટિકોણથી આ વલણ મુખ્યત્વે શું સૂચવે છે?

(A) કર્મચારીઓ તેમની ઔપચારિક ફરજો તો નિભાવે છે, પરંતુ રોજગાર સંબંધમાં અસંતુલન અનુભવવાને કારણે સ્વૈચ્છિક અને વધારાના યોગદાન (Discretionary Behaviors) માંથી પોતાને દૂર રાખે છે.

(B) કર્મચારીઓ વધુ આંતરિક પ્રેરિત બન્યા છે અને માત્ર મુખ્ય જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(C) સંસ્થાઓએ નિયમબદ્ધ કાર્યસંસ્કૃતિ સફળતાપૂર્વક સ્થાપિત કરી છે, જેના કારણે કર્મચારીઓની વધારાની પહેલમાં ઘટાડો થયો છે.

(D) કર્મચારીઓ સોંપાયેલી ફરજોનું પાલન ઘટાડીને સંસ્થાની સત્તાનો વિરોધ કરી રહ્યા છે.

62. એક બહુવિભાગીય સરકારી કાર્યદળ (Cross-functional Government Task Force) એ પ્રારંભિક પરિચય બેઠકો પૂર્ણ કરી છે. હવે કાર્ય શરૂ થતાં સભ્યો પ્રાથમિકતાઓ અંગે મતભેદ વ્યક્ત કરે છે, પ્રોજેક્ટ સંયોજકની સત્તાને પડકારે છે અને મહત્વપૂર્ણ નિર્ણયો પર પ્રભાવ જમાવવા માટે સ્પર્ધા કરે છે.

ટકમેન (Tuckman) ના ટીમ વિકાસ મોડેલ અનુસાર આ કઈ અવસ્થાનું વર્ણન કરે છે?

(A) સભ્યો પરસ્પર વિશ્વાસ અને સહિયારા કાર્યધોરણો વિકસાવી રહ્યા છે, જેના કારણે ભવિષ્યના સંઘર્ષમાં ઘટાડો થાય છે.

(B) ટીમ હવે કાર્યક્ષમતાપૂર્વક લક્ષ્યો સિદ્ધ કરવા પર કેન્દ્રિત થઈ ગઈ છે.

(C) ટીમે પોતાના ઉદ્દેશો પૂર્ણ કર્યા છે અને હવે જવાબદારીઓ હસ્તાંતરિત કરીને વિસર્જન તરફ આગળ વધી રહી છે.

(D) સભ્યો ભૂમિકાઓ, પ્રભાવ અને સત્તાની વહેંચણી અંગેના સ્વાભાવિક સંઘર્ષના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે.

63. વિધાન (Assertion - A): વહીવટી ટીમમાં કાર્યસંબંધિત મધ્યમ સ્તરનો સંઘર્ષ (Task-related Conflict) સંસ્થાની કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે.

કારણ (Reason - R): રચનાત્મક સંઘર્ષ (Constructive Conflict) સ્થાપિત નીતિઓનું વિવેચનાત્મક મૂલ્યાંકન પ્રોત્સાહિત કરે છે, બૌદ્ધિક જડતા અટકાવે છે અને નવીન સમસ્યા-નિવારણને પ્રેરણા આપે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

64. જાહેર નીતિ ઘડતરમાં વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાત જ્ઞાનનો સમાવેશ કરવા માટે સરકાર કેટલીક વખત ભરતીમાં "Lateral Entry" (લેટરલ એન્ટ્રી) ની પદ્ધતિ અપનાવે છે.

નીચેના પૈકી કયું નિવેદન આ સુધારાત્મક પગલાનું શ્રેષ્ઠ વર્ણન કરે છે?

(A) નિવૃત્ત સિવિલ સર્વન્ટ્સને નિવૃત્તિ પછી ઉચ્ચ વહીવટી પદો પર જ નિયુક્ત કરવા.

(B) પરંપરાગત લાંબા ગાળાની સિવિલ સર્વિસ કારકિર્દીનો માર્ગ અપનાવ્યા વિના ખાનગી ક્ષેત્રના નિષ્ણાતો અને વિષય-વિશેષજ્ઞોને સીધા જ ઉચ્ચ સરકારી પદો પર નિયુક્ત કરવા.

(C) વહીવટી સુવિધા માટે અધિકારીઓને એક રાજ્ય કેડરમાંથી બીજા રાજ્ય કેડરમાં સ્થાનાંતરિત કરવા.

(D) વિભાગીય પરીક્ષાઓ દ્વારા કનિષ્ઠ અધિકારીઓને ઝડપી બઢતી આપીને ઉચ્ચ પદો પર નિયુક્ત કરવા.

65. નિવેદન (Assertion - A): માત્ર નિયમપુસ્તકોમાં ફેરફાર કરવા અને વિભાગીય સંગઠનાત્મક માળખાની પુનઃરચના કરવા પર આધારિત વહીવટી સુધારાઓ, જાહેર વહીવટમાં લાંબા ગાળાના અને સ્થાયી સુધારાઓ લાવવામાં ઘણીવાર નિષ્ફળ રહે છે.

કારણ (Reason - R): અર્થપૂર્ણ વહીવટી સુધારાઓમાં "વર્તનાત્મક (Behavioral) સુધારાઓ" નો પણ સમાવેશ આવશ્યક છે, જેમાં નીતિઓનો અમલ કરતા સિવિલ સેવકોની કાર્યસંસ્કૃતિ, વલણો (Attitudes) અને મૂલ્યો (Values)માં હકારાત્મક પરિવર્તન લાવવાનો સમાવેશ થાય છે.

વિકલ્પો:

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

66. સંસ્થામાં તાલીમ (Training)ની વાસ્તવિક અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે એક સરકારી સંસ્થા જાણવા માંગે છે કે તાજેતરમાં આયોજિત નેતૃત્વ વિકાસ વર્કશોપ (Leadership Workshop) પછી અધિકારીઓએ મેદાની સ્તરે પોતાની ટીમનું સંચાલન કરવાની પદ્ધતિમાં ખરેખર ફેરફાર કર્યો છે કે નહીં.

પ્રમાણભૂત તાલીમ મૂલ્યાંકન માળખા (Training Evaluation Frameworks) અનુસાર આ કયા સ્તરનું મૂલ્યાંકન કહેવાય?

(A) પ્રતિક્રિયા (Reaction) સ્તર - તાલીમાર્થીઓને વર્કશોપ કેટલું રસપ્રદ અથવા ઉપયોગી લાગ્યું તેનું મૂલ્યાંકન.

(B) અધ્યયન (Learning) સ્તર - તાલીમાર્થીઓએ નેતૃત્વના સિદ્ધાંતો કેટલા પ્રમાણમાં શીખ્યા તેનું મૂલ્યાંકન.

(C) વર્તન (Behavior) સ્તર - તાલીમમાં પ્રાપ્ત કૌશલ્યોનો કાર્યસ્થળે વાસ્તવિક ઉપયોગ થાય છે કે નહીં તેનું મૂલ્યાંકન.

(D) પરિણામ (Results) સ્તર - સમગ્ર રાજ્યના વ્યાપક આર્થિક અથવા સંસ્થાકીય પરિણામોનું મૂલ્યાંકન.

67. નાગરિક સેવાઓમાં ભરતી માટે "સ્પોઇલ્સ સિસ્ટમ (Spoils System)" એટલે કે રાજકીય આશ્રય આધારિત નિમણૂકમાંથી "મેરિટ સિસ્ટમ (Merit System)" તરફ થયેલા પરિવર્તનનો મુખ્ય હેતુ શું હતો?

(A) સરકારી હોદ્દાઓ મુખ્યત્વે શાસક પક્ષના સમર્થકોને આપવાનો.

(B) વહીવટી હોદ્દાઓ પર સમાજના પ્રભાવી વર્ગોનું નિયંત્રણ જાળવી રાખવાનો.

(C) મંત્રીઓને પોતાની પસંદગીના અધિકારીઓની અંકુશવિહોણી નિમણૂક કરવાની સત્તા આપવાનો.

(D) સરકારી સેવાઓમાં પસંદગી યોગ્યતા, લાયકાત અને નિષ્પક્ષ સ્પર્ધાના આધારે થાય તેની ખાતરી કરવાનો.

68. નિવેદન (Assertion - A): આધુનિક વહીવટી ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં સેન્સિટિવિટી ટ્રેનિંગ (Sensitivity Training અથવા T-Group Training) નો સમાવેશ વધતો જાય છે.

કારણ (Reason - R): સેન્સિટિવિટી ટ્રેનિંગનો મુખ્ય હેતુ અધિકારીઓની અદ્યતન પ્રોગ્રામિંગ, ડેટા એનાલિટિક્સ અને ટેક્નિકલ IT કુશળતાઓ વિકસાવી ઈ-ગવર્નન્સને મજબૂત બનાવવાનો છે.

વિકલ્પો:

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

69. કાર્યક્ષમતા મૂલ્યાંકન (Performance Appraisal) દરમિયાન એક અધિકારી સમગ્ર વર્ષ દરમિયાન કર્મચારીના અત્યંત ઉત્તમ અથવા અત્યંત નબળા કાર્યપ્રદર્શનના ચોક્કસ પ્રસંગો (Specific Incidents) નું સતત લેખિત દસ્તાવેજીકરણ કરે છે. વર્ષના અંતે આ નોંધોના આધારે અંતિમ મૂલ્યાંકન કરવામાં આવે છે.

આ કાર્યક્ષમતા મૂલ્યાંકનની કઈ પદ્ધતિ છે?

(A) ગ્રાફિક રેટિંગ સ્કેલ (Graphic Rating Scale)

(B) પેયર્ડ કમ્પેરિઝન પદ્ધતિ (Paired Comparison Method)

(C) ક્રિટિકલ ઇન્સિડન્ટ પદ્ધતિ (Critical Incident Method)

(D) 360-ડિગ્રી પ્રતિસાદ પદ્ધતિ (360-Degree Feedback System)



[Contd.

70. તાજેતરમાં અનેક સરકારોએ ભરતી અને કર્મચારીઓના મૂલ્યાંકનમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ના ઉપયોગને "ઉચ્ચ જોખમ (High-Risk)" શ્રેણીમાં મૂક્યો છે અને તેના માટે કડક અલ્ગોરિધમિક ઓડિટ ફરજિયાત કર્યા છે.

આ નિયમન પાછળનો મુખ્ય વહીવટી હેતુ શું છે?

(A) માનવીય દેખરેખ વિના ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી અને કાર્યક્ષમ બનાવવો.

(B) તમામ સંસ્થાઓએ ભરતી માટે એકસરખા AI મોડેલોનો ઉપયોગ કરે તેની ખાતરી કરવી.

(C) માનવ સંસાધન વ્યવસ્થાપકોના વિવેકાધિકારને ઘટાડીને સંપૂર્ણપણે સ્વચાલિત નિર્ણયોને પ્રોત્સાહન આપવું.

(D) AI આધારિત નિર્ણય પ્રક્રિયા પારદર્શક, જવાબદાર અને ભેદભાવમુક્ત રહે તેની ખાતરી કરવી.

71. ભારતમાં વહીવટી તાલીમ સુધારાઓના સંદર્ભમાં ક્ષમતાવર્ધન આયોગ (Capacity Building Commission - CBC) દ્વારા તાજેતરમાં રાષ્ટ્રીય નાગરિક સેવા તાલીમ સંસ્થાઓ માટેના ધોરણો (National Standards for Civil Service Training Institutions - NSCSTI) અમલમાં મૂકવામાં આવ્યા છે.

આ સુધારાનો મુખ્ય હેતુ શું છે?

(A) તમામ પ્રારંભિક તાલીમને એક જ રાષ્ટ્રીય અકાદમીમાં કેન્દ્રિત કરીને રાજ્ય સ્તરની તાલીમ સંસ્થાઓને સમાપ્ત કરવી.

(B) તાલીમની ગુણવત્તા માટે એક સમાન ધોરણ સ્થાપિત કરવું, તાલીમ સંસ્થાઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવું અને પરંપરાગત રટણ આધારિત અભ્યાસમાંથી ક્ષમતાઆધારિત (Competency-Based) વિકાસ તરફ પરિવર્તન લાવવું.

(C) તમામ સરકારી તાલીમ કાર્યક્રમોનું સંપૂર્ણ ખાનગીકરણ કરીને બહુરાષ્ટ્રીય HR એજન્સીઓને સોંપી દેવું.

(D) તમામ પ્રત્યક્ષ (Physical) તાલીમને સમાપ્ત કરીને માત્ર સ્વઅધ્યયન આધારિત ડિજિટલ વિડિયો દ્વારા તાલીમ આપવી.

72. કાર્યસ્થળે જાતીય સતામણી વિરોધી નીતિઓ (POSH) હેઠળ, આંતરિક ફરિયાદ સમિતિ (Internal Complaints Committee - ICC) ફરિયાદીની વિનંતી પર ઔપચારિક તપાસ પહેલાં સમાધાન (Conciliation) કરવાનો પ્રયાસ કરી શકે છે.

આ સમાધાન પ્રક્રિયા અંગે નીચે પૈકી કઈ કાનૂની મર્યાદા લાગુ પડે છે?

(A) સમાધાન માત્ર પોલીસની હાજરીમાં જ થઈ શકે.

(B) સમિતિ નાણાકીય વળતર અથવા આર્થિક સમાધાનને સમાધાનના આધાર તરીકે ભલામણ કરી શકતી નથી.

(C) સમાધાન માટે જાહેરમાં માફી માંગવી ફરજિયાત છે.

(D) સમિતિ ફરિયાદીની ઇચ્છા વિરુદ્ધ સમાધાન લાદી શકે છે.

73. નિવેદન (Assertion - A): જો ICC એ નિષ્કર્ષ પર પહોંચે કે જાતીય સતામણી અંગેની ફરિયાદ સંપૂર્ણપણે ખોટી હતી અને દુર્ભાવનાપૂર્વક કરવામાં આવી હતી, તો તે ફરિયાદી સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાની ભલામણ કરી શકે છે.

કારણ (Reason - R): દુર્ભાવનાપૂર્વક કરવામાં આવેલી ફરિયાદો સામેની જોગવાઈનો હેતુ કાયદાના દુરુપયોગને અટકાવવાનો છે; પરંતુ માત્ર ફરિયાદ સાબિત ન થઈ શકે એટલા માટે તેને આપમેળે દુર્ભાવનાપૂર્વકની ફરિયાદ ગણાવી શકાય નહીં.

વિકલ્પો:

(A) (A) અને (R) બંને સાચાં છે, અને (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R) એ (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

74. એક અધિકારી પોતાના અધિનસ્થ કર્મચારીને સંકેત આપે છે કે જો તે તેની અયોગ્ય વ્યક્તિગત માંગણીઓ સ્વીકારશે, તો તેને ઉત્તમ કાર્યમૂલ્યાંકન, બઢતી અને પગારવધારો આપવામાં આવશે.

આ પ્રકારની કાર્યસ્થળ પરની જાતીય સતામણીને કાનૂની રીતે શું કહેવાય?

(A) શત્રુતાપૂર્ણ કાર્યસ્થળ સતામણી (Hostile Work Environment Harassment)

(B) તૃતીય પક્ષ સતામણી (Third-party Harassment)

(C) પ્રણાલીગત વહીવટી પક્ષપાત (Systemic Administrative Bias)

(D) ક્વિડ પ્રો ક્વો સતામણી (Quid Pro Quo Harassment)

75. કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ (POSH) સંબંધિત કાયદા મુજબ આંતરિક ફરિયાદ સમિતિ (ICC) ની રચના અંગે નીચેના નિવેદનો પર વિચાર કરો:

1. સમિતિના પ્રેસાઇડિંગ ઓફિસર (Presiding Officer) સંસ્થાની વરિષ્ઠ મહિલા કર્મચારી હોવી આવશ્યક છે, જેથી ફરિયાદી માટે વિશ્વાસ અને નિષ્પક્ષતા જળવાઈ રહે.
2. સમિતિમાં ઓછામાં ઓછા એક બાહ્ય સભ્ય (External Member) નો સમાવેશ કરવો જરૂરી છે, જે કોઈ સ્વૈચ્છિક સંસ્થા (NGO) સાથે સંકળાયેલા હોય અથવા જાતીય સતામણી સંબંધિત મુદ્દાઓમાં નિષ્ણાત હોય, જેથી આંતરિક પક્ષપાત ટાળી શકાય.
3. બાહ્ય સભ્ય માત્ર નિરીક્ષક (Observer) તરીકે કાર્ય કરે છે અને અંતિમ નિર્ણય અથવા શિસ્તભંગની ભલામણ પર મતદાન કરવાનો અધિકાર ધરાવતા નથી.

નીચેના પૈકી કયું/કયા નિવેદન સાચું/સાચાં છે?

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 3
(D) 1, 2 અને 3

76. ઔપચારિક જાતીય સતામણીની તપાસ (Formal Sexual Harassment Inquiry) ચાલુ હોય તે દરમિયાન ફરિયાદી જણાવે છે કે પ્રતિવાદીને સીધો અહેવાલ (Direct Reporting) આપવાના કારણે તે ગંભીર માનસિક તણાવ અનુભવે છે અને શત્રુતાપૂર્ણ કાર્યસ્થળ (Hostile Work Environment) નો ભય અનુભવે છે.

આવા સંજોગોમાં આંતરિક સમિતિ (Internal Committee – IC) દ્વારા કયું વચગાળાનું (Interim) વહીવટી પગલું ભલામણ કરવું સૌથી યોગ્ય ગણાય?

(A) તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી કોઈપણ પુરાવા વિના પ્રતિવાદીને આપમેળે પગાર વિના સસ્પેન્ડ કરી દેવો.
(B) ફરિયાદીને અંતિમ નિર્ણય આવે ત્યાં સુધી બિનપગાર રજા (Unpaid Leave) લેવા સલાહ આપવી.
(C) તપાસ દરમિયાન બંને વચ્ચે સંપર્ક ટાળવા માટે ફરિયાદી અથવા પ્રતિવાદી પૈકી કોઈ એકની અન્ય વિભાગમાં બદલી (Transfer) કરવાની અથવા ફરિયાદીને પગારસહિત રજા (Paid Leave) મંજૂર કરવાની ભલામણ કરવી.
(D) વિભાગીય સૌહાર્દ જળવાઈ રહે તે માટે ફરિયાદીને ફરિયાદ અસ્થાયી રીતે પાછી ખેંચવા માટે દબાણ કરવું.

77. Aureliano Fernandes v. State of Goa (2023) કેસમાં સર્વોચ્ચ અદાલતે (Supreme Court) કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદા (POSH Act)ના નબળા અમલીકરણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. પારદર્શિતા અને કાયદાના પાલનને મજબૂત બનાવવા માટે અદાલતે સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓને કયો મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યો?

(A) તમામ ફરિયાદો માટે આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ને દૂર કરીને પોલીસ સત્તાવાળાઓને જવાબદારી સોંપવી.

(B) આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ના સભ્યો અને તેમની વિગતો સંસ્થાની સત્તાવાર વેબસાઇટ પર જાહેર રીતે ઉપલબ્ધ કરાવવી, જેથી કર્મચારીઓ સરળતાથી માહિતી મેળવી શકે.

(C) તમામ કાર્યસ્થળ સતામણીની ફરિયાદો સીધી રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW)ને મોકલવી.

(D) 50 કરતાં ઓછા કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓને POSH Actના અમલીકરણમાંથી મુક્તિ આપવી.

78. મહામારી પછી દૂરથી (Remote) અને સંકર (Hybrid) કાર્યપ્રણાલીના વ્યાપક સ્વીકાર બાદ, કોર્પોરેટ અને સરકારી ન્યાયિક મંચોએ POSH કાયદા હેઠળ "કાર્યસ્થળ (Workplace)" ની વ્યાખ્યાનું પુનઃમૂલ્યાંકન કર્યું છે. વર્તમાન ન્યાયિક અર્થઘટન અને આધુનિક માનવ સંસાધન (HR) પાલનના સંદર્ભમાં, ડિજિટલ સતામણી (જેમ કે સત્તાવાર Zoom મીટિંગ, Microsoft Teams, અથવા મેસેજિંગ એપ્સ પર અયોગ્ય વર્તન) અંગે "કાર્યસ્થળ"ને કેવી રીતે સમજવામાં આવે છે?

(A) POSH Act માત્ર સંસ્થાની નોંધાયેલ ભૌતિક ઓફિસની હદ સુધી મર્યાદિત છે; તેથી તે રિમોટ કાર્ય પર લાગુ પડતો નથી.

(B) "કાર્યસ્થળ"નો અર્થ વ્યાપક રીતે કરવામાં આવે છે, જેમાં સત્તાવાર કાર્ય માટે ઉપયોગમાં લેવાતા તમામ ડિજિટલ પ્લેટફોર્મ, વર્ચ્યુઅલ મીટિંગ્સ અને ઇલેક્ટ્રોનિક સંચાર માધ્યમોનો સમાવેશ થાય છે; તેથી રિમોટ સતામણી પણ ICCના અધિકારક્ષેત્રમાં આવે છે.

(C) વર્ચ્યુઅલ સતામણી માત્ર માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ (IT Act) હેઠળ આવે છે અને તેનો નિકાલ ફક્ત સાયબર ક્રાઇમ પોલીસ દ્વારા જ થઈ શકે છે.

(D) ડિજિટલ સતામણી ત્યારે જ ICC સમક્ષ કાર્યવાહીપાત્ર બને જ્યારે સંકળાયેલા કર્મચારીઓ તે સમયે એક જ શહેરમાં ભૌતિક રીતે હાજર હોય.

79. એક રાજ્ય સરકારે કાયદાકીય રીતે સંપૂર્ણપણે યોગ્ય ડિજિટલ કરવેરા પોર્ટલ શરૂ કર્યું. તેમ છતાં, આંકડાઓ દર્શાવે છે કે વૃદ્ધ નાગરિકો સમયસર રિટર્ન ફાઇલ કરી શકતા નથી અને તેમને દંડનો સામનો કરવો પડે છે. નોડલ અધિકારી આ વર્ગની ટેક્નોલોજી સંબંધિત મુશ્કેલીઓ અને માનસિક અસુરક્ષાને સમજીને તરત જ સમુદાય કેન્દ્રોમાં મોબાઇલ સહાયક ફાઇલિંગ કિયોસ્ક (Assisted Filing Kiosks) શરૂ કરે છે.

વહીવટી દૃષ્ટિએ આ ઘટના દર્શાવે છે કે ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence) નો ઉપયોગ કેવી રીતે થાય છે?

(A) નિયમોનું કડક પાલન કરાવવા માટે કોઈ અપવાદ વિના ડિજિટલ પ્રક્રિયાનો અમલ કરવો.

(B) વ્યક્તિગત લાગણીઓના આધારે બંધારણીય જોગવાઈઓને અવગણવી.

(C) સહાનુભૂતિ (Empathy) દ્વારા નીતિના હેતુ અને નબળા વર્ગોની વાસ્તવિક ક્ષમતા વચ્ચેનો અંતર દૂર કરીને સમાન ન્યાય સુનિશ્ચિત કરવો.

(D) લોકોને અસુવિધા ન થાય તે માટે ડિજિટલ પરિવર્તનને કાયમી રીતે બંધ કરી દેવું.

80. આપત્તિ રાહત માટેના ભંડોળની ફાળવણી અંગે બે મહત્વપૂર્ણ વિભાગોના વડાઓ વચ્ચે લાંબા સમયથી ગંભીર વિવાદ ચાલી રહ્યો છે, જેના કારણે વહીવટી કામગીરી અટકી ગઈ છે. મુખ્ય સચિવ (Chief Secretary) સમજે છે કે આ વિવાદનું મૂળ કારણ નાણાકીય જરૂરિયાત નહીં પરંતુ વિભાગીય અહંકાર (Departmental Pride) અને પરસ્પર અપમાનની લાગણી છે. તેથી તે રાજ્યના સામૂહિક હિત પર કેન્દ્રિત મધ્યસ્થી (Mediation) બેઠક યોજે છે.

આ ઘટના ભાવનાત્મક બુદ્ધિમત્તાના કયા પાસાને દર્શાવે છે?

(A) સામાજિક જાગૃતિ (Social Awareness) અને સંબંધ વ્યવસ્થાપન (Relationship Management) દ્વારા આંતરિક વ્યક્તિગત વિવાદોનું નિરાકરણ લાવવું.

(B) કડક વહીવટી સત્તાનો ઉપયોગ કરીને તાત્કાલિક સમાધાન લાદવું.

(C) માત્ર આર્થિક ખર્ચ-લાભ વિશ્લેષણના આધારે નિર્ણય લેવો.

(D) લાંબા ગાળે કાર્યક્ષમતા વધારવા માટે વિભાગીય સ્પર્ધાને પ્રોત્સાહિત કરવી.

81. એક વહીવટી અધિકારી મોટા શહેરી ઉદ્યાન (Urban Park) ના નિર્માણ માટે કોન્ટ્રાક્ટરની પસંદગી કરી રહ્યો છે. તેને સમજાય છે કે એક બોલીદાર પ્રત્યે તેનો ઝુકાવ માત્ર એટલા માટે છે કે તે બોલીદારના આર્કિટેક્ટ સાથે તેનો વ્યક્તિગત પરિચય છે, જ્યારે અન્ય બોલીદાર વધુ ખર્ચ-અસરકારક (Cost-effective) પ્રસ્તાવ રજૂ કરે છે. પક્ષપાત ટાળવા માટે અધિકારી અંતિમ નિર્ણય પ્રક્રિયામાંથી પોતાને અલગ કરી લે છે.

આ પરિસ્થિતિ કઈ ભાવનાત્મક બુદ્ધિમત્તાનું પ્રતિનિધિત્વ કરે છે?

(A) આત્મજાગૃતિ (Self-awareness) ના આધારે નૈતિક આત્મનિયંત્રણ (Ethical Self-regulation).

(B) સ્પર્ધાત્મક બોલીદારો પ્રત્યે સહાનુભૂતિ (Empathy).

(C) હિતધારકો સાથેના સંબંધો જાળવવા માટે સામાજિક જાગૃતિ (Social Awareness).

(D) સંસ્થાકીય કાર્યક્ષમતા વધારવા માટે સિદ્ધિપ્રેરણા (Achievement Motivation).

82. નવી AI આધારિત ડેટા વિશ્લેષણ પ્રણાલી છેલ્લા ત્રણ વર્ષથી ભારે નુકસાન દર્શાવતા એક ગ્રામ્ય બસ રૂટને સંપૂર્ણપણે બંધ કરવાની ભલામણ કરે છે. પરંતુ પરિવહન અધિકારી આ ભલામણને નકારી કાઢે છે, કારણ કે તેને સમજાય છે કે આ રૂટ સ્થાનિક વિદ્યાર્થિનીઓ માટે જિલ્લા હાઈસ્કૂલ સુધી પહોંચવાનું એકમાત્ર સુરક્ષિત દૈનિક પરિવહન છે.

આ વહીવટી નિર્ણય કયા સિદ્ધાંતને શ્રેષ્ઠ રીતે પ્રતિબિંબિત કરે છે?

(A) સ્થાનિક સેવા પ્રદાનમાં AIની ખામીઓ દૂર કરવા માટે વહીવટી વિકેન્દ્રીકરણ (Administrative Decentralization).

(B) સમાનતાપૂર્ણ કલ્યાણલક્ષી હેતુઓ સિદ્ધ કરવા માટે તર્કસંગત ડેટા સાથે સામાજિક સહાનુભૂતિ અને માનવીય સંદર્ભનું એકીકરણ કરવું.

(C) મર્યાદિત તર્કસંગતતા (Bounded Rationality), જેમાં અધિકારી AIના જટિલ ડેટાને સમજી શકતો ન હોવાથી ઓછા શ્રેષ્ઠ નિર્ણયને સ્વીકારે છે.

(D) અપ્રિય ટેક્નોલોજીકલ સુધારાઓ અમલમાં મૂકતી વખતે પોતાની ભાવનાઓને નિયંત્રિત કરવાની ક્ષમતા.

83. નવી નિમણૂક પામેલા જિલ્લા મેજિસ્ટ્રેટ (District Magistrate) નોંધે છે કે કચેરીની બેઠકોમાં ભય, મૌન અને કડક આજ્ઞાપાલનનું વાતાવરણ છે, જેના કારણે જુનિયર અધિકારીઓ મેદાની સ્તરની સમસ્યાઓ ખુલ્લેઆમ રજૂ કરતા નથી. વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા માટે તેઓ નિયમિત "ઓપન ડોર અવર્સ" શરૂ કરે છે, જેમાં કર્મચારીઓ કોઈપણ શિસ્તભંગના ભય વિના પોતાની ચિંતાઓ વ્યક્ત કરી શકે છે.

આ પરિસ્થિતિમાં જિલ્લા મેજિસ્ટ્રેટ ભાવનાત્મક બુદ્ધિમત્તાનો કયા હેતુ માટે ઉપયોગ કરે છે?

(A) ઉચ્ચ અધિકારીઓ વિરુદ્ધ ગુપ્ત માહિતી એકત્રિત કરવા માટે ઔપચારિક આદેશશૃંખલાને બાયપાસ કરવી.

(B) કાર્યસ્થળ પર શિસ્તમાં ઢીલ લાવીને સત્તાક્રમ (Scalar Chain) ને નબળો બનાવવો.

(C) સંસ્થાકીય સહાનુભૂતિ (Organizational Empathy) દ્વારા ઝેરી કાર્યસંસ્કૃતિ (Toxic Culture) દૂર કરીને મનોવૈજ્ઞાનિક સુરક્ષા (Psychological Safety) અને નિખાલસ પ્રતિસાદની સંસ્કૃતિ વિકસાવવી.

(D) જુનિયર અધિકારીઓને જિલ્લા સ્તરના વ્યૂહાત્મક આયોજનની જવાબદારી સોંપવા માટે દબાણ કરવું.

84. ગ્રામ્ય સ્વચ્છતા માટેની એક મહત્વાકાંક્ષી યોજના પ્રથમ વર્ષમાં ભારે ચોમાસાના નુકસાનને કારણે તેના લક્ષ્યાંકો હાંસલ કરવામાં નિષ્ફળ જાય છે. મેદાની અધિકારીઓને દોષારોપણ કરવાને બદલે, પ્રોજેક્ટ ડિરેક્ટર સમીક્ષા કાર્યશાળાનું આયોજન કરે છે, અનુભવોમાંથી શીખ મેળવે છે અને ટીમને હવામાન-પ્રતિરોધક (Climate-resilient) ઉકેલો વિકસાવવા પ્રેરિત કરે છે. નેતૃત્વની આ શૈલી કઈ બાબતનું પ્રતિબિંબ છે?

(A) નિષ્ફળતાઓને અવગણીને માત્ર સકારાત્મક પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરીને ટીમનો આત્મવિશ્વાસ જાળવવો.

(B) પ્રોજેક્ટની નિષ્ફળતા માટે માત્ર બાહ્ય પરિસ્થિતિઓને જવાબદાર ઠેરવી પોતાની જવાબદારી ઘટાડવી.

(C) કાર્યસ્થળના સંબંધોનું સંચાલન કરતાં માત્ર પ્રોજેક્ટ ભાગીદારોની મુશ્કેલીઓ પ્રત્યે જ સહાનુભૂતિ દર્શાવવી.

(D) પડકારજનક પરિસ્થિતિઓમાં કાર્યક્ષમતા જાળવી રાખવા માટે ભાવનાત્મક સ્થિરતા (Emotional Resilience) અને આંતરિક પ્રેરણાનો ઉપયોગ કરવો.

85. ભારત સરકારની તાજેતરની વહીવટી ક્ષમતા નિર્માણ સુધારણા યોજના "મિશન કર્મયોગી" હેઠળ નાગરિક સેવાઓની તાલીમને પરંપરાગત 'નિયમ-આધારિત (Rule-based)' અભિગમમાંથી 'ક્ષમતાકેન્દ્રિત (Competency-driven)' અભિગમ તરફ પરિવર્તિત કરવામાં આવી છે. આ નવા માળખામાં, ફ્રન્ટલાઇન વહીવટી અધિકારીઓ માટે ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence) જેવી વર્તનાત્મક ક્ષમતાઓને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ તાલીમમાં EI ને સમાવવાનો મુખ્ય વ્યવહારુ હેતુ કયો છે?

(A) વહીવટી નિર્ણય પ્રક્રિયાને નિષ્પક્ષ પુરાવા આધારિત નીતિ-નિર્માણમાંથી અંતઃપ્રેરણા આધારિત અને પરિસ્થિતિ-કેન્દ્રિત નિર્ણય પ્રક્રિયામાં પરિવર્તિત કરવો.

(B) જટિલ જાહેર વ્યવહારો દરમિયાન સહાનુભૂતિ, ભાવનાત્મક આત્મ-નિયંત્રણ અને નાગરિક-કેન્દ્રિત ફરિયાદ નિવારણ માટે અનુકૂલનક્ષમતા વિકસાવવી.

(C) અધિકારીઓને એવી માનસિક પદ્ધતિઓમાં પ્રશિક્ષિત કરવું કે જેના દ્વારા જાહેર વિરોધ ઊભો કર્યા વિના કડક અમલવારી સુનિશ્ચિત કરી શકાય.

(D) વિવિધ સામાજિક-સાંસ્કૃતિક પરિસ્થિતિઓમાં તમામ અધિકારીઓની ભાવનાત્મક પ્રતિક્રિયાઓને એકસરખી બનાવી સમાન સેવા પ્રદાન સુનિશ્ચિત કરવું.

86. વર્ષ 2024–25 દરમિયાન Byju's જેવી અગ્રણી સંસ્થાઓમાં રોકાણકારોના વિરોધ, હિતધારકોના વિશ્વાસમાં ઘટાડો અને ઝેરી (Toxic) કાર્યસંસ્કૃતિના આક્ષેપોને કારણે ગંભીર નેતૃત્વ સંકટ ઊભું થયું. આધુનિક મેનેજમેન્ટના દૃષ્ટિકોણથી, કર્મચારીઓના બર્નઆઉટને ઓળખવામાં, આંતરવ્યક્તિગત સંબંધોનું અસરકારક સંચાલન કરવામાં અને માનસિક રીતે સુરક્ષિત (Psychologically Safe) કાર્યસંસ્કૃતિ જાળવવામાં નેતૃત્વની નિષ્ફળતા મુખ્યત્વે કઈ ક્ષમતાના અભાવને દર્શાવે છે?

(A) તકનીકી નિપુણતા અને કોડિંગ કૌશલ્ય.

(B) નિયમ-આધારિત અમલવારી અને કડક અમલવાદી વહીવટ.

(C) બહિર્મુખ વ્યક્તિત્વ અને આક્રમક બજાર વિસ્તરણ.

(D) ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence) અને સહાનુભૂતિપૂર્ણ નેતૃત્વ.

87. સરકારી કાગળ આધારિત કરારોને ડિજિટલ ઈ-ટેન્ડરિંગ (e-Tendering) પદ્ધતિમાં રૂપાંતરિત કરવાથી ભ્રષ્ટાચાર ઘટાડવામાં મુખ્યત્વે કેવી રીતે મદદ મળે છે?

(A) તે અધિકારીઓના નૈતિક ચારિત્ર્યમાં પરિવર્તન લાવે છે.

(B) તે તમામ નાણાકીય સત્તા મુખ્યમંત્રીના હાથમાં કેન્દ્રિત કરે છે.

(C) તે સીધા માનવીય સંપર્ક અને વિવેકાધીન સત્તાના ઉપયોગને મર્યાદિત કરે છે.

(D) તે કાનૂની જવાબદારી ખાનગી સોફ્ટવેર કંપનીઓ પર સ્થાનાંતરિત કરે છે.

88. ગ્રામીણ કલ્યાણ યોજનાઓમાં સામાજિક ઓડિટ (Social Audit) ની વ્યવસ્થા અમલમાં મુકવાથી જવાબદારી (Accountability)ની પરંપરાગત કલ્પનામાં કયો મૂળભૂત ફેરફાર થાય છે?

(A) જવાબદારીનું નિરીક્ષણ આંતરિક વરિષ્ઠ અધિકારીઓ પાસેથી સીધું નાગરિકો તરફ સ્થાનાંતરિત થાય છે.

(B) સરકારી ઓડિટને સંપૂર્ણપણે ખાનગી કોર્પોરેટ ઓડિટથી બદલવામાં આવે છે.

(C) બિન-સરકારી સંસ્થાઓ (NGOs)ને શિસ્તાત્મક કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવે છે.

(D) મેદાની કર્મચારીઓની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે.

89. વિધાન (Assertion - A): લોકાયુક્તની રચના અને સત્તાઓ ભારતના તમામ રાજ્યોમાં એકસરખી હોય છે.

કારણ (Reason - R): લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013 રાજ્યોને લોકાયુક્તની સ્થાપના કરવાનું કહે છે, પરંતુ તેની ચોક્કસ સત્તાઓ અને માળખું નક્કી કરવાનો અધિકાર રાજ્ય વિધાનસભાઓને આપે છે.

(A) (A) અને (R) બંને સાચાં છે અને (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ કરે છે.

(B) (A) અને (R) બંને સાચાં છે, પરંતુ (R), (A)નું યોગ્ય સ્પષ્ટીકરણ કરતું નથી.

(C) (A) સાચું છે, પરંતુ (R) ખોટું છે.

(D) (A) ખોટું છે, પરંતુ (R) સાચું છે.

90. એક અધિકારી પોતાના વરિષ્ઠ અધિકારી દ્વારા સુરક્ષા સંબંધિત ગંભીર ઉલ્લંઘન છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું વિજિલન્સ કમિશનને જાણ કરે છે. નૈતિક શાસન (Ethical Governance) ના સંદર્ભમાં આ ઘટના મુખ્યત્વે કયા પ્રકારના સંઘર્ષને દર્શાવે છે?

(A) ટીમ એકતા અને વિકેન્દ્રિત આયોજન વચ્ચેનો સંઘર્ષ.

(B) જાહેર હિત પ્રત્યેની ફરજ અને પદાનુક્રમિક આજ્ઞાપાલન વચ્ચેનો સંઘર્ષ.

(C) રાજકીય તટસ્થતા અને ખર્ચ-લાભ વિશ્લેષણ વચ્ચેનો સંઘર્ષ.

(D) વિભાગીય નિયંત્રણ વિસ્તાર (Span of Control) અને બાહ્ય સંચાર વચ્ચેનો સંઘર્ષ.

91. એક અધિકારી કોઈ પાત્ર ગરીબ નાગરિકની કલ્યાણકારી યોજનાના અરજીપત્રમાં થયેલી તકનીકી ભૂલ સુધારવામાં મદદ કરે છે, તેને સીધું નામંજૂર કરવાને બદલે. આ નૈતિક નિર્ણય મુખ્યત્વે કયા સિદ્ધાંતને પ્રાધાન્ય આપે છે?

(A) વ્યક્તિગત પરિસ્થિતિઓને અવગણીને નિયમોનું કડક પાલન.

(B) નિર્ણયને બાહ્ય ભ્રષ્ટાચાર વિરોધી સંસ્થાને સોંપવો.

(C) ઝડપથી લાભ આપવા માટે તમામ ચકાસણી પ્રક્રિયાને બાજુ પર મૂકી દેવી.

(D) વાસ્તવિક સામાજિક સમાનતા (Social Equity) પ્રાપ્ત કરવા માટે વહીવટી વિવેકાધિકાર (Administrative Discretion) નો ઉપયોગ.

92. એક સરકારી વિભાગ પોતાની તમામ નાણાકીય માહિતી જાહેર વેબસાઇટ પર મૂકે છે, પરંતુ નાગરિકોને પ્રશ્ન પૂછવાની અથવા ભૂલો અંગે જાણ કરવાની કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવતો નથી. આ પરિસ્થિતિ શું સૂચવે છે?

(A) સંપૂર્ણ નૈતિક શાસન (Ethical Governance) પ્રાપ્ત થઈ ગયું છે.

(B) પારદર્શિતા (Transparency) તો છે, પરંતુ સાચા અર્થમાં જવાબદારી (Accountability)નો અભાવ છે.

(C) વિભાગ સામાજિક ઓડિટ (Social Audit)નું આયોજન કરી રહ્યો છે.

(D) પારદર્શિતા વિના પણ જવાબદારી પ્રાપ્ત થઈ ગઈ છે.



[Contd.

93. લોકપાલ જાહેર સેવકો વિરુદ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદોની તપાસ કેવી રીતે કરાવે છે?

(A) તે પોતાની સ્વતંત્ર અને વિશિષ્ટ પોલીસ દળ દ્વારા તપાસ કરે છે.

(B) તે ફોજદારી અદાલત તરીકે કાર્ય કરીને સીધો જ દોષિતોને સજા ફટકારે છે.

(C) તે પોતાના અધિકારક્ષેત્ર હેઠળના કેસોમાં CBI જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓને તપાસ માટે દિશા-નિર્દેશ અને દેખરેખ પૂરી પાડે છે.

(D) તે તમામ ફરિયાદોની તપાસ માટે કેસોને સીધા સર્વોચ્ચ અદાલત (Supreme Court) ને મોકલે છે.

94. સરકારે તાજેતરમાં જન વિશ્વાસ અધિનિયમ, 2023 (Jan Vishwas Act, 2023) અમલમાં મૂક્યો છે. આ પહેલ દ્વારા સુશાસનના ક્ષેત્રમાં મુખ્ય નૈતિક સુધારો કયો હાંસલ થયો છે?

(A) ભ્રષ્ટાચાર સંબંધિત તમામ તપાસની જવાબદારી સંપૂર્ણપણે ખાનગી ઓડિટ એજન્સીઓને સોંપવી.

(B) વિશ્વાસ આધારિત નિયમનકારી વ્યવસ્થા (Trust-based Regulatory System) વિકસાવવા માટે નાની વહીવટી ભૂલોને ગુનાની શ્રેણીમાંથી દૂર કરવી (Decriminalization).

(C) લોકપાલને તમામ કોર્પોરેટ બોર્ડ્સ પર સીધો કાર્યકારી નિયંત્રણ આપવું.

(D) તમામ રાજ્યસ્તરીય ફરિયાદ નિવારણ પોર્ટલોને એક જ રાષ્ટ્રીય ડેશબોર્ડ હેઠળ કેન્દ્રિત કરવું.

95. વર્ષ 2024ની શરૂઆતમાં ન્યાયમૂર્તિ એ. એમ. ખાનવિલકર (Justice A.M. Khanwilkar) ને ભારતના નવા લોકપાલ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. વર્તમાન જવાબદારી (Accountability) સંબંધિત કાયદાઓ મુજબ, લોકપાલના અધિકારક્ષેત્રની મુખ્ય વિશેષતા કઈ છે?

(A) તે ઝડપી ફોજદારી અદાલત (Fast-track Criminal Court) તરીકે કાર્ય કરે છે અને કોઈપણ કાર્યવાહી વિના સીધા જ સરકારી અધિકારીઓને સજા આપી શકે છે.

(B) તેને પ્રધાનમંત્રી વિરુદ્ધના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરવાનો અધિકાર છે, જોકે કેટલાક વ્યૂહાત્મક અપવાદો (Strategic Exemptions) લાગુ પડે છે.

(C) તેનું કાર્યક્ષેત્ર માત્ર રાજકીય પક્ષોના ચૂંટણી ભંડોળ (Election Funding) પર નજર રાખવા પૂરતું મર્યાદિત છે.

(D) તે તમામ નાગરિક વહીવટી વિવાદોમાં સર્વોચ્ચ ન્યાયાલયનું સ્થાન લે છે.

96. એક રાજ્ય ગ્રામ્ય વિસ્તારમાં વિકસિત થયેલી ઓછી ખર્ચાળ મોબાઇલ આધારિત સલાહકાર પ્રણાલીને (Mobile-based Advisory System) મોટા પાયે શહેરી આયોજનમાં અપનાવે છે. વ્યવસ્થાપનના દૃષ્ટિકોણથી આનું શ્રેષ્ઠ ઉદાહરણ કયું છે?

(A) રિવર્સ ઇનોવેશન (Reverse Innovation)

(B) શૂન્ય આધારિત અંદાજપત્ર (Zero-based Budgeting)

(C) પીટર સિદ્ધાંત (Peter Principle)

(D) નિમ્નગામી સંચાર (Downward Communication)

97. ડિજિટલ ઇન્ડિયા મિશન (Digital India Mission) જેવી પહેલો હેઠળ નવી ટેક્નોલોજીનો સમાવેશ કરવાનો મુખ્ય હેતુ શું છે?

(A) તમામ રાજ્યોની રાજકીય સત્તાનું એક જ કચેરીમાં કેન્દ્રીકરણ કરવું.

(B) જાહેર સેવાઓની કાર્યક્ષમતા, સુલભતા અને નાગરિકોની ભાગીદારીમાં વધારો કરવો.

(C) સુરક્ષા માટે કાગળ આધારિત દસ્તાવેજોની સંખ્યામાં વધારો કરવો.

(D) જાહેર આરોગ્ય સેવાઓનું સંપૂર્ણ ખાનગીકરણ કરવું.

98. પરંપરાગત સરકારી વિભાગોમાં નવી ટેક્નોલોજી અપનાવવામાં સૌથી મોટો આંતરિક અવરોધ કયો માનવામાં આવે છે?

(A) ડિજિટલ કાયદાઓ માટે બંધારણીય માળખાનો સંપૂર્ણ અભાવ.

(B) ગ્રામ્ય કચેરીઓમાં અત્યંત પ્રશિક્ષિત IT કર્મચારીઓની અતિશય ઉપલબ્ધતા.

(C) ઝડપી સેવાઓ માટે જનતાની માંગનો સંપૂર્ણ અભાવ.

(D) સ્થાપિત કાર્યપદ્ધતિઓમાં ફેરફાર પ્રત્યેની સંસ્થાકીય જડતા (Structural Rigidity) અને સાંસ્કૃતિક પ્રતિકાર (Cultural Resistance).

99. સરકાર સ્થાનિક ટેક સ્ટાર્ટઅપ્સ સાથે મળીને AI આધારિત ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવે છે. આ અભિગમ કયા સિદ્ધાંત પર આધારિત છે?

(A) બાહ્ય નિષ્ણાતીનો લાભ લેવા માટે જાહેર-ખાનગી ભાગીદારી (Public-Private Partnership - PPP)

(B) ટેક્નોલોજી ક્ષેત્રનું સંપૂર્ણ રાષ્ટ્રીયકરણ.

(C) સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની બંધારણીય સત્તાને બાજુ પર રાખવી.

(D) પોલીસ વિભાગના કુલ બજેટમાં ઘટાડો કરવો.



[Contd.

100. સરકારે ઈ-ટેન્ડરિંગ સિસ્ટમનું સફળ પાયલોટ પરીક્ષણ કર્યા પછી તેને તમામ મંત્રાલયોમાં ફરજિયાત બનાવી દીધી. નવીનતા (Innovation) પ્રક્રિયામાં આ પ્રકારના વ્યાપક પ્રસારને શું કહેવામાં આવે છે?

(A) બ્રેઇનસ્ટોર્મિંગ
(B) આઇડિએશન
(C) પ્રસાર / વ્યાપક સ્વીકાર
(D) કેન્દ્રીકરણ

101. રાષ્ટ્રીય સ્તરે ડિજિટલ હેલ્થ સિસ્ટમ શરૂ કરતા પહેલાં સરકાર તેને એક જ જિલ્લામાં પરીક્ષણરૂપે અમલમાં મૂકે છે જેથી ખામીઓ શોધી શકાય. નવીનતા પ્રક્રિયાનો આ કયો તબક્કો છે?

(A) સંસ્થાકીયકરણ
(B) પાયલોટ પ્રયોગ
(C) આઇડિએશન
(D) પુનઃસંકોચન

102. એક સરકારી વિભાગ પોતાની 10-તબક્કાની કાગળ આધારિત મંજૂરી પ્રક્રિયાને કોઈપણ બિનજરૂરી પગલાં દૂર કર્યા વિના માત્ર ઑનલાઇન કરી દે છે. સૌથી સંભવિત વહીવટી પરિણામ શું હશે?

(A) પરિણામ આધારિત વ્યવસ્થાપન (Results-Based Management) તરફ તાત્કાલિક પરિવર્તન.
(B) પરંપરાગત અમલદારશાહી વિલંબોનું ડિજિટલ સ્વરૂપે પુનરાવર્તન.
(C) માહિતીની અસમાનતા (Information Asymmetry) નો સંપૂર્ણ અંત.
(D) જાહેર સેવાઓમાં સંસાધનોની ફાળવણીની કાર્યક્ષમતા (Allocative Efficiency) માં નોંધપાત્ર વધારો.

103. સરકારી વિભાગમાં "ઇનોવેશન લેબ (Innovation Lab)" સ્થાપવાનો મુખ્ય હેતુ શું છે?

(A) મોટા પાયે અમલીકરણ પહેલાં નવી વહીવટી પદ્ધતિઓનું સુરક્ષિત રીતે પરીક્ષણ અને સુધારણા કરવી.
(B) પરંપરાગત માનવ સંસાધન (HR) વિભાગને કાયમી રીતે બદલી નાખવો.
(C) રાજ્યના તમામ નિયમિત નાણાકીય ઓડિટનું સંચાલન કરવું.
(D) નબળું પ્રદર્શન કરનારા અધિકારીઓ સામે શિસ્તભંગની કાર્યવાહી કરવી.

104. "ઓપન ડેટા (Open Data)" પ્લેટફોર્મ જાહેર વહીવટમાં નવીનતાને મુખ્યત્વે કેવી રીતે પ્રોત્સાહિત કરે છે?

(A) નાગરિકોને દરેક વહીવટી નીતિ પર સીધું મતદાન કરવાની સગવડ આપીને.

(B) સરકારી દસ્તાવેજોની ઍક્સેસ માત્ર વરિષ્ઠ અધિકારીઓ સુધી મર્યાદિત રાખીને.

(C) સંશોધકો અને સ્ટાર્ટઅપ્સને સરળતાથી ઉપલબ્ધ માહિતી પૂરી પાડી નવી જાહેર સેવાઓ અને ઉકેલો વિકસાવવા સક્ષમ બનાવીને.

(D) કાયદેસરના નાણાકીય ઓડિટની જરૂરિયાત સંપૂર્ણપણે દૂર કરીને.

105. એક જાહેર કલ્યાણકારી મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ ખૂબ ઓછો થઈ રહ્યો છે. વધુ જાહેરાત કરવા બદલે મેનેજર પોતાને પૂછે છે: "શું આપણે ખરેખર નાગરિકોને જરૂરી એવી સેવા આપી રહ્યા છીએ?" નવીનતા વ્યવસ્થાપનમાં મૂળભૂત ધારણાઓ પર પ્રશ્ન ઉઠાવવાની આ પ્રક્રિયા શું કહેવાય?

(A) રિવર્સ ઇનોવેશન

(B) ડબલ-લૂપ લર્નિંગ

(C) ઝીરો-બેઝ્ડ બજેટિંગ

(D) રૂલ ઑફ લેપ્સ

106. એક રાજ્ય સરકારે ગ્રામ્ય કલ્યાણ યોજનામાં ફરજિયાત સ્માર્ટફોન એપ્લિકેશન શરૂ કરી, પરંતુ કુલ નોંધણી અડધી થઈ ગઈ. એપ્લિકેશનના સોફ્ટવેરમાં સુધારો કરવા બદલ સરકારે કયા મૂળભૂત વહીવટી મુદ્દાને ઉકેલવો જોઈએ?

(A) ડિજિટલ ડિવાઇડ (Digital Divide) ને કારણે સર્જાતી વ્યાપક અને અનિચ્છનીય બાકાતી ભૂલો (Exclusion Errors).

(B) કેન્દ્રીય IT વિભાગમાં ઝીરો-બેઝ્ડ બજેટિંગનો અભાવ.

(C) સ્કેલર ચેઇન (Scalar Chain) ને તાત્કાલિક મજબૂત કરવાની જરૂરિયાત.

(D) ગ્રામ્ય ભંડોળમાં રૂલ ઑફ લેપ્સનો અતિરેક ઉપયોગ.



[Contd.

107. એક નાગરિકને નવો વ્યવસાય નોંધાવવા માટે ચાર અલગ-અલગ અને એકબીજા સાથે અસંકળાયેલી સરકારી વેબસાઇટ્સનો ઉપયોગ કરવો પડે છે. સરકાર દ્વારા આ વેબસાઇટ્સ બનાવવા માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવા છતાં નાગરિકો હજુ પણ અસંતોષ અનુભવે છે. તાર્કિક રીતે, અહીં ટેક્નોલોજીકલ નવીનતાના કયા મૂળભૂત સિદ્ધાંતનો અભાવ છે?

(A) વિભાગીય નિયંત્રણના વિસ્તાર (Span of Control) નું કડક પાલન.

(B) આંતરકાર્યક્ષમતા (Interoperability) અને વિભાગો વચ્ચેનું એકીકરણ (Cross-Departmental Integration).

(C) કામગીરી આધારિત બજેટિંગ (Performance Budgeting) નો અમલ.

(D) IT ક્ષેત્રનું વહીવટી વિકેન્દ્રીકરણ (Administrative Decentralization).

108. એક વિભાગ ફાઇલોનું સંચાલન કરવા માટે નવી AI આધારિત પ્રણાલીનું પરીક્ષણ કરે છે, પરંતુ પ્રોજેક્ટ નિષ્ફળ જાય છે. વરિષ્ઠ મેનેજર ટીમને કડક સજા કરે છે. આ અભિગમનો વહીવટી નવીનતા પર સંભવિત પ્રભાવ શું થશે?

(A) કર્મચારીઓ વધુ પ્રયોગો કરવા અને સર્જનાત્મક જોખમ લેવા પ્રોત્સાહિત થશે.

(B) બિનજરૂરી પ્રયોગો ઘટવાથી વધુ સાવચેત નિર્ણય લેવામાં મદદ મળશે.

(C) નિષ્ફળતાનો ભય ઊભો થશે, જેના કારણે કર્મચારીઓ ભવિષ્યમાં નવીન પ્રયાસો કરવાનું ટાળશે.

(D) નવી ટેક્નોલોજી અપનાવવાની સંસ્થાની ક્ષમતા વધુ મજબૂત બનશે.

109. ભારત સરકારે સંરક્ષણ ક્ષેત્રના આધુનિકીકરણ માટે તાજેતરમાં iDEX (Innovations for Defence Excellence) પ્લેટફોર્મ શરૂ કર્યું. આ પહેલનો મુખ્ય હેતુ શું છે?

(A) તમામ સંરક્ષણ સંશોધન માત્ર પરંપરાગત સરકારી પ્રયોગશાળાઓ સુધી મર્યાદિત રાખવો.

(B) સ્ટાર્ટઅપ્સ અને MSMEs ને પ્રોત્સાહન આપી નવીન સંરક્ષણ ટેક્નોલોજીના વિકાસ માટે ક્રાઉડસોર્સિંગ કરવું.

(C) રાષ્ટ્રીય સુરક્ષાનો સમગ્ર ડેટા વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓને સોંપવો.

(D) સંરક્ષણ ઉત્પાદનને સંપૂર્ણપણે વાણિજ્ય મંત્રાલય હેઠળ કેન્દ્રિત કરવું.

110. કોર્પોરેટ બાબતોના મંત્રાલયે (MCA) MCA21 Version 3.0 ડિજિટલ પોર્ટલ તથા જન વિશ્વાસ અધિનિયમ (Jan Vishwas Act) અમલમાં મૂક્યો છે. આ ટેક્નોલોજીકલ સુધારાનો મુખ્ય વહીવટી આધાર શું છે?

(A) નાની પ્રક્રિયાગત ભૂલો માટે કડક ફોજદારી સજાની જગ્યાએ ડિજિટલ અને વિશ્વાસ આધારિત નિયમનકારી વ્યવસ્થા અપનાવવી.

(B) કોર્પોરેટ છેતરપિંડી રોકવા માટે વધુ કાગળ આધારિત અને મેન્યુઅલ ચકાસણી કરવી.

(C) તમામ વ્યવસાયિક મંજૂરીઓને કેન્દ્રિત કરીને ક્ષેત્રિય અધિકારીઓની વિવેકાધીન સત્તા વધારવી.

(D) તમામ કાયદેસરની પાલન પ્રણાલીને દૂર કરીને સ્વૈચ્છિક સ્વનિયમન અપનાવવું.

111. હર્ઝબર્ગના પ્રેરણા-સ્વચ્છતા (Motivation-Hygiene) સિદ્ધાંત અનુસાર, જો કોઈ સંસ્થા કાર્યસ્થળની મૂળભૂત સુવિધાઓ, દેખરેખ અને કામનું વાતાવરણ સુધારે, તો તેનું સંભવિત પરિણામ શું હશે?

(A) કર્મચારીઓ આપોઆપ અત્યંત પ્રેરિત બની જશે અને તેમની પ્રતિબદ્ધતા વધી જશે.

(B) કર્મચારીઓનો અસંતોષ ઘટશે, પરંતુ વાસ્તવિક પ્રેરણા માટે સિદ્ધિ, માન્યતા અને વિકાસ જેવા પરિબળોની જરૂર રહેશે.

(C) કર્મચારીઓને હવે પુરસ્કાર, બઢતી અથવા વિકાસની તકોની જરૂર રહેશે નહીં.

(D) સંસ્થા કર્મચારી પ્રેરણાને બદલે કડક નિયમો અને પ્રક્રિયાઓ પર આધાર રાખશે.

112. નેતૃત્વના લક્ષણ સિદ્ધાંત (Trait Theory of Leadership) અનુસાર, જો કોઈ અધિકારી સંગઠનાત્મક પરિવર્તન સફળતાપૂર્વક સંભાળી શકતો નથી કારણ કે તે ઝેરી કાર્યસંસ્કૃતિ વિકસાવે છે અને પારદર્શિતાનો અભાવ રાખે છે, તો તે મુખ્યત્વે કયા નેતૃત્વ ગુણના અભાવને દર્શાવે છે?

(A) પ્રામાણિકતા (Integrity) અને જવાબદારી (Accountability).

(B) ટેકનિકલ અને કાર્યાત્મક નિપુણતા.

(C) ભાવનાત્મક બહિર્મુખતા અને કરિશ્મા.

(D) નિરંકુશ પ્રભુત્વ (Autocratic Dominance).



[Contd.

113. હર્બર્ટ સાયમનના મત અનુસાર, જટિલ પરિસ્થિતિઓમાં વહીવટકર્તાઓ સંપૂર્ણપણે તર્કસંગત નિર્ણય લઈ શકતા નથી અને શ્રેષ્ઠ વિકલ્પને બદલે સંતોષકારક વિકલ્પ પસંદ કરે છે. નિર્ણય લેવાની આ મર્યાદાને શું કહેવાય?

(A) બાહ્ય અવરોધોને કારણે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરવામાં અસમર્થતા.

(B) માહિતી, સમય અને માનવીય નિર્ણયક્ષમતાની મર્યાદાઓને કારણે સર્જાતી સીમિત તર્કસંગતતા (Bounded Rationality).

(C) સંસ્થાઓ દ્વારા કર્મચારીઓને તેમની ક્ષમતાથી ઊંચા પદ પર બઢતી આપવાની વૃત્તિ.

(D) જૂની પ્રક્રિયાઓને સંપૂર્ણપણે નવી સંસ્થાકીય પદ્ધતિઓથી બદલી નાખવાની પ્રથા.

114. કર્ટ લેવિનના પરિવર્તન વ્યવસ્થાપન મોડેલ (Kurt Lewin's Change Management Model) અનુસાર, કોઈ વિભાગનું પુનર્ગઠન (Restructuring) કરતા પહેલાં મેનેજર કર્મચારીઓને સમજાવે છે કે હાલની કાર્યપદ્ધતિ કેમ બિનઅસરકારક છે અને પરિવર્તન શા માટે અનિવાર્ય છે. આ તબક્કાનો મુખ્ય હેતુ શું છે?

(A) કર્મચારીઓને આવનારા પરિવર્તનને સ્વીકારવા માટે માનસિક અને ભાવનાત્મક રીતે તૈયાર કરવું.

(B) સંસ્થાની ટેકનિકલ સમસ્યાઓ ઓળખીને નવા સંસાધનોની વ્યવસ્થા કરવી.

(C) કર્મચારીઓની કામગીરીનું નિરીક્ષણ કરીને દૈનિક કાર્યલક્ષ્યોની સિદ્ધિ સુનિશ્ચિત કરવી.

(D) પરિવર્તન દરમિયાન કર્મચારીઓના વર્તનને નિયંત્રિત કરવા કડક નિયમો બનાવવા.

115. સમગ્ર જાહેર ખરીદી (Public Procurement) પ્રણાલીમાં એકસાથે મોટા ફેરફાર કરવાને બદલે, એક વિભાગ દર ત્રણ મહિને નાનો ડિજિટલ સુધારો અમલમાં મૂકે છે જેથી કર્મચારીઓ પર અતિશય દબાણ ન આવે. કર્મચારીઓના અનુકૂલનને ધ્યાનમાં રાખીને અપનાવવામાં આવેલ આ અભિગમ ને શું કહેવાય?

(A) પરિવર્તનાત્મક વિક્ષેપ (Transformational Disruption).

(B) ક્રમિક પરિવર્તન વ્યવસ્થાપન (Incremental Change Management).

(C) લેઝેઝ-ફેર વહીવટ (Laissez-faire Administration).

(D) શૂન્ય-આધારિત સંસ્થાકીયકરણ (Zero-based Institutionalization).

116. સંસ્થાકીય પરિવર્તન દરમિયાન કર્મચારીઓ નવી ડિજિટલ પ્રણાલીનો ઉપયોગ કરવાનો ઇનકાર કરે છે, કારણ કે તેઓ જૂની કાગળ આધારિત પદ્ધતિમાં વધુ આરામદાયક અનુભવે છે અને નવી કુશળતા શીખવાથી ડરે છે. આ વર્તનને શ્રેષ્ઠ રીતે શું કહેવાય?

(A) પાયલોટ પ્રયોગ (Pilot Experimentation)

(B) સંસ્થાકીય વિકાસ (Organizational Development)

(C) પરિવર્તન પ્રત્યેનો પ્રતિકાર (Resistance to Change)

(D) ડબલ-લૂપ લર્નિંગ (Double-loop Learning)

117. લેવિનના પરિવર્તન મોડેલ (Lewin's Change Model) અનુસાર, નવી નીતિ સફળતાપૂર્વક અમલમાં મૂક્યા પછી મેનેજરે ખાતરી કરવી જોઈએ કે તે કર્મચારીઓની કાયમી કાર્યપદ્ધતિ બની જાય અને તેઓ જૂની પદ્ધતિ તરફ પાછા ન વળે. આ અંતિમ તબક્કાને શું કહેવાય?

(A) અનફ્રીઝિંગ (Unfreezing)

(B) મૂવિંગ (Moving)

(C) બ્રેઇનસ્ટોર્મિંગ (Brainstorming)

(D) રિફ્રીઝિંગ (Refreezing)

118. સંસ્થાકીય પરિવર્તન પ્રત્યેના પ્રતિકારને ઘટાડવા અને કર્મચારીઓનું અનુકૂલન સુનિશ્ચિત કરવા માટે નીચેના પૈકી કયો અભિગમ સૌથી વધુ અસરકારક માનવામાં આવે છે?

(A) કર્મચારીઓ નવી પ્રક્રિયાનું પાલન કરે તેની ખાતરી કરવા કડક દેખરેખની વ્યવસ્થા અમલમાં મૂકવી.

(B) કર્મચારીઓને સહભાગિતા, અસરકારક સંવાદ અને સહિયારા નિર્ણય દ્વારા પરિવર્તનની પ્રક્રિયામાં સક્રિય રીતે જોડવા.

(C) કર્મચારીઓની ભાગીદારી મર્યાદિત રાખીને ધીમે ધીમે પરિવર્તન અમલમાં મૂકવું.

(D) નેતૃત્વના વિશેષ હસ્તક્ષેપ વિના કર્મચારીઓને સ્વયં અનુકૂલન કરવા દેવું.

119. વિશાળ અને બહુવર્ષીય સુધારણા પ્રક્રિયા દરમિયાન કર્મચારીઓનો ઉત્સાહ ઘટી શકે છે. તેને ટાળવા માટે જોન કોટરના 8-સ્ટેપ પરિવર્તન મોડેલ (Kotter's 8-Step Model) મુજબ નેતાઓએ શરૂઆતની નાની સફળતાઓનું આયોજન કરીને તેની ઉજવણી કરવી જોઈએ. આ વ્યૂહરચનાને શું કહેવાય?

(A) ટૂંકાગાળાની સફળતાઓનું સર્જન

(B) તાત્કાલિકતાની ભાવના સર્જવી

(C) વ્યાપક કાર્યવાહીને સશક્ત બનાવવી

(D) પરિવર્તનનું સંસ્થાકીયકરણ

120. સંસ્થાકીય વિકાસ (Organizational Development - OD) એ સંસ્થાની એકંદર કાર્યક્ષમતા અને અસરકારકતા વધારવા માટેનો આયોજિત અને સુવ્યવસ્થિત અભિગમ છે. OD મુખ્યત્વે નીચેના પૈકી કયા આધાર પર નિર્ભર છે?

(A) નાણાકીય સંકટોને કારણે અચાનક અને બિનઆયોજિત વિક્ષેપો.

(B) વર્તણૂક વિજ્ઞાન (Behavioral Science) આધારિત દીર્ઘકાલીન હસ્તક્ષેપો દ્વારા પરિવર્તનનું સંચાલન અને સંસ્થાકીય સંસ્કૃતિમાં સુધારો.

(C) તાત્કાલિક નફો વધારવા માટે ટૂંકાગાળાના બજેટમાં ઘટાડો.

(D) મધ્યમ સ્તરના તમામ મેનેજમેન્ટ હોદ્દાઓને સંપૂર્ણપણે દૂર કરી દેવા.

121. પરસ્પર જોડાયેલા ઉપકરણો (Devices) અને સેન્સરો દ્વારા સરકારી યોજનાઓનું વાસ્તવિક સમય (Real-time) ટ્રેકિંગ અને મોનિટરિંગ શક્ય બનાવતી ટેક્નોલોજી કઈ છે?

(A) ઇન્ટરનેટ ઑફ થિંગ્સ (Internet of Things – IoT)

(B) બ્લોક પ્રિન્ટિંગ (Block Printing)

(C) હસ્તલિખિત લેડ્જર પ્રણાલી (Manual Ledger System)

(D) કાર્બન કૉપીંગ (Carbon Copying)

122. જિલ્લા વહીવટીતંત્ર રેશન વિતરણ અંગે વાસ્તવિક સમયના ડેશબોર્ડનો ઉપયોગ કરે છે, છતાં અધિકારીઓ અછત અંગે કાર્યવાહી કરવા માટે ત્રિમાસિક અહેવાલની રાહ જુએ છે. આ પરિસ્થિતિ કઈ બાબતો વચ્ચેનું અંતર દર્શાવે છે?

(A) માહિતીની ઉપલબ્ધતા (Data Availability) અને માહિતી-આધારિત નિર્ણય લેવાની સંસ્થાકીય સંસ્કૃતિ (Data-driven Decision-making Culture)

(B) ઈ-ગવર્નન્સ (E-Governance) અને ડિજિટલ ગવર્નન્સ (Digital Governance)

(C) બિગ ડેટા (Big Data) અને ઓપન ડેટા (Open Data)

(D) કેન્દ્રીકરણ (Centralization) અને વિકેન્દ્રીકરણ (Decentralization)

123. વહીવટી સુધારણા સંબંધિત અહેવાલો અનુસાર, ફરિયાદ નિવારણ (Grievance Redressal) પ્રણાલીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) આધારિત ચેટબોટ્સની યોગ્ય ભૂમિકા કઈ છે?

(A) સુસંગતતા જાળવવા માટે તેઓએ માનવ ફરિયાદ નિવારણ અધિકારીઓને સંપૂર્ણપણે બદલી દેવા જોઈએ.

(B) તેઓએ નિયમિત અને સુવ્યવસ્થિત પ્રશ્નોનો ઉકેલ લાવવો જોઈએ, જ્યારે જટિલ અથવા સંવેદનશીલ ફરિયાદો માનવ અધિકારીઓને મોકલવી જોઈએ.

(C) તેમનો ઉપયોગ માત્ર આંતરિક કર્મચારી સંચાર માટે જ કરવો જોઈએ; નાગરિકોને આપવામાં આવતી સેવાઓ માટે નહીં.

(D) તેમની ભૂમિકા માત્ર ફરિયાદ પ્રાપ્ત થયાની સ્વીકૃતિ આપવા સુધી મર્યાદિત હોવી જોઈએ, આગળની પ્રક્રિયા કર્યા વિના.

124. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ નીચે પૈકી કયું જોડકું યોગ્ય રીતે જોડાયેલું છે?

(A) "ડિજિટલ લોકર" - બાયોમેટ્રિક આધારિત સબસિડી ટ્રાન્સફર માટેની યોજના.

(B) "ડિજિટલ લોકર" - નાગરિકોને સત્તાવાર દસ્તાવેજો ઇલેક્ટ્રોનિક સ્વરૂપે સંગ્રહિત કરવા અને તેમની ચકાસણી કરવા માટેનું ક્લાઉડ આધારિત ભંડાર (રિપોઝિટરી).

(C) "ડિજિટલ લોકર" - માત્ર આવકવેરા રિટર્ન ફાઇલ કરવા માટેનું પોર્ટલ.

(D) "ડિજિટલ લોકર" - સરકારી સર્વરો માટેની ઓફલાઇન બેકઅપ વ્યવસ્થા.

125. શાસનમાં પ્રેડિક્ટિવ એનાલિટિક્સ (Predictive Analytics) અને ડેસ્ક્રિપ્ટિવ એનાલિટિક્સ (Descriptive Analytics) વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે પ્રેડિક્ટિવ એનાલિટિક્સ:

(A) માત્ર ચાર્ટ્સ અને ડેશબોર્ડ દ્વારા ભૂતકાળમાં શું બન્યું તેનો સારાંશ રજૂ કરે છે.

(B) માત્ર નાણાકીય ઓડિટિંગ માટે જ ઉપયોગમાં લેવાય છે.

(C) કોઈપણ ઐતિહાસિક ડેટાની જરૂરિયાત રાખતું નથી.

(D) ઐતિહાસિક અને વર્તમાન ડેટાના પેટર્નનો ઉપયોગ કરીને ભવિષ્યના પરિણામોની સંભાવનાનો અંદાજ લગાવે છે, જેથી પૂર્વસક્રિય (Proactive) નીતિગત નિર્ણયો લઈ શકાય.

126. એક સ્માર્ટ સિટી પ્રોજેક્ટ ટ્રાફિક સિગ્નલ અને કચરા વ્યવસ્થાપન માટે IoT સેન્સરોનો ઉપયોગ કરે છે, પરંતુ વહીવટકર્તાઓ એકત્રિત થયેલા ડેટાને સમયસર નિર્ણયો માં રૂપાંતરિત કરી શકતા નથી. તેનું સૌથી સંભવિત કારણ શું હોઈ શકે?

(A) માહિતીનું વહીવટી પગલાંમાં રૂપાંતર કરવા માટે યોગ્ય ડેટા એનાલિટિક્સ અને નિર્ણય-સહાયક (Decision Support) સિસ્ટમનો અભાવ.

(B) શહેરની વિવિધ સેવાઓનું સંચાલન કરતી વિભાગો વચ્ચે મર્યાદિત સંકલન.

(C) પરંપરાગત વહીવટી પદ્ધતિઓને બદલે સ્વચાલિત (Automated) સિસ્ટમો પર વધુ પડતી નિર્ભરતા.

(D) ટેક્નોલોજીમાં રોકાણ છતાં ભૌતિક માળખાકીય સુવિધાઓનો અપૂરતો વિકાસ.

127. વહીવટી ઉપયોગોમાં રોબોટિક પ્રોસેસ ઓટોમેશન (RPA) અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે RPA:

(A) ઐતિહાસિક ડેટાનો ઉપયોગ કરીને સતત શીખે છે અને પોતાના નિર્ણયોમાં સ્વતંત્ર રીતે સુધારો કરે છે.

(B) પૂર્વનિર્ધારિત નિયમોના આધારે પુનરાવર્તિત કાર્યો કરે છે, જ્યારે AI પેટર્ન ઓળખી શકે છે અને જટિલ નિર્ણય લેવામાં સહાય કરી શકે છે.

(C) દરેક સ્વચાલિત કાર્ય માટે માનવ નિર્ણય જરૂરી બનાવે છે, જ્યારે AI આધારિત સિસ્ટમમાં આવું જરૂરી નથી.

(D) માત્ર ખાનગી ક્ષેત્ર સુધી મર્યાદિત છે અને જાહેર વહીવટમાં તેની કોઈ ભૂમિકા નથી.

128. "ડેટા આધારિત શાસન" (Data-driven Governance) પોતાના હેતુઓ હાંસલ કરવા કઈ પરિસ્થિતિમાં નિષ્ફળ જવાની સૌથી વધુ શક્યતા રાખે છે?

(A) મોટી માત્રામાં ડેટા એકત્રિત થાય, પરંતુ વિભાગો વચ્ચે સંકલન, ડેટા શેરિંગની વ્યવસ્થા અને વિશ્લેષણાત્મક એકીકરણનો અભાવ હોય.

(B) સરકારી વિભાગો જાહેર સેવાઓના નિરીક્ષણ અને મૂલ્યાંકન માટે ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરે.

(C) અધિકારીઓને ડેટાનું અર્થઘટન અને તેનો નીતિગત નિર્ણયોમાં ઉપયોગ કરવા માટે તાલીમ આપવામાં આવે.

(D) નાગરિકો અને સંસ્થાઓને વિશ્વસનીય જાહેર ડેટાસેટ્સની ઉપલબ્ધતા આપવામાં આવે.

129. "ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026"નું આયોજન ફેબ્રુઆરી 2026માં ક્યાં કરવામાં આવ્યું હતું?

(A) ગાંધીનગર, ગુજરાત
(B) ભારત મંડપમ, નવી દિલ્હી
(C) બેંગલુરુ, કર્ણાટક
(D) હૈદરાબાદ, તેલંગાણા

130. ગુજરાતની "આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અમલીકરણ કાર્યયોજના (Action Plan for Implementation of Artificial Intelligence) 2025–2030" કેટલા મુખ્ય સ્તંભો (Key Pillars) પર આધારિત છે?

(A) ચાર
(B) પાંચ
(C) છ
(D) આઠ

131. ભરતી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે એક રાજ્ય વિભાગ AI દ્વારા અરજદારોની પ્રાથમિક પસંદગી કરે છે, પરંતુ અંતિમ નામંજૂરી પહેલાં શંકાસ્પદ કેસોની માનવ અધિકારીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવે છે. આ અભિગમને શું કહેવાય?

(A) માનવ નિયંત્રણ વિના અલ્ગોરિધમિક સ્વાયત્તતા (Algorithmic Autonomy).
(B) માનવ-સહભાગી નિર્ણય પ્રક્રિયા (Human-in-the-Loop – HITL).
(C) ભૂતકાળના નિર્ણયોમાંથી શીખતી અનુકૂલનશીલ AI (Adaptive AI).
(D) સંપૂર્ણપણે સ્વચાલિત ભરતી પ્રક્રિયા.

132. શાસન અને ઉદ્યોગ ક્ષેત્રમાં નવીનતા પ્રોત્સાહિત કરવા માટે 2025માં સ્થાપિત ગુજરાતનું "AI Centre of Excellence" કઈ સંસ્થાના સહયોગથી સ્થાપવામાં આવ્યું હતું?

(A) NASSCOM અને Microsoft
(B) સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP)
(C) માત્ર વિશ્વ બેંક
(D) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા



[Contd.

133. ગુજરાત ક્લાઉડ અપનાવવાની માર્ગદર્શિકા (Gujarat Cloud Adoption Guidelines), 2025નો મુખ્ય હેતુ શું છે?

(A) તમામ સરકારી કર્મચારીઓને સ્વચાલિત સિસ્ટમોથી બદલવા.

(B) શાસનમાં સુરક્ષિત, વિસ્તૃત કરી શકાય તેવી (Scalable) અને કાર્યક્ષમ ક્લાઉડ આધારિત સેવાઓને પ્રોત્સાહન આપવું.

(C) સરકારી વિભાગોને બાહ્ય ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવો.

(D) ડેટા સંગ્રહ અને ડિજિટલ સેવા પ્રદાન પ્રણાલીઓનો સંપૂર્ણ અંત લાવવો.

134. ગુજરાત સરકાર અને Meta વચ્ચે થયેલા તાજેતરના સહયોગનો મુખ્ય હેતુ શું છે?

(A) સેમિકન્ડક્ટર ઉત્પાદન એકમોની સ્થાપના કરવી.

(B) રાજ્ય સરકારનું પોતાનું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ બનાવવું.

(C) ન્યાયાધીશોને AI આધારિત કેસ મેનેજમેન્ટમાં તાલીમ આપવી.

(D) WhatsApp આધારિત ચેટબોટ દ્વારા ફરિયાદ નિવારણ (Grievance Redressal), પ્રમાણપત્રો જારી કરવા, જેવી AI આધારિત નાગરિક સેવાઓ પ્રદાન કરવી.

135. India AI Impact Summit 2026 દરમિયાન ભારત સરકારે કયો મહત્વપૂર્ણ નીતિ દસ્તાવેજ જાહેર કર્યો?

(A) સાત ટેક્નો-કાનૂની સિદ્ધાંતો પર આધારિત India AI Governance Guidelines

(B) Digital India Act, 2026

(C) National Data Protection Bill

(D) AI Liability and Compensation Act

136. જાહેર વહીવટીતંત્ર દ્વારા નાગરિકો સાથે સંવાદ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો વધતો ઉપયોગ થતો હોય ત્યારે, AI દ્વારા બનાવવામાં આવેલા "ડીપફેક" (Deepfake) વિડિઓ અથવા મીડિયા મુખ્યત્વે કયો પડકાર ઊભો કરે છે?

(A) સરકારી વિભાગોની નાણાકીય યોજના અને સંસાધન ફાળવણીમાં સુધારો કરવો.

(B) જનવિશ્વાસ, માહિતીની વિશ્વસનીયતા અને સંકટ-સંચારની અસરકારકતા જાળવવી.

(C) સરકારી ડિજિટલ માળખાની તકનીકી ક્ષમતા અને સંગ્રહ કાર્યક્ષમતા વધારવી.

(D) સંસ્થાઓમાં ઔપચારિક અહેવાલ પ્રણાલી અને વહીવટી ક્રમ જાળવવો.

137. આરોગ્ય વિભાગ અગાઉ ડેન્ગ્યુના ભૂતકાળના માસિક અહેવાલો પ્રકાશિત કરતો હતો, પરંતુ હવે તે હવામાન અને સ્વચ્છતા સંબંધિત રીઅલ-ટાઇમ ડેટાનો ઉપયોગ કરીને આગામી સંભવિત ડેન્ગ્યુ ફેલાવાના વિસ્તારોની આગાહી કરે છે. આ પરિવર્તન કયા પ્રકારના એનાલિટિક્સ તરફનો ફેરફાર દર્શાવે છે?

(A) Predictive થી Prescriptive Analytics

(B) Quantitative થી Qualitative Administration

(C) Centralized થી Decentralized Command

(D) Descriptive થી Predictive Analytics

138. સરકારે "Single Window Portal" શરૂ કર્યો છે, જેમાં નાગરિક એક જ લોગિન દ્વારા રાષ્ટ્રીય ઓળખ ડેટાબેઝ, કરવેરા ડેટાબેઝ અને જમીન નોંધણી ડેટાબેઝમાંથી માહિતી સુરક્ષિત રીતે મેળવી શકે છે. આ વિવિધ સરકારી ડેટાબેઝોને પરસ્પર સંવાદ કરવાની સગવડ આપતી તકનીક કઈ છે?

(A) એપ્લિકેશન પ્રોગ્રામિંગ ઇન્ટરફેસ (APIs)

(B) બાયોમેટ્રિક એન્ક્રિપ્શન (Biometric Encryption)

(C) ક્લોઝ્ડ-સોર્સ ફાયરવોલ (Closed-source Firewalls)

(D) વિકેન્દ્રિત સ્વાયત્ત સંસ્થાઓ (Decentralized Autonomous Organizations – DAOs)



[Contd.

139. જોખમ વ્યવસ્થાપનમાં (Risk Management) “Risk Identification” નો અર્થ શું છે?

(A) જોખમ સર્જાયા પછી તેની નાણાકીય અસરનું મૂલ્યાંકન કરવું

(B) સંસ્થાકીય કામગીરીમાંથી તમામ અનિશ્ચિતતાઓ દૂર કરવી

(C) જોખમોની જવાબદારી બાહ્ય સંસ્થાઓને સોંપવી

(D) સંસ્થાના લક્ષ્યોને અસર કરી શકે તેવા સંભવિત જોખમોને ઓળખી અને નોંધવા

140. પ્રશાસનિક નિર્ણય-પ્રક્રિયામાં "જોખમ" (Risk) ને "અનિશ્ચિતતા" (Uncertainty) થી નીચેનામાંથી કઈ બાબત સૌથી સારી રીતે અલગ પાડે છે?

(A) જોખમ અને અનિશ્ચિતતા એ સમાન વિભાવનાઓ (સમાન ખ્યાલો) છે જેમાં કોઈ વ્યવહારિક તફાવત નથી.

(B) જોખમ એવી પરિસ્થિતિઓ સાથે સંકળાયેલું છે જ્યાં પરિણામોની સંભાવનાઓનો અંદાજ લગાવી શકાય છે, જ્યારે અનિશ્ચિતતા એવા પરિણામો સાથે સંકળાયેલી છે જેની સંભાવનાઓ વિશ્વસનીય રીતે નક્કી કરી શકાતી નથી.

(C) જોખમ ફક્ત નાણાકીય બાબતોને જ લાગુ પડે છે, જ્યારે અનિશ્ચિતતા અન્ય તમામ ક્ષેત્રોને લાગુ પડે છે.

(D) અનિશ્ચિતતા હંમેશાં જથ્થાત્મક (ગણતરી યોગ્ય) હોય છે, જ્યારે જોખમ, નથી હોતું.

141. જોખમ મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતી Risk Matrix સામાન્ય રીતે કયા બે પરિમાણોના આધારે જોખમોને દર્શાવે છે?

(A) નિવારણ ખર્ચ અને મંજૂરી માટેનો સમય

(B) જવાબદાર વિભાગ અને ફાળવેલ બજેટ

(C) અસરગ્રસ્ત કર્મચારીઓની સંખ્યા અને ઓળખની તારીખ

(D) જોખમ બનવાની સંભાવના (Likelihood) અને તેની અસરની ગંભીરતા (Impact Severity)

142. એક મ્યુનિસિપલ કોર્પોરેશન કુદરતી આપત્તિઓથી થનારી સંભવિત નાણાકીય નુકસાનની ભરપાઈ માટે પોતે સમગ્ર ભાર વહન કરવા બદલ વીમો ખરીદે છે. આ કયા પ્રકારની જોખમ વ્યવસ્થાપન વ્યૂહરચનાનું ઉદાહરણ છે?

(A) Risk Transfer (જોખમ હસ્તાંતરણ)

(B) Risk Avoidance (જોખમ ટાળવું)

(C) Risk Acceptance (જોખમ સ્વીકારવું)

(D) Risk Identification (જોખમ ઓળખવું)

143. સંસ્થા અથવા સરકારી તંત્રમાં “Risk Appetite” નો અર્થ શું થાય છે?

(A) એક નાણાકીય વર્ષમાં ઓળખાયેલા કુલ જોખમોની સંખ્યા

(B) લક્ષ્યો હાંસલ કરવા માટે સંસ્થા જેટલા અને જે પ્રકારના જોખમો સ્વીકારવા તૈયાર હોય તે સ્તર

(C) પહેલેથી જ સર્જાઈ ચૂકેલા જોખમોની યાદી

(D) માત્ર વીમા પ્રીમિયમ માટે ફાળવાયેલ બજેટ

144. જોખમ નિવારણની વ્યૂહરચના તરીકે “Risk Avoidance” નું શ્રેષ્ઠ વર્ણન કયું છે?

(A) જોખમ સ્વીકારીને અનામત ભંડોળ રાખવું

(B) કરાર દ્વારા જોખમ તૃતીય પક્ષ સાથે વહેંચવું

(C) માત્ર દેખરેખ દ્વારા જોખમ બનવાની સંભાવના ઘટાડવી

(D) જોખમ સર્જતી પ્રવૃત્તિ અથવા પરિસ્થિતિને સંપૂર્ણપણે દૂર કરી દેવી

145. જોખમ મૂલ્યાંકનમાં Qualitative Risk Analysis અને Quantitative Risk Analysis વચ્ચેનો મુખ્ય તફાવત શું છે?

(A) તે ચોક્કસ આંકડાકીય મૂલ્યો અને ગણતરીઓ દ્વારા જોખમ માપે છે.

(B) તે નિષ્ણાતોના અનુભવ અને નિર્ણયના આધારે જોખમોને નીચા, મધ્યમ અથવા ઊંચા જેવા વર્ગોમાં મૂલવે છે.

(C) તે માત્ર નુકસાન પેદા કરી ચૂકેલા જોખમો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

(D) તે જોખમો ઓળખે છે પરંતુ તેમની પ્રાથમિકતા નક્કી કરવામાં મદદરૂપ નથી.



[Contd.

146. સરકારી વિભાગ કોઈ પ્રોજેક્ટ માટે આંતરિક નિયંત્રણો (Internal Controls) અમલમાં મૂકે છે, છતાં પણ કેટલાક જોખમો અસ્તિત્વમાં રહી શકે છે તેવી સ્વીકૃતિ આપે છે. આવા બાકી રહેલા જોખમને શું કહેવામાં આવે છે?

(A) મૂળભૂત જોખમ (Inherent Risk)

(B) અવશેષ જોખમ (Residual Risk)

(C) સટ્ટાકીય જોખમ (Speculative Risk)

(D) શૂન્ય જોખમ (Zero Risk)

147. એક શહેર પરિષદ (City Council) કડક નીતિ બનાવે છે કે કોઈપણ જાહેર માળખાકીય (Public Infrastructure) પ્રોજેક્ટ તેના મંજૂર થયેલા બજેટ કરતાં 5% થી વધુ ખર્ચ કરી શકશે નહીં. જોખમ વ્યવસ્થાપન (Risk Management) માં સ્વીકાર્ય વિચલનની આ ચોક્કસ અને માપી શકાય તેવી મર્યાદાને શું કહેવામાં આવે છે?

(A) જોખમ ક્ષમતા (Risk Capacity)

(B) શૂન્ય-આધારિત બજેટિંગ (Zero-based Budgeting)

(C) જોખમ સહનશીલતા (Risk Tolerance)

(D) વહીવટી સંકોચન (Administrative Retrenchment)

148. એક નગરપાલિકા નદીના પૂરના જોખમને સંપૂર્ણપણે દૂર કરવા માટે વિશાળ કોંક્રિટની દિવાલ બનાવે છે. પરંતુ આ દિવાલના કારણે શહેરની અંદર પડતું ભારે વરસાદનું પાણી બહાર નીકળી શકતું નથી અને એક નવી જ પાણી નિકાલ (Drainage)ની સમસ્યા ઊભી થાય છે. જોખમ મૂલ્યાંકન (Risk Assessment) માં આ નવા સર્જાયેલા જોખમને શું કહેવામાં આવે છે?

(A) નૈતિક જોખમ (Moral Hazard)

(B) ચેપજન્ય જોખમ (Contagious Risk)

(C) ગૌણ જોખમ (Secondary Risk)

(D) બ્લેક સ્વાન ઘટના (Black Swan Event)

149. યાદી – I માં આપેલ નાણાકીય પરિભાષાઓને યાદી – II માં આપેલ યોગ્ય વહીવટી પ્રક્રિયાઓ સાથે મેળવો:

| યાદી – I | | યાદી – II |
|---|---|---|
| 1. શૂન્ય-આધારિત બજેટિંગ (Zero-Based Budgeting) | a. | નાણાકીય વર્ષના અંતે વપરાયા વગર બચેલી તમામ રકમ ફરજિયાત રીતે સરકારી તિજોરીમાં પરત જમા કરવાની જોગવાઈ. |
| 2. લેપ્સનો નિયમ (Rule of Lapse) | b. | માત્ર ખર્ચના પ્રકારને આધારે નહીં, પરંતુ ભૌતિક લક્ષ્યાંકો અને માપી શકાય તેવા પરિણામો સાથે નાણાકીય ફાળવણીને સીધી રીતે જોડવાની પદ્ધતિ. |
| 3. વિરેમેન્ટ (Virement) | c. | અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે એક જ વિભાગના એક બજેટ મથાળામાંથી બીજા બજેટ મથાળામાં નાણાંની બદલી (Transfer) કરવાની પ્રક્રિયા. |
| 4. કાર્યક્ષમતા આધારિત બજેટિંગ (Performance Budgeting) | d. | દર નાણાકીય વર્ષ માટે ગયા વર્ષના બજેટને આધાર ન માનીને દરેક ખર્ચનું શરૂઆતથી જ મૂલ્યાંકન અને યુક્તિસંગતતા સાબિત કરવાની પદ્ધતિ. |

વિકલ્પો:

(A) 1 – d, 2 – a, 3 – b, 4 – c

(B) 1 – d, 2 – a, 3 – c, 4 – b

(C) 1 – c, 2 – a, 3 – d, 4 – b

(D) 1 – b, 2 – c, 3 – a, 4 – d

150. વિવાદાસ્પદ જમીન સંપાદન (Land Acquisition) નીતિના અમલીકરણ દરમિયાન વહીવટી તંત્ર ખેડૂતો, ઉદ્યોગો, બિન-સરકારી સંસ્થાઓ (NGOs) અને ડેવલપર્સ જેવા સંબંધિત પક્ષકારોની ઓળખ કરીને તેમના હિતો, પ્રભાવ અને સંભવિત પ્રતિભાવનું મૂલ્યાંકન કરે છે. વ્યૂહાત્મક વ્યવસ્થાપનમાં આ પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) હિતધારક (Stakeholder) વિશ્લેષણ

(B) પર્યાવરણીય સ્કેનિંગ (Environmental Scanning)

(C) સંસાધન ફાળવણી વિશ્લેષણ

(D) સંસ્થાકીય ક્ષમતા (Competency) મૂલ્યાંકન

151. એક ગ્રામ્ય વિભાગ પાસે તબીબી પુરવઠાનું અસરકારક વિતરણ કરવા માટે જરૂરી લોજિસ્ટિક્સ ક્ષમતા નથી. તેથી તે આ મર્યાદાને દૂર કરવા માટે ખાનગી ડિલિવરી કંપની સાથે ભાગીદારી કરે છે. વ્યૂહાત્મક વ્યવસ્થાપનના દૃષ્ટિકોણથી આ અભિગમ શું દર્શાવે છે?

(A) બાહ્ય સહયોગ અને સંસાધનોના ઉપયોગ દ્વારા સંસ્થાકીય નબળાઈને દૂર કરવી.

(B) સરકારી કાર્યોનું સંપૂર્ણ આઉટસોર્સિંગ કરીને આંતરિક મર્યાદાઓનો અંત લાવવો.

(C) કાર્યાત્મક પડકારને સંસ્થાના લાંબા ગાળાના ગેરલાભમાં પરિવર્તિત કરવો.

(D) વ્યૂહાત્મક આયોજનના સ્થાને બજાર-આધારિત વહીવટી અભિગમ અપનાવવો.

152. એક મહાનગરપાલિકા પાસે કુશળ IT ટીમ છે, પરંતુ તેના સર્વર્સ જૂના થઈ ગયા છે. આ દરમિયાન સરકાર ડિજિટલ અપગ્રેડ માટે નાણાકીય સહાય જાહેર કરે છે. SWOT વિશ્લેષણ મુજબ IT ટીમ અને સરકારની સહાય યોજના અનુક્રમે કઈ શ્રેણીમાં આવશે?

(A) તાકાત (Strength) અને તાકાત (Strength)

(B) તક (Opportunity) અને તાકાત (Strength)

(C) તાકાત (Strength) અને તક (Opportunity)

(D) તક (Opportunity) અને તક (Opportunity)

153. સંસ્થાકીય જોખમ મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતા SWOT વિશ્લેષણમાં "જોખમો (Threats)" નો શ્રેષ્ઠ અર્થ શું છે?

(A) આંતરિક નબળાઈઓ કે જે તાલીમ દ્વારા સુધારી શકાય.

(B) બાહ્ય પરિબળો કે જે સંસ્થાના હેતુઓ પર નકારાત્મક અસર કરી શકે અને જેના માટે પૂર્વસાવચેતીપૂર્વક દેખરેખ રાખવી જરૂરી હોય.

(C) એવી તાકાતો જે હરીફો પાસે ઉપલબ્ધ નથી.

(D) આંતરિક રીતે ઓછા ઉપયોગમાં લેવાતા સંસાધનો.

154. પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં "રિસ્ક રજિસ્ટર (Risk Register)" નો મુખ્ય હેતુ શું છે?

(A) પૂર્ણ થયેલા પ્રોજેક્ટોની નિષ્ફળતાઓનો રેકોર્ડ રાખવો અને તેમાંથી મેળવેલા પાઠોનું દસ્તાવેજીકરણ કરવું.

(B) નાણાકીય આયોજન અને સંસાધન ફાળવણીના દસ્તાવેજોનું સ્થાન લેવું.

(C) પ્રોજેક્ટની મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ દરમિયાન કર્મચારીઓના કાર્યપ્રદર્શન પર નજર રાખવી.

(D) સંભવિત જોખમોની ઓળખ કરવી, તેમનું મૂલ્યાંકન કરવું, જવાબદારી નક્કી કરવી અને સતત દેખરેખ રાખવી.

155. સરકારી અંદાજપત્રમાં આવક ખર્ચ (Revenue Expenditure) અને મૂડી ખર્ચ (Capital Expenditure) વચ્ચેનો મુખ્ય તફાવત કયો છે?

(A) આવક ખર્ચ મુખ્યત્વે દૈનિક વહીવટી અને નિયમિત કામગીરી માટે થાય છે, જ્યારે મૂડી ખર્ચ સંપત્તિનું સર્જન અથવા જવાબદારીઓમાં ઘટાડા સાથે સંબંધિત હોય છે.

(B) આવક ખર્ચ માત્ર માળખાગત વિકાસ માટે થાય છે, જ્યારે મૂડી ખર્ચ નિયમિત વહીવટી ખર્ચને આવરી લે છે.

(C) આવક ખર્ચ અને મૂડી ખર્ચ બંનેનો સરકારી સંપત્તિ અને જવાબદારીઓ પર સમાન પ્રભાવ પડે છે.

(D) મૂડી ખર્ચ માત્ર ખાનગી ક્ષેત્રના રોકાણ સુધી મર્યાદિત હોય છે અને સરકારી બજેટનો ભાગ નથી.

156. નાણાકીય સંકટ દરમિયાન એક સરકારી વિભાગ આરોગ્ય, કાયદો અને વ્યવસ્થા જેવી આવશ્યક જાહેર સેવાઓને પ્રાથમિકતા આપે છે અને ઓછી તાકીદના ખર્ચને મુલતવી રાખે છે. આ અભિગમ શું દર્શાવે છે?

(A) માત્ર અંતિમ પરિણામોના મૂલ્યાંકન પર આધારિત પરિણામકેન્દ્રી (Outcome-Based) બજેટિંગ.

(B) જાહેર પ્રાથમિકતાઓ અને આવશ્યક સેવાઓના આધારે ખર્ચનું સંચાલન.

(C) સ્વચાલિત બજેટિંગ, જેમાં અગાઉના વર્ષના આધારે ખર્ચમાં વધારો થાય છે.

(D) શૂન્ય-આધારિત બજેટિંગ (Zero-Based Budgeting), જેમાં દરેક ખર્ચને સંપૂર્ણપણે દૂર કરીને નવી સમીક્ષા કરવામાં આવે છે.

157. જાહેર વહીવટમાં "નાણાકીય શિસ્ત (Financial Discipline)" નો સિદ્ધાંત કયો છે?

(A) ફાળવવામાં આવેલા નાણાંનો મહત્તમ ઉપયોગ કરવો, ભલે તે ખર્ચની તાત્કાલિક જરૂરિયાત ન હોય.

(B) બજેટના નિયમોનું પાલન કરવું, નાણાકીય ઔચિત્ય જાળવવું અને જાહેર નાણાંનો કાર્યક્ષમ તથા જવાબદારીપૂર્વક ઉપયોગ કરવો.

(C) વિભાગોને મંજૂરી વિના નાણાકીય યોજનાઓમાં સંપૂર્ણ ફેરફાર કરવાની છૂટ આપવી.

(D) બજેટમાં વિચલન ટાળવા માટે જરૂરી ખર્ચમાં પણ વિલંબ કરવો.

158. સરકારી નાણાકીય વર્ષના અંતિમ ત્રિમાસિક ગાળામાં જોવા મળતી "ખર્ચ કરવાની ઉતાવળ (Rush of Expenditure)" ની સામાન્ય રીતે ટીકા શા માટે કરવામાં આવે છે?

(A) વર્ષના અંત પહેલાં ફાળવેલા નાણાં ખર્ચી નાખવાના દબાણને કારણે અવ્યવસ્થિત ખર્ચ અને નાણાકીય ચકાસણીમાં ઘટાડો થઈ શકે છે.

(B) પ્રોજેક્ટોના ઝડપી અમલીકરણને કારણે નાણાંનો વધુ સારો ઉપયોગ થાય છે.

(C) આગામી નાણાકીય વર્ષ માટે બજેટ ફાળવણીમાં આપોઆપ વધારો થાય છે.

(D) બાકી રહેલી તમામ રકમ આપોઆપ આપત્તિ રાહત ભંડોળમાં સ્થાનાંતરિત થાય છે.

159. એક રાજ્ય વિભાગ પોતાનું વાર્ષિક બજેટ તૈયાર કરતી વખતે અગાઉના વર્ષના ખર્ચને આધાર માની તેમાં ફક્ત 8% નો સમાન વધારો ઉમેરે છે, પરંતુ જૂના કાર્યક્રમોની વર્તમાન આવશ્યકતાનું કોઈ વિશ્લેષણ કરતું નથી. આ કઈ પ્રકારની બજેટ નિર્માણ પદ્ધતિ દર્શાવે છે?

(A) શૂન્ય-આધારિત બજેટિંગ (Zero-Based Budgeting)

(B) વૃદ્ધિ-આધારિત બજેટિંગ (Incremental Budgeting)

(C) કામગીરી-આધારિત સંસાધન ફાળવણી (Performance-Linked Allocation)

(D) મૂડી ખર્ચ મોડેલિંગ (Capital Expenditure Modelling)

160. નીચેના યાદી -I (સંકલ્પના) અને યાદી -II (અર્થ) વચ્ચે યોગ્ય જોડાણ મેળવો:

| | યાદી – I (સંકલ્પના) | | યાદી – II (અર્થ) |
|---|---|---|---|
| 1. | ડૂબેલો ખર્ચ (Sunk Cost) | a. | પહેલેથી થયેલો એવો ખર્ચ કે જે પાછો મેળવી શકાતો નથી. |
| 2. | તક ખર્ચ (Opportunity Cost) | b. | શ્રેષ્ઠ વૈકલ્પિક વિકલ્પ પસંદ ન કરવાથી ગુમાવેલો લાભ. |
| 3. | રાજકોષીય ખાધ (Fiscal Deficit) | c. | સરકારના કુલ ખર્ચ અને કુલ આવક વચ્ચેની ખાધ. |
| 4. | ખર્ચ-લાભ વિશ્લેષણ (Cost-Benefit Analysis) | d. | કોઈ નિર્ણયના અપેક્ષિત ખર્ચ અને અપેક્ષિત લાભોની તુલના કરવાની પ્રક્રિયા. |

યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(B) 1 – b, 2 – a, 3 – d, 4 – c

(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b

(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

161. જાહેર વહીવટમાં "નાણાકીય ઔચિત્ય (Financial Propriety)" ના સિદ્ધાંતનો અર્થ શું છે?

(A) સરકારી નાણાંનો ઉપયોગ એવી જ કાળજી, વિવેક અને જવાબદારીથી કરવો જેમ કોઈ સમજદાર વ્યક્તિ પોતાના નાણાંનો ઉપયોગ કરે.

(B) વિભાગોને કોઈપણ મર્યાદા વિના સંપૂર્ણ ફાળવેલ બજેટ ખર્ચવાની છૂટ આપવી.

(C) તમામ સરકારી અધિકારીઓને સંપૂર્ણ નાણાકીય સ્વતંત્રતા આપવી.

(D) જાહેર સેવાઓને મહત્તમ બનાવવા માટે સરકારી ખર્ચમાં સતત વધારો કરવો.

162. બજેટ ઘડતરની પ્રક્રિયા દરમિયાન એક મંત્રાલય માત્ર શાળાના મકાનો માટે કેટલા નાણાં ખર્ચાશે તેની યાદી બનાવતું નથી, પરંતુ તે જ નાણાંના ઉપયોગથી "મહિલા સાક્ષરતા દરમાં 4% નો વધારો કરવાનો" કાયદેસર લક્ષ્યાંક પણ નક્કી કરે છે. ખર્ચનું આયોજન અંતિમ પરિણામોને ધ્યાનમાં રાખીને કરવાની આ પદ્ધતિ કઈ કહેવાય?

(A) મદવાર બજેટિંગ (Line-item Budgeting)

(B) લેસેઝ-ફેર નાણાકીય વ્યવસ્થાપન (Laissez-faire Financial Management)

(C) પરિણામલક્ષી અથવા કામગીરી આધારિત બજેટિંગ (Outcome / Performance Budgeting)

(D) વહીવટી ખર્ચ સંકોચન (Administrative Retrenchment)

163. કેન્દ્રનું નાણાં મંત્રાલય ઉપરથી સીધું બજેટ નક્કી કરવાને બદલે તમામ જિલ્લા કક્ષાની કચેરીઓ પાસેથી તેમની સ્થાનિક નાણાકીય જરૂરિયાતો મંગાવે છે અને ત્યારબાદ તેને એકત્રિત કરીને રાષ્ટ્રીય બજેટ તૈયાર કરે છે. બજેટ ઘડતરની આ પદ્ધતિને શું કહેવાય?

(A) ઉપરથી નીચે કેન્દ્રિય બજેટ ફાળવણી (Top-down Centralized Allocation)

(B) નીચેથી ઉપર અથવા સહભાગી બજેટિંગ (Bottom-up / Participatory Budgeting)

(C) અલ્ગોરિથમિક નિર્ધારણ (Algorithmic Determination)

(D) ધોરણ-અનુપાલન આધારિત બજેટિંગ (Normative Compliance Budgeting)

164. તાજેતરના કેન્દ્રીય બજેટોમાં ભારત સરકારે મફત યોજનાઓ (Freebies)માં મોટા પ્રમાણમાં વધારો કરવાને બદલે મૂડી ખર્ચ (Capital Expenditure - Capex) માં વર્ષ દર વર્ષે નોંધપાત્ર વધારો કરીને માળખાકીય વિકાસને પ્રાથમિકતા આપી છે. બજેટ ઘડતરમાં આ પ્રાથમિકતા પાછળનો મુખ્ય સમષ્ટિ આર્થિક (Macroeconomic) તર્ક કયો છે?

(A) ટૂંકા ગાળામાં ઘરેલુ વપરાશમાં ઝડપથી વધારો કરવો અને ઇરાદાપૂર્વક ફુગાવો (Inflation) વધારવો.

(B) "ગુણક અસર (Multiplier Effect)" ઊભી કરીને ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવું, રોજગારીનું સર્જન કરવું અને લાંબા ગાળાની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવો.

(C) નાણાકીય વર્ષ પૂરું થાય તે પહેલાં રાષ્ટ્રીય આકસ્મિક ભંડોળ (Contingency Fund) સંપૂર્ણ ખર્ચી નાખવું.

(D) નિયમિત વહીવટી ખર્ચ માટે જરૂરી વિધાનસભાની મંજૂરીને બાજુ પર રાખવી.

165. નાણાકીય શિસ્તને વધુ મજબૂત બનાવવા માટે નાણાં મંત્રાલયે જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલી (PFMS) હેઠળ કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ માટે સિંગલ નોડલ એજન્સી (Single Nodal Agency – SNA) મોડલ ફરજિયાત બનાવ્યો છે. આ ટેક્નોલોજીકલ સુધારાનો મુખ્ય વહીવટી હેતુ શું છે?

(A) યોજનાઓના સમગ્ર નાણાકીય ભારને રાજ્ય સરકારો પર સ્થાનાંતરિત કરવો.

(B) નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG) ની બંધારણીય ભૂમિકાને ખાનગી ઓડિટ કંપનીઓથી બદલવી.

(C) વિવિધ બેંક ખાતાઓમાં નિષ્ક્રિય રીતે પડેલા ભંડોળને અટકાવવું અને વાસ્તવિક ક્ષેત્રીય ઉપયોગના આધારે "જસ્ટ-ઇન-ટાઇમ (Just-in-Time)" નાણાં મુક્ત કરવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.

(D) વિભાગોને પૂર્વ મંજૂરી વિના સંપૂર્ણપણે અસંબંધિત યોજનાઓ વચ્ચે નાણાં સ્થાનાંતરિત કરવાની છૂટ આપવી.

166. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના (MGNREGA) જેવી કલ્યાણકારી યોજનાઓમાં આધાર આધારિત ચુકવણી પ્રણાલી (Aadhaar-Based Payment System – ABPS) નો મુખ્ય લાભ શું છે?

(A) પરંપરાગત બજેટિંગ પદ્ધતિઓને નવી નાણાકીય પ્રણાલીઓથી બદલવી.

(B) લાભો વાસ્તવિક અને યોગ્ય લાભાર્થીઓ સુધી પહોંચે તેની ખાતરી કરીને ગેરરીતિઓ (Leakages) ઘટાડવી અને કાર્યક્ષમતામાં વધારો કરવો.

(C) સરકારી યોજનાઓ પૂર્ણ થયા પછી જ ઓડિટ કરવું.

(D) ક્ષેત્રકક્ષાના (Field-level) વહીવટની જરૂરિયાત સંપૂર્ણપણે દૂર કરવી.

167. નીચેના યાદી - I માં દર્શાવેલ નાણાકીય નિયંત્રણની સંકલ્પનાઓને યાદી - II માં આપેલા તેમના યોગ્ય અર્થ સાથે મેળવો અને સાચો વિકલ્પ પસંદ કરો.

| | યાદી – I (નાણાકીય નિયંત્રણની સંકલ્પના) | | યાદી – II (અર્થ) |
|---|---|---|---|
| 1. | ખર્ચ પછીનું નાણાકીય ઓડિટ (Ex-post Financial Audit) | a. | ખર્ચ થઈ ગયા પછી તેની સમીક્ષા અને ચકાસણી કરવાની પ્રક્રિયા. |
| 2. | અગાઉથી નિવારક નિયંત્રણ (Preventive / Ex-ante Control) | b. | ખર્ચ થાય તે પહેલાં ગેરરીતિઓ અટકાવવા માટે લાગુ કરવામાં આવતું નિયંત્રણ તંત્ર. |
| 3. | અમલીકરણ દરમિયાન નીતિનું મૂલ્યાંકન (Formative Policy Evaluation) | c. | નીતિના અમલીકરણ દરમિયાન તેને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવતું મૂલ્યાંકન. |
| 4. | વિવેકાધીન ભંડોળનું પુનઃફાળવણી (Discretionary Fund Reallocation) | d. | વહીવટી નિર્ણયોના આધારે ઉપલબ્ધ ભંડોળને એક હેતુમાંથી બીજા હેતુ માટે ફાળવવાની પ્રક્રિયા. |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો:

(A) 1 – a, 2 – b, 3 – c, 4 – d

(B) 1 – b, 2 – a, 3 – d, 4 – c

(C) 1 – c, 2 – d, 3 – a, 4 – b

(D) 1 – d, 2 – c, 3 – b, 4 – a

168. જાહેર ખર્ચના મૂલ્યાંકનના સંદર્ભમાં, 3E (Economy, Efficiency, Effectiveness) માળખામાં "Efficiency (કાર્યક્ષમતા)" ઘટક ખાસ કરીને શું માપે છે?

(A) કાચા માલની ખરીદી માટે શક્ય તેટલો ઓછો ખર્ચ સુનિશ્ચિત કરવો.

(B) ઇનપુટ્સને આઉટપુટ્સમાં શ્રેષ્ઠ રીતે રૂપાંતરિત કરવાની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવું.

(C) ખર્ચ દ્વારા અંતિમ સામાજિક નીતિના ઉદ્દેશ્યો હાંસલ થયા કે નહીં તેનું મૂલ્યાંકન કરવું.

(D) કાયદેસર ખરીદી (Procurement) સંબંધિત નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવું.

169. નાણાકીય વ્યવસ્થાપનમાં "Pre-audit (પૂર્વ ઓડિટ)" પદ્ધતિનો "Post-audit (પશ્ચાત્ ઓડિટ)" કરતાં મુખ્ય વહીવટી લાભ કયો છે?

(A) અયોગ્ય દાવાઓને જાહેર નાણાં ચૂકવવામાં આવે તે પહેલાં જ નકારી કાઢી છેતરપિંડી અટકાવવી.

(B) તે બાહ્ય કામગીરી મૂલ્યાંકનની જરૂરિયાતને સંપૂર્ણપણે દૂર કરે છે.

(C) તે માત્ર સ્વતંત્ર અને બંધારણીય બાહ્ય સંસ્થા દ્વારા જ કરવામાં આવે છે.

(D) તે માત્ર નીતિના લાંબા ગાળાના સામાજિક પ્રભાવનું મૂલ્યાંકન કરે છે.

170. પરંપરાગત નાણાકીય અથવા અનુપાલન (Compliance) ઓડિટથી વિપરીત, "Performance Audit (કાર્યક્ષમતા ઓડિટ)" મુખ્યત્વે કઈ બાબતનું પરીક્ષણ કરે છે?

(A) નાણાકીય રેકોર્ડની ચોકસાઈ અને નિર્ધારિત હિસાબી પ્રક્રિયાઓનું પાલન.

(B) સરકારી કાર્યક્રમો અર્થવ્યવસ્થા (Economy), કાર્યક્ષમતા (Efficiency) અને અસરકારકતા (Effectiveness) સાથે પોતાના ઉદ્દેશ્યો કેટલી હદે હાંસલ કરે છે તેનું મૂલ્યાંકન.

(C) વ્યવહારોની કાયદેસરતા અને ખર્ચને મંજૂરી મળી હતી કે નહીં તેની તપાસ.

(D) બજેટ પ્રક્રિયાઓ સમયસર પૂર્ણ થઈ અને બાકી રહેલી ફાળવણીનું સમાધાન થયું કે નહીં તેની તપાસ.

171. જાહેર નાણાકીય વહીવટમાં કયું નિયંત્રણ તંત્ર વિભાગોને યોગ્ય મંજૂરી વિના ખર્ચની જવાબદારીઓ (Expenditure Commitments) લેતા અટકાવવા માટે રચાયેલ છે?

(A) પૂર્વ નાણાકીય મંજૂરી (Ex-ante Financial Sanction)

(B) પશ્ચાત્ પ્રભાવ મૂલ્યાંકન (Ex-post Impact Assessment)

(C) સહાયકતા સિદ્ધાંત (Principle of Subsidiarity)

(D) ક્રમિક બજેટીય ફાળવણી (Incremental Budgetary Allocation)

172. સંસ્થામાં "Cost Control (ખર્ચ નિયંત્રણ)" નો શ્રેષ્ઠ અર્થ શું છે?

(A) કામગીરીની જરૂરિયાતોને અવગણીને ખર્ચને શક્ય તેટલા નીચા સ્તરે રાખવો.

(B) વાસ્તવિક ખર્ચની આયોજનબદ્ધ ધોરણો સાથે તુલના કરીને ખર્ચનું સંચાલન કરવા માટે સુધારાત્મક પગલાં લેવા.

(C) તમામ નાણાકીય નિર્ણયો માટે જવાબદારી ઓડિટ વિભાગને સોંપી દેવી.

(D) માત્ર નાણાકીય સંકટના સમયગાળામાં જ ખર્ચ પર નિયંત્રણ રાખવું.

173. નીચેનામાંથી કયું ઉદાહરણ ખર્ચ ઘટાડવાની વ્યૂહરચના તરીકે બિનજરૂરી ખર્ચની ઓળખ દર્શાવે છે?

(A) સંસ્થાની પ્રવૃત્તિઓની સમીક્ષા કરીને વર્તમાન ખર્ચ સંસ્થાના ઉદ્દેશ્યોની સરખામણીમાં યોગ્ય મૂલ્ય આપે છે કે નહીં તે નક્કી કરવું.

(B) કુલ ખર્ચ ઘટાડવા માટે તમામ વિભાગોમાં સમાન બજેટ કાપ લાગુ કરવો.

(C) સંસ્થાની ક્ષમતા વધારવા માટે તમામ પ્રવૃત્તિઓમાં રોકાણ વધારવું.

(D) ભવિષ્યની નાણાકીય પરિસ્થિતિ વધુ સ્પષ્ટ થાય ત્યાં સુધી ખર્ચ સંબંધિત નિર્ણયો મુલતવી રાખવા.

174. "ડિજિટલ ઈન્ડિયા મિશન" ને શાસન વ્યવસ્થામાં નવીનતાનું (Innovation in Governance) ઉદાહરણ કેમ માનવામાં આવે છે?

(A) તે મુખ્યત્વે આંતરિક વહીવટી કાર્યોને સરળ બનાવવા માટે ડિજિટલ સાધનોનો ઉપયોગ કરે છે.

(B) ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાહેર સેવાઓની ડિલિવરી, નાગરિકોની ભાગીદારી અને સુલભતામાં વધારો કરે છે.

(C) હાલની વહીવટી વ્યવસ્થામાં ફેરફાર કર્યા વિના માત્ર રેકોર્ડ અને પ્રક્રિયાઓનું ડિજિટાઇઝેશન કરે છે.

(D) મુખ્યત્વે સરકારી કર્મચારીઓની દેખરેખ માટે ટેકનોલોજીનો વિસ્તાર કરે છે.

175. "Financial Audit (નાણાકીય ઓડિટ)" મુખ્યત્વે શા માટે કરવામાં આવે છે?

(A) નાણાકીય વ્યવહારો યોગ્ય રીતે નોંધાયેલા છે અને લાગુ પડતા નિયમો તથા ધોરણોનું પાલન કરે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવા માટે.

(B) આવકના નવા સ્રોતોની ઓળખ કરીને સંસ્થાની પ્રવૃત્તિઓના વિસ્તરણની ભલામણ કરવા માટે.

(C) હાલની નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિઓને સ્વતંત્ર નિયંત્રણ વ્યવસ્થાથી બદલવા માટે.

(D) નાણાકીય કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓની એકંદર કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે.

176. સરકારી ખરીદીમાં ખર્ચ ઘટાડાને પ્રોત્સાહન આપતું Government e-Marketplace (GeM) મુખ્યત્વે કેવી રીતે બચત હાંસલ કરે છે?

(A) અધિકારીઓ અને એક પૂર્વ-પસંદ કરાયેલા વેચનાર વચ્ચે હાથથી (Manual) વાટાઘાટ કરીને.

(B) સ્પર્ધાત્મક ઈ-બિડિંગ, રિવર્સ ઈ-ઓક્શન અને અનેક વેચાણકારો વચ્ચે માંગના એકત્રીકરણ (Demand Aggregation) દ્વારા.

(C) નાણાં મંત્રાલય દ્વારા વેચાણકારોની ભાગીદારી વિના નક્કી કરાયેલી સ્થિર કિંમતો દ્વારા.

(D) ખરીદીને માત્ર એક નિર્ધારિત જાહેર ક્ષેત્રના સપ્લાયર સુધી મર્યાદિત રાખીને.

177. જનરલ ફાઇનાન્શિયલ રૂલ્સ (GFRs), 2017 મુખ્યત્વે સરકારમાં નાણાકીય શિસ્ત જાળવવામાં કેવી રીતે યોગદાન આપે છે?

(A) સરકારી વિભાગોમાં જાહેર ખર્ચ, ખરીદી (Procurement) અને નાણાકીય જવાબદારીઓના સંચાલન માટે વ્યાપક પ્રક્રિયાઓ અને નિયમો નક્કી કરીને.

(B) માત્ર પૂર્ણ થયેલ સરકારી પ્રોજેક્ટોના મૂલ્યાંકન માટે સ્વતંત્ર ઓડિટ ધોરણો પૂરા પાડીને.

(C) વિભાગોને કોઈ સામાન્ય નિયમો વગર પોતાની નાણાકીય પ્રક્રિયાઓ સંપૂર્ણ સ્વતંત્ર રીતે બનાવવાની છૂટ આપીને.

(D) માત્ર રક્ષા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખરીદી જેવા વિશિષ્ટ સરકારી ખર્ચના ક્ષેત્રોને નિયંત્રિત કરીને.

178. નીચેનામાંથી કયું નિવેદન શ્રેષ્ઠ રીતે સમજાવે છે કે નાણાકીય ઓડિટ (Financial Audit) જાહેર વહીવટમાં જવાબદારી (Accountability)ને, કેવી રીતે મજબૂત બનાવે છે?

(A) નાણાકીય નિર્ણયો માત્ર વહીવટી નિયંત્રણ હેઠળ રહે તેની ખાતરી કરીને અને બાહ્ય સમીક્ષા ટાળીને.

(B) જાહેર નાણાંના ઉપયોગની તપાસ કરતી સ્વતંત્ર ચકાસણી વ્યવસ્થા ઉભી કરીને અને જવાબદાર નાણાકીય વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપીને.

(C) વિભાગોને કામગીરીની જરૂરિયાત મુજબ નાણાકીય રેકોર્ડમાં ફેરફાર કરવાની વધુ છૂટ આપીને.

(D) માત્ર ભૂતકાળના ખર્ચના રેકોર્ડ પર ધ્યાન કેન્દ્રિત કરીને અને ભવિષ્યની નાણાકીય પ્રથાઓ પર કોઈ અસર કર્યા વગર.

179. "રાજકોષીય નીતિ (Fiscal Policy)" મુખ્યત્વે અર્થતંત્રને પ્રભાવિત કરવા માટે સરકાર કયા સાધનોનો ઉપયોગ કરે છે તેનો ઉલ્લેખ કરે છે?

(A) વ્યાજ દરો અને નાણાંનો પુરવઠો.

(B) માત્ર વિદેશી વિનિમય અનામત.

(C) ખાનગી ક્ષેત્રના વેતનનું નિયમન.

(D) કરવેરા (Taxation) અને જાહેર ખર્ચ (Public Expenditure).

180. આર્થિક મંદી (Economic Slowdown) દરમિયાન "પ્રતિચક્રીય (Counter-cyclical)" રાજકોષીય નીતિ હેઠળ સરકાર સામાન્ય રીતે શું કરશે?

(A) જાહેર ખર્ચમાં ઘટાડો કરશે અને કર વધારશે.

(B) જાહેર ખર્ચ વધારશે અને/અથવા કરમાં ઘટાડો કરશે જેથી કુલ માંગ (Aggregate Demand) વધે.

(C) આર્થિક પરિસ્થિતિ ગમે તેવી હોય, ખર્ચ અને કરવેરા બંનેમાં કોઈ ફેરફાર નહીં કરે.

(D) તમામ પ્રકારના જાહેર ઉધારને તરત જ સમાપ્ત કરી દેશે.

181. ભારતમાં FRBM Act (Fiscal Responsibility and Budget Management Act) નો મુખ્ય હેતુ શું છે?

(A) જવાબદાર ઉધાર, રાજકોષીય ખાધ (Fiscal Deficit) પર નિયંત્રણ અને ટકાઉ જાહેર દેવું (Public Debt) સુનિશ્ચિત કરીને નાણાકીય શિસ્ત જાળવવી.

(B) સરકાર દ્વારા તમામ પ્રકારનું ઉધાર સંપૂર્ણપણે બંધ કરવું અને દરેક પરિસ્થિતિમાં રાજકોષીય ખાધ દૂર કરવી.

(C) રાજ્યોની કરવેરાની સત્તા કેન્દ્ર સરકારને સોંપવી.

(D) વાર્ષિક બજેટ પ્રક્રિયાને દૂર કરીને લાંબા ગાળાની નાણાકીય યોજના અમલમાં મૂકવી.

182. સંકટ દરમિયાન આવકમાં અચાનક ઘટાડો થાય છતાં આવશ્યક કલ્યાણકારી ખર્ચ ચાલુ રાખતી સરકારને કયા પ્રકારના સમતોલન (Trade-off) નો સામનો કરવો પડે?

(A) જાહેર સહાયના પગલાં વધારવા અને લાંબા ગાળાની રાજકોષીય સ્થિરતા જાળવવા વચ્ચે.

(B) વહીવટી નિયંત્રણ વધારવા અને જાહેર જવાબદારી ઘટાડવા વચ્ચે.

(C) આયાત ઘટાડવા અને સ્થાનિક ઉત્પાદન વધારવા વચ્ચે, જેમાં બજેટ પર કોઈ અસર ન પડે.

(D) આવક વધારવી અને સરકારનો તમામ ખર્ચ સંપૂર્ણપણે દૂર કરવો.

183. જાહેર નાણાકીય વ્યવસ્થાપનમાં "રાજકોષીય જોખમ (Fiscal Risk)" નો અર્થ શું થાય છે?

(A) આવક, ખર્ચ અથવા જવાબદારીઓમાં અણધાર્યા ફેરફારોને કારણે સરકારની નાણાકીય સ્થિતિમાં ઊભી થતી અનિશ્ચિતતા.

(B) ખાનગી સંસ્થાઓને બજાર સ્પર્ધાના કારણે થતી નાણાકીય ખોટની શક્યતા.

(C) ઘરગથ્થુ આવક અને વપરાશમાં સમયાંતરે થતો ફેરફાર.

(D) સરકારની નીતિઓમાં ફેરફાર થવાનો જોખમ, પરંતુ જાહેર નાણાં પર કોઈ અસર ન થવી.

184. સરકાર માટેના એક મહત્વપૂર્ણ નાણાકીય જોખમ તરીકે "આકસ્મિક જવાબદારીઓ (Contingent Liabilities)" નો અર્થ શું થાય છે?

(A) જે ખર્ચ પહેલેથી જ થયો છે અને બજેટમાં નોંધાયો છે.

(B) સંભવિત નાણાકીય જવાબદારીઓ (જેમ કે લોન ગેરંટી), જે ભવિષ્યમાં કોઈ અનિશ્ચિત ઘટનાના આધારે ઊભી થઈ શકે કે ન પણ થઈ શકે.

(C) ભવિષ્યના વર્ષો માટે અગાઉથી વસૂલ કરાયેલી આવક.

(D) એવી જવાબદારીઓ કે જેના માટે ક્યારેય ચુકવણી કરવાની જરૂર પડવાની નથી.

185. સમષ્ટિ આર્થિક વ્યવસ્થાપન (Macroeconomic Management) માં, કઈ એવી વ્યવસ્થા સરકારની આવક અને ખર્ચને નવા કાયદા વિના આપમેળે સમાયોજિત કરીને આર્થિક વધઘટને નિયંત્રિત કરવામાં મદદ કરે છે?

(A) વિવેકાધીન રાજકોષીય પ્રોત્સાહન પેકેજો (Discretionary Fiscal Stimulus Packages)

(B) શૂન્ય-આધારિત બજેટિંગ (Zero-Based Budgeting)

(C) સ્વચાલિત સ્થિરીકરણ વ્યવસ્થાઓ (Automatic Stabilizers)

(D) કાયદેસર બાહ્ય ઓડિટ (Statutory External Audits)

186. નીચેનામાંથી કયું નિવેદન "રાજકોષીય એકત્રીકરણ (Fiscal Consolidation)" ને શ્રેષ્ઠ રીતે રજૂ કરે છે?

(A) ખર્ચનું વધુ સારું સંચાલન અને આવક વધારવાના પગલાં દ્વારા રાજકોષીય અસંતુલન ઘટાડવાનો સરકારનો આયોજિત પ્રયાસ.

(B) સરકારનો ખર્ચ વધારવા માટે સતત જાહેર ઉધાર વધારવાની વ્યૂહરચના.

(C) ખાનગી ક્ષેત્રના વિકાસ માટે તમામ કર દૂર કરવાની નીતિ.

(D) રાજકોષીય ખાધમાં કોઈ સુધારાત્મક પગલાં લીધા વગર સતત વધારો થવા દેવાની પદ્ધતિ.

187. કેન્દ્રીય બજેટ 2026-27 મુજબ, ભારતનો લક્ષ્યાંકિત રાજકોષીય ખાધ (Fiscal Deficit) કેટલો છે?

(A) જીડીપી (GDP) ના 4.4%
(B) જીડીપી (GDP) ના 3.5%
(C) જીડીપી (GDP) ના 5.8%
(D) જીડીપી (GDP) ના 4.3%

188. 16મી નાણાં આયોગ (16th Finance Commission) ના નાણાકીય માર્ગદર્શિકા (Fiscal Roadmap) મુજબ, કેન્દ્ર સરકારે 2030-31 સુધીમાં પોતાની રાજકોષીય ખાધ (Fiscal Deficit) ને કેટલા સ્તર સુધી લાવવાની ભલામણ કરવામાં આવી છે?

(A) જીડીપી (GDP) ના 3% સુધી.
(B) જીડીપી (GDP) ના 3.5% સુધી.
(C) જીડીપી (GDP) ના 4.3% સુધી.
(D) જીડીપી (GDP) ના 5% સુધી.

189. ભારતની તાજેતરની નાણાકીય વ્યૂહરચના (Fiscal Strategy) અનુસાર, રાજકોષીય એકીકરણ (Fiscal Consolidation) માટેનો મુખ્ય આધાર (Primary Anchor) કયો છે?

(A) માત્ર મોંઘવારી (Inflation)ને સ્થિર રાખવી એ જ નાણાકીય કામગીરીનું એકમાત્ર માપદંડ માનવું.

(B) સરકારના ઉધારને નિયંત્રિત કરવા માટે વિદેશી ચલણ ભંડાર (Foreign Exchange Reserves) માં વધારો કરવો.

(C) શેરબજાર (Stock Market) ના પ્રદર્શનને નાણાકીય સ્વાસ્થ્યનું મુખ્ય માપદંડ માનવું.

(D) ઋણ-થી-જીડીપી ગુણોત્તર (Debt-to-GDP Ratio)નું સંચાલન કરીને અને રાજકોષીય ખાધ (Fiscal Deficit) ના લક્ષ્યોને દીર્ઘકાલીન નાણાકીય સ્થિરતા (Long-term Fiscal Sustainability) સાથે સુસંગત રાખવા.



[Contd.

190. નાણાકીય જોખમ વ્યવસ્થાપન (Financial Risk Management) અને નિયમનકારી નીતિ (Regulatory Policy)ના સંદર્ભમાં, "પ્રણાલીગત જોખમ (Systemic Risk)" અને "વ્યક્તિગત અથવા વિશિષ્ટ જોખમ (Idiosyncratic Risk)" વચ્ચેનો મૂળભૂત તફાવત શું છે?

(A) પ્રણાલીગત જોખમ સમગ્ર નાણાકીય વ્યવસ્થા અથવા બજારના સંભવિત પતન સાથે સંબંધિત છે, જ્યારે વ્યક્તિગત (Idiosyncratic) જોખમ કોઈ એક ચોક્કસ સંપત્તિ (Asset), સંસ્થા (Institution) અથવા વિભાગ (Department) પૂરતું મર્યાદિત હોય છે.

(B) પ્રણાલીગત જોખમ માત્ર જાહેર વહીવટ (Public Administration) માં લાગુ પડે છે, જ્યારે વ્યક્તિગત જોખમ માત્ર કોર્પોરેટ ગવર્નન્સમાં લાગુ પડે છે.

(C) પ્રણાલીગત જોખમને સામાન્ય પોર્ટફોલિયો વૈવિધ્યકરણ (Portfolio Diversification) દ્વારા સંપૂર્ણપણે દૂર કરી શકાય છે, જ્યારે વ્યક્તિગત જોખમને દૂર કરી શકાતું નથી.

(D) પ્રણાલીગત જોખમ ટેક્નોલોજીકલ સોફ્ટવેરની નિષ્ફળતા માપે છે, જ્યારે વ્યક્તિગત જોખમ બજારની તરલતા (Market Liquidity) માપે છે.

191. સરકારની રાજકોષીય નીતિઓ (Fiscal Policies) ના અમલીકરણનું મૂલ્યાંકન કરતી વખતે, "રાજકોષીય ગુણક (Fiscal Multiplier)" ની સંકલ્પના ખાસ કરીને શું માપે છે?

(A) કેન્દ્રીય બેંકના નીતિ વ્યાજ દર (Policy Interest Rate) અને વ્યાપારી બેંકોના ધિરાણ વ્યાજ દર (Commercial Lending Rate) વચ્ચેનો ગુણોત્તર.

(B) સરકારી ખર્ચ (Government Spending) અથવા કરવેરા (Taxation)માં થયેલા ફેરફારના પરિણામે રાષ્ટ્રીય આવક (National Income) અથવા કુલ અર્થવ્યવસ્થાના ઉત્પાદન (Macroeconomic Output)માં થતા પ્રમાણસર ફેરફારને માપે છે.

(C) નાણાકીય વહીવટી આદેશો (Administrative Financial Orders) સ્કેલર ચેઇન (Scalar Chain) દ્વારા કેટલી ઝડપથી સંચારિત થાય છે તે માપે છે.

(D) વાર્ષિક બજેટમાંથી "Rule of Lapse" હેઠળ ફરજિયાત પરત જતી રકમની ટકાવારી માપે છે.

192. જો સરકાર પોતાના ખર્ચના નાણાં પૂરાં પાડવા માટે મોટા પ્રમાણમાં ટૂંકા ગાળાના ઋણ (Short-term Debt) જારી કરે, તો તે ઋણની મુદત પૂર્ણ થયા પછી નવા ઋણ દ્વારા તેને બદલતી વખતે (Roll-over) ઉધાર લેવાના ખર્ચમાં થતા વધઘટ માટે ખૂબ જ સંવેદનશીલ બની જાય છે. આ પ્રકારની નાણાકીય નબળાઈને શું કહેવામાં આવે છે?

(A) પુનઃધિરાણ જોખમ (Refinancing Risk અથવા Rollover Risk)

(B) ક્રેડિટ ડિફોલ્ટ સ્વેપ જોખમ (Credit Default Swap Risk)

(C) અપસ્ફીતિ ફસાવાનો જોખમ (Deflationary Trap Exposure)

(D) પ્રણાલીગત નૈતિક જોખમ (Systemic Moral Hazard)

193. મેક્રોઅર્થશાસ્ત્ર (Macroeconomics) અનુસાર, કટોકટી (Crisis) દરમિયાન રાજકોષીય નીતિઓનુ ભંડોળ પૂરું પાડવા માટે સરકાર દ્વારા સ્થાનિક નાણાકીય બજારોમાંથી અતિશય ઉધાર લેવામાં આવે તો તેનો મુખ્ય નાણાકીય જોખમ કયો છે?

(A) તે આપમેળે દેશના વિદેશી ચલણ ભંડાર (Foreign Exchange Reserves) ને સમાપ્ત કરી દે છે.

(B) "ક્રાઉડિંગ-આઉટ અસર (Crowding-out Effect)" સર્જાય છે, જેમાં સરકારની વધેલી ઉધાર માંગને કારણે વ્યાજ દરોમાં વધારો થાય છે અને ખાનગી ક્ષેત્રનું રોકાણ (Private Investment) ઘટે છે.

(C) તે કેન્દ્રીય બેંકના મોંઘવારી નિયંત્રણ (Inflation Targeting) ના કાનૂની અધિકારને તરત જ અમાન્ય બનાવી દે છે.

(D) તે ચાલુ ખાતામાં (Current Account) તાત્કાલિક વધારાનો (Surplus) સર્જન કરે છે.

194. જો સરકાર પોતાની રાજકોષીય ખાધ (Fiscal Deficit) ને નાણાં પૂરાં પાડવા માટે વિદેશી ચલણ (Foreign Currency) માં મોટા પ્રમાણમાં ઉધાર લેતી હોય, તો તેને કયા મુખ્ય નાણાકીય જોખમનો સામનો કરવો પડે છે?

(A) વ્યાજદરમાં થતા ફેરફારોને કારણે સ્થાનિક નાણાં પુરવઠા (Domestic Money Supply) ને નિયંત્રિત કરવામાં વધતી મુશ્કેલી.

(B) વિનિમય દર (Exchange Rate)માં થતા વધઘટના જોખમનો સામનો કરવો પડે છે, જેના કારણે દેવાનો બોજ (Debt Burden) અને દેવું ચૂકવવાનું દબાણ (Repayment Pressure) વધી શકે છે.

(C) સરકારની અતિશય બચત (Excessive Government Saving) ને કારણે ખાનગી રોકાણ (Private Investment) માં ઘટાડો.

(D) આંતરરાષ્ટ્રીય ભંડોળ (International Funds) ઉપલબ્ધ થવાને કારણે રાજકોષીય સ્થિરતા (Fiscal Stability) માં આપમેળે સુધારો.

195. સાર્વભૌમ નાણાકીય જોખમ (Sovereign Financial Risk) ના મૂલ્યાંકનમાં, દેવાની ટકાઉપણાની વિશ્લેષણ પ્રક્રિયા (Debt Sustainability Analysis – DSA) નો મુખ્ય હેતુ શું છે?

(A) સરકારી દેવું લાંબા ગાળે અતિશય રાજકોષીય દબાણ (Excessive Fiscal Stress) ઊભું કર્યા વિના અસરકારક રીતે સંચાલિત થઈ શકે છે કે નહીં તેનું મૂલ્યાંકન કરવું.

(B) સરકારને ભવિષ્યના વિકાસ ખર્ચ માટે ઉધાર લેવાની જરૂરિયાત સંપૂર્ણપણે દૂર કરવી.

(C) માત્ર સરકારી નાણાકીય સંસ્થાઓની કાર્યક્ષમતા (Operational Efficiency) નું મૂલ્યાંકન કરવું.

(D) જાહેર દેવાની જવાબદારી (Public Debt Responsibility) સરકાર પાસેથી ખાનગી નાણાકીય સંસ્થાઓને સોંપવી.

196. વૈશ્વિક ઊર્જા સંકટ (Global Energy Crisis) દરમિયાન સરકારો કેટલીક કંપનીઓ પર "વિન્ડફૉલ ટેક્સ (Windfall Tax)" લાદી શકે છે. આ કરનો મુખ્ય હેતુ શું છે?

(A) આર્થિક અનિશ્ચિતતા દરમિયાન ઊર્જા કંપનીઓનું બજાર મૂલ્ય (Market Value) વધારવું.

(B) બાહ્ય બજાર પરિસ્થિતિઓને કારણે પ્રાપ્ત થયેલા અસાધારણ નફા (Extraordinary Profits) માંથી સરકારને આવક પ્રાપ્ત થાય અને તેનો ઉપયોગ જાહેર હિત માટેની સહાયકારી યોજનાઓ (Public Support Measures)માં કરવામાં આવે.

(C) ઊર્જા કંપનીઓની ખાનગી માલિકીને દૂર કરીને સરકારી માલિકી સ્થાપિત કરવી.

(D) ઊર્જાની માંગ ઘટાડવા માટે ગ્રાહકો પર કરનો બોજ વધારવો.

197. રાજ્યોમાં લોકાયુક્ત (Lokayukta) સંસ્થાઓની અસરકારકતા સુનિશ્ચિત કરવામાં મુખ્ય પડકાર કયો છે?

(A) તમામ રાજ્યોમાં તેમની સત્તાઓ અને કાર્યપદ્ધતિમાં સંપૂર્ણ એકરૂપતા (Uniformity) હોવી.

(B) તેમની સ્થાપના માટે કોઈ કાનૂની માળખું (Legal Framework) જ ઉપલબ્ધ ન હોવું.

(C) તેમની ભૂમિકા માત્ર ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ સુધી મર્યાદિત હોવી.

(D) રાજ્યસ્તરીય કાનૂની જોગવાઈઓને કારણે તેમની સત્તાઓ, સંસાધનો (Resources) અને અમલીકરણ (Implementation)માં રહેલી ભિન્નતા (Variation).

198. લોકપાલ અને લોકાયુક્ત અધિનિયમ, 2013 (Lokpal and Lokayukta Act, 2013) હેઠળ જાહેર સેવક (Public Servant)ના જીવનસાથી (Spouse) અને આશ્રિત સંતાનો (Dependent Children) ની સંપત્તિ જાહેર કરવાની જોગવાઈનો મુખ્ય હેતુ શું છે?

(A) તમામ સરકારી કર્મચારીઓ માટે વહીવટી દસ્તાવેજીકરણ (Administrative Documentation) ની આવશ્યકતાઓમાં વધારો કરવો.

(B) પરિવારના સભ્યોના નામે સંપત્તિ છુપાવવાના દુરુપયોગને અટકાવવો અને જાહેર સેવામાં પારદર્શિતા (Transparency) મજબૂત બનાવવી.

(C) જાહેર સેવક દ્વારા લેવામાં આવેલા દરેક નિર્ણય માટે પરિવારના સભ્યોને કાનૂની રીતે જવાબદાર બનાવવું.

(D) નાણાકીય ગેરરીતિઓ (Financial Misconduct) ની સ્વતંત્ર તપાસ (Independent Investigation) ની જરૂરિયાત દૂર કરવી.



[Contd.

199. જો કોઈ રાજ્ય સરકાર ઘણા વર્ષો સુધી લોકાયુક્તની નિમણૂક (Appointment of Lokayukta) માં વિલંબ કરે, તો વહીવટી જવાબદારી (Administrative Accountability) ના દૃષ્ટિકોણથી તેની મુખ્ય અસર શું થાય છે?

(A) ભ્રષ્ટાચાર (Corruption) અને વહીવટી ગેરવહીવટ (Maladministration) સંબંધિત ફરિયાદોના નિવારણ માટેની સ્વતંત્ર વ્યવસ્થાની અસરકારકતા (Effectiveness) ઘટે છે.

(B) રાજ્યની આર્થિક અને વેપાર નીતિઓ (Economic and Trade Policies) ના અમલીકરણ પર અસર થાય છે.

(C) રાજ્યની ચૂંટણી દરમિયાન ચૂંટણી સંસ્થાઓ (Electoral Institutions) ની કામગીરી પ્રભાવિત થાય છે.

(D) અસંબંધિત ફોજદારી (Criminal) મામલાઓમાં અદાલતોની સત્તા (Authority) પર અસર થાય છે.

200. કોઈ વહીવટી અધિકારી (Administrator) અપ્રિય (Unpopular) નીતિ અમલમાં મૂકતી વખતે અસરગ્રસ્ત નાગરિકોની વાત ધ્યાનપૂર્વક સાંભળે છે, તેમની ચિંતાઓને સ્વીકારે છે, નિર્ણય પાછળના કારણો સ્પષ્ટ રીતે સમજાવે છે અને મતભેદ હોવા છતાં સહકારનું વાતાવરણ ઊભું કરે છે. આ મુખ્યત્વે કઈ ક્ષમતાનું પ્રતિબિંબ છે?

(A) આત્મજાગૃતિ (Self-awareness) - નિર્ણય લેતી વખતે પોતાની શક્તિઓ અને મર્યાદાઓને સમજવાની ક્ષમતા.

(B) સહાનુભૂતિ (Empathy) અને સામાજિક કૌશલ્ય (Social Skills) - અન્ય લોકોના દૃષ્ટિકોણને સમજવાની તથા સંબંધોનું અસરકારક સંચાલન કરવાની ક્ષમતા.

(C) સ્વ-પ્રેરણા (Self-motivation) - વહીવટી લક્ષ્યો હાંસલ કરવા માટે સતત પ્રતિબદ્ધ રહેવાની ક્ષમતા.

(D) ભાવનાત્મક નિયંત્રણ (Emotional Regulation) - સરકારી ફરજો બજાવતી વખતે પોતાના તણાવ અને લાગણીઓ પર નિયંત્રણ રાખવાની ક્ષમતા.